ડૉ. પ્રદ્યુમ્ન ભ. ખાચર

કાઠિયાવાડનો રાજદ્વારી ઇતિહાસ:

3

મૂળ લેખક,

પોપટલાલ લવજી ચુડગર

મુદ્રક-પ્રકાશક,

અમૃતલાલ દલપતભાઇ શેઠ

સૌરાષ્ટ્ર મુદ્રણાલય

૨૫ ગીબરોડ, રાણપુર.

કિમ્મત ૦-૬-૦

૧૫- ૬- ૧૯૨૨

Scanned by CamScanner

VISIT…

LANZAROTE Caliente.COM

ઈતિહાસ.

ડૉ. પ્રદ્યુમ્ન ભ. ખાચર

કારણ ભાવ.

એક જ કારણ આ પ્રસિદ્ધિનું છે. મુંબઇમાં આ પ્રસ્તકનું મૂળ જ્યારે પ્રસિદ્ધ થયું, ક્રોનીકલમાં કટકે કટકે તે છપાવા ત્યારે એકી અવાજે એની પ્રશંસા થએલી. મુંબઇના પ્રકારના લોકો, બેરીસ્ટરો અને સોલીસીટરો, જજો અને રીઓ, વેપારીઓ અને અન્ય સર્જનો દરેકના પાસે જઇએ તે કહે કે 'ક્રોનીકલ'ના એ લખાણો અમે વાંચીએ છીએ.

Scanned by CamScanner

. ઇતિહાસ અગાઉ કદિ રજૂ નથી થ
જનરીય અનેક ભાઇઓએ એમ પણ ટકોર ક
કે 'આવું ઉપયોગી સાહિત્ય ગુજરાતીમાં પ્રસિદ્ધ ન કર્યું તે
ભુલ કરી કહેવાય. હવે તો આપણે આખા આમવર્ગને તૈય
કરવાનો રહ્યો. તેની આથી અવગણના થઇ, પરંતુ એ સમયે
મ્હેણાં ગળી જવેજ છૂટકો હતો. એનો અનુવાદ કરવા જેટ
સમય ન્હોતો. એજ કારણે આજે આ અનુવાદ પ્રકાશ પામે છે

આ આખું ભાષાન્તર સૌરાષ્ટ્રના તંત્રીમંડળમાંના એક ભ
ચંદુલાલ નાનચંદ શાહે કર્યું છે. તેમનો આ પહેલોજ પ્રય
છે. અને ભાષા આખી કાયદાની છે. અને એ ભાઇ એ શાસ્ત્ર
સાવ નિર્દોષ છે. છતાં તેમણે ઠીક પ્રયત્ન કર્યો છે. તેમના એ પ્ર
ત્નની આ સ્થળે નોંધ લઉં છું.

શ્રી. પોપટભાઇએ, ભાષાંતર કરી પ્રકટ કરવાની પરવાન
આપી, તે માટે તેમનો આભાર માનું છું.

સૌરાષ્ટ્ર કાર્યાલય,
રાણપુર
૫-૮-૨૨
} અમૃતલાલ દલપતભાઇ શેઠ

કાઠિયાવાડનો રાજદ્વારી ઇતિહાસ.

પ્રકરણ ૧.

ભૂગોળ પરિસ્થિતિ.

૧. કાઠીયાવાડ એ કચ્છ અને ગુજરાત વચ્ચે આવેલો દ્વિપકલ્પ છે. એ પ્રાંતની ઉત્તરે કચ્છનો અખાત અને મોટું રણ, પશ્ચિમ તથા દક્ષીણે અરબી સમુદ્ર તથા પૂર્વે ખંભાતનો અખાત અને અમદાવાદ જીલ્લાનો કેટલોક ભાગ આવેલ છે.

રાજકીય વિભાગો.

૨ આ પ્રાંતમાં નીચેના મુલકો આવેલા છેઃ—

(૧) વડોદરાના નામદાર ગાયકવાડનો મુલક, જે અમરેલી અને ઓખામંડળ જીલ્લાના નામથી ઓળખાય છે.

(૨) બ્રિટીશ હિંદની સરકારના તાબાનો મુલક, જે ધંધુકા અને ઘોઘા તાલુકાના નામથી ઓળખાય છે, અને અમદાવાદ જીલ્લાની નીચે હોઇને મુંબઇ ઇલાકાનો ભાગ ગણાય છે.

(૩) પહેલા અને બીજા વર્ગના દેશી રાજ્યોના તાબાનો મુલક.

(૪) અમુક હદ સુધીજ દિવાની અને ફોજદારી ન્યાયના અધીકાર ધરાવનાર ત્રીજાથી સાતમા વર્ગ સુધીના રાજાઓના તાબાનો મુલક.

(૫) મુંબઈ સરકારની સીધી હકુમત નીચેનો મુલક, જે એજન્સીની હદ તરીકે ઓળખાય છે.

ડૉ. પ્રદ્યુમ્ન ભ. ખાચર

આ પત્રિકાના હેતુઓને માટે ઉપર પ્રમાણે આ પ્રાંતના વર્ગ પાડવા લેખકે યોગ્ય ધાર્યા છે.

ઉપરના દરેક વર્ગમાં હકુમતની સત્તાનું સ્વરૂપ અને વિસ્તાર.

૩. નામદાર ગાયકવાડના મુલક ઉપર વડોદરાની સરકાર અમલ ચલાવે છે, અને બ્રીટીશ જીલ્લાઓ ઉપર બ્રીટીશ હિંદની સરકાર અમલ ચલાવે છે; આપણે અત્રે તેમની સાથે કાંઇ સંબંધ નથી, સિવાય કે આ બે વર્ગમાં પ્રવર્તતા અમલનો પ્રકાર તે પ્રકાર અને બીજા ત્રણ વર્ગોમાં ચાલતા પ્રકાર વચ્ચેના બહોળા તફાવતનો ચિતાર આપવાના કામમાં લેવામાં આવે. પહેલા બે વર્ગોમાં અમલ સદનશીર અને જે કાયદો રચવામાં પ્રજા તેમના પ્રતિનિધિઓ દ્વારા વિસ્તૃત અને નિર્ણયાત્મક અવાજ ધરાવે છે, એવા કાયદાના આધારે સ્થપાયેલ છે, જ્યારે બીજા ત્રણ વર્ગો એટલે કે દેશી રાજ્યો અને એજન્સીની હદમાં બિલકુલ જહાંગીરી સત્તા-દેશીરાજ્યોમાં રાજાઓની અને એજન્સીની હદમાં કારોબારી સરકાર અથવા તો એકલા મુંબઇના ગવર્નરનીજ-પ્રવર્તે છે; જો કે આ બધા મુલકો બાજુ બાજુમાંજ આવેલા છે, અને બન્ને વર્ગના મુલકોની પ્રજાના રિવાજો, જીંદગીની રીતભાતો, તથા કેળવણીવિષયક અને બીજી યોગ્યતાઓ સદંતર એકજ છે.

૪. આપણને મુખ્યત્વે કરીને દેશી રાજ્યો અને એજન્સીની હદના એ ત્રણ વર્ગના મુલકો સાથે સંબંધ છે. પહેલા બે વર્ગના દેશી રાજ્યો પોતાના મુલકોમાં પોતાની રૈયતને માટે તેમના પોતાના જ કાયદા કાનુનો રચવાનો કુલ અખત્યાર ધરાવે છે. ત્રીજાથી સાતમા વર્ગ સુધીના બીજા પાંચ વર્ગના રાજ્યોનો અખત્યાર મર્યાદિત છે. તેમની સત્તા નીચે પ્રમાણે છેઃ—

ત્રીજા વર્ગના રાજ્યોના અખત્યાર.

ફોજદારી બાબતોમાં—સાત વર્ષની કેદની સજા અને રૂા. ૧૦૦૦૦ સુધીનો દંડ.

દિવાની બાબતોમાં—રૂા. ૨૦૦૦૦ ની કિંમત સુધીના દાવાઓ ચલાવવાનો.

ચોથા વર્ગના રાજ્યોના અખત્યાર.

ફોજદારી—ત્રણ વર્ષની કેદની સજા અને રૂા. ૫૦૦૦ સુધીનો દંડ.

દિવાની—રૂા. ૧૦૦૦૦ ની કિંમત સુધીના દાવાઓ.

પાંચમા વર્ગના રાજ્યોના અખત્યાર.

ફોજદારી—બે વર્ષની કેદની સજા અને રૂા. ૨૦૦૦ સુધીનો દંડ

દિવાની—રૂા. ૫૦૦૦ ની કિંમત સુધીના દાવાઓ.

છઠ્ઠા વર્ગના રાજ્યોના અખત્યાર.

ફોજદારી—ત્રણ માસની કેદની સજા અને રૂા. ૨૦૦ સુધીનો દંડ.

દિવાની—રૂા. ૫૦૦ ની કિંમત સુધીના દાવાઓ.

સાતમા વર્ગના રાજ્યોના અખત્યાર.

ફોજદારી—પંદર દિવસની કેદની સજા અને રૂા. ૨૫ સુધીનો દંડ.

દિવાની— કાંઈ જ અધીકાર નથી. (જુઓ કાઠીયાવાડ એજન્સી ગૅઝેટ, તા. ૧૪–૬–૧૮૬૬ વૉ. ૪, પા. ૯૫.)

૫. આ મુલકોમાં ઉપર જણાવેલી હદથી ઉપરાંતની સત્તા એજન્સીના પોલીટીકલ ઓફીસરો મારફત મુંબઇની સરકાર ભોગવે છે.

૬. એજન્સીની હદમાં મુંબઈની સરકાર નિરંકુશ અમલની સત્તા ભોગવે છે.

૭. ઉપર જણાવ્યા મુજબ પહેલા અને બીજા વર્ગના રાજ્યો તેમના પોતાના જ કાયદાકાનુનો ઘડવાની સત્તા ધરાવે છે.

Scanned by CamScanner

આ કાયદાકાનુનો ચાલતા સમયના રાજાની મનની ખુશી પ્રમાણે રચવામાં આવે છે, જે રાજા કાયદા રચવામાં અને તેમનો અમલ કરવામાં કોઇને જવાબદાર હોતો નથી. તે પોતાની ખુશી પ્રમાણે ગમે તે વખતે કાયદો ઘડી તેમજ રદ કરી શકે છે, અને મુખેથી અગર લખીતવાર પ્રદર્શિત કરવામાં આવેલી તેની ઇચ્છા કાયદો બને છે; રાજાની તે ઇચ્છા કોઈપણ બાબત કે કોઇપણ વ્યક્તિના સંબંધમાં હૈયાતી ધરાવતા કોઇપણ કાયદાને વિસારી મુકતી હોય, કે તેની ઉપરવટ જતી હોય તેની ચિંતા નહીં.

આ રાજ્યોએ સામાન્ય રીતે કેટલાક બ્રીટીશ કાયદા કાનુનોને ...ની ખાસ જરૂરીયાતો અનુસાર ફેરફારો કરીને પોતાના તરીકે ...કાર્યાં છે; અને કેટલાક કહેવાતા આગળ વધેલા અગર સુધરેલા ...જ્યોએ થોડાક કાયદાના પુસ્તકો તેમના પોતાના જ ઘડી કાઢયા છે.

૮. બીજા વર્ગ નીચેના રાજ્યોની પરિસ્થિતિ વિચિત્ર અને ગુંચવણ ભરેલી છે. ૨૦૦ થી ૩૦૦ માણસોની વસ્તીવાળા ભાગ્યેજ બે ગામડાઓની માલીકી ધરાવનાર, અને લગભગ હસવા સરખી સત્તા ધરાવનાર છટ્ઠા અને સાતમા વર્ગ જેવા રાજ્યો સહિત આ બધા રાજ્યોને તેમની સત્તાઓની હદ સુધીમાં તેમના પોતાના જ કાયદા અને કાનુનો રચવાની સત્તા હોવાનું માનવામાં આવે છે, અને એ રાજ્યોની સત્તાઓની હદ ઉપરાંતની બાબતોમાં એજન્સી અધીકારીઓ તેમની પોતાની સત્તાનો અમલ કરવામાં આ કાયદાઓને અમલમાં મુકવાને બંધાયલા હોવાનું માનવામાં આવે છે. આ બાબતમાં પુષ્કળ ગોટાળો છે; અને આ રાજ્યો માટે કાયદાઓ ઘડવામાં એ રાજ્યોની કેટલી સત્તા છે અને મુંબઇ સરકારની કેટલી સત્તા છે, તે સંબંધી આજની ઘડી સુધી કાંઇ સ્પષ્ટ અને ચોક્કસ ખુલાસો થયેલ નથી.

૯. હાલની પરિસ્થિતિ આ પ્રમાણે છે. જ્યારે જ્યારે મુંબઇ સરકારને આ રાજ્યોને માટે કોઇ કાયદો ઘડવાનું અગર પોતાનો જ કાયદો તેમને લાગુ કરવાનું યોગ્ય લાગે, ત્યારે ત્યારે એ રાજ્યો તેમના પોતાના મુલકમાં તેનો અમલ કરવાને બંધાયેલા માનવામાં આવે છે. જ્યારે જ્યારે આ રાજ્યો પોતાને માટે કોઈ કાયદો ઘડવાની ઇચ્છા કરે, ત્યારે મુંબઈની સરકાર ચહાય તો તેને મંજુર કરે અગર નામંજુર કરે.

૧૦. આ રાજ્યોની પોતાની સત્તા ઉપરાંતની બાબતોમાં જે હકુમત મુંબઈ સરકાર તેમની ઉપર ચલાવે છે, તેને "અવશેષ હકુમ... (Residuary Jurisdiction) કહે છે. આ હકુમતના પ્ર...ને સંબંધમાં પુષ્કળ મતભેદ છે. કેટલાક અધીકારીઓ જણાવે છે, કે આ હકુમત માનવામાં આવેલ અગર ધારી લેવામાં આવેલ ... રાજાઓના પોતાનાજ તરફના પ્રતિનિધિત્વની રૂએ તેમની વતીજ ચલાવવામાં આવતી હકુમત છે; બીજાઓ જણાવે છે, કે તે તેમના પોતાનાજ હક્કથી બ્રીટીશ સરકારની માલીકીની છે, અને બ્રીટીશ સરકાર તરફથી ગ્રાન્ટ તરીકે તેમને મળેલી મર્યાદિત સત્તા તેમને આપવામાં આવ્યા પછી તેમણે (બ્રીટીશ સરકારે) જે કાંઇ રાખી લીધેલ છે, તે એ છે. આ સવાલનો કદી સત્તાવાર રીતે નિર્ણય થયોજ નથી, અને આજના દિવસ સુધી તે પ્રશ્ન ઉભોજ રહ્યો છે.

૧૧. આ રાજ્યો અને એજન્સીની હદોને ચાર ભાગોમાં વહેંચી નાખવામાં આવેલ છે, જે પ્રાંતો તરીકે ઓળખાય છે. ઝાલાવાડ, હાલાર, સોરઠ અને ગોહિલવાડ એ ચાર પ્રાંતો છે.

૧૨. પહેલા અને બીજા વર્ગના રાજ્યોએ રોકેલ હદનું ક્ષેત્રફળ આશરે ૧૫૦૦૦ ચોરસ માઇલ છે, અને તેની વસ્તી આશરે ૧૭ લાખ માણસની છે. ત્રીજાથી સાતમા વર્ગના રાજ્યોએ રોકેલ

ડૉ. પ્રદ્યુમ્ન ભ. ખાચર

Scanned by CamScanner

હદનું ક્ષેત્રફળ આશરે ૩૦૦૦ ચો. માઇલ, અને વસ્તી આશરે બે લાખ માણસની છે. એજન્સીની હદનું ક્ષેત્રફળ આશરે ૨૩૦૦ ચો. માઇલ અને વસ્તી આશરે અઢી લાખની છે.

૧૩. હાલમાં બધા મળીને આશરે ૬૬ રાજ્યો છે, જેમાંના સાત પહેલા વર્ગમાં, સાત બીજા વર્ગમાં, આઠ ત્રીજા વર્ગમાં, નવ ચોથા વર્ગમાં, પંદર પાંચમા વર્ગમાં, સત્તર છઠ્ઠા વર્ગમાં અને ત્રણ સાતમા વર્ગમાં છે.

૧૪ એજન્સીની હદના થાણા સર્કલો અને સીવીલ સ્ટેશનો તરીકે ઓળખાતા ઉપવિભાગો પાડી શકાય. એજન્સી અધિકારીઓના નીચેના વર્ગો છેઃ—

(૧) દરેક પ્રાંતમાં એક પોલીટીકલ એજન્ટ, એક ડેપ્યુટિ પોલીટીકલ એજન્ટ અને કેટલાક થાણદારો હોય છે પ્રાંતના દરેક સર્કલ દીઠ અકેકેક થાણદાર હોય છે.

(૨) એ બધાની ઉપર એક અમલદાર છે, જે એજન્ટ ટુ ધિ ગવર્નર તરીકે ઓળખાય છે, અને જેનું મુખ્ય સ્થાન પ્રાંતની મધ્યમાં રાજકોટ ખાતે છે.

૧૫ દરેક પ્રાંતની મુખ્ય બેઠકને સિવીલ સ્ટેશન કહેવામાં આવે છે. ઝાલાવાડનું સિવીલ સ્ટેશન વઢવાણ, હાલારનું રાજકોટ, સોરઠનું જેતલસર અને ગોહેલવાડનું સોનગઢ છે. દરેક પ્રાંતના પોલીટીકલ એજન્ટો અને ડેપ્યુટિ પોલીટીકલ એજન્ટોની ઓફીસો તે પ્રાંતના સિવીલ સ્ટેશનોમાં હોય છે, અને થાણદારોને થાણા સર્કલોના મુખ્ય ગામોમાં મુકવામાં આવ્યા હોય છે.

૧૬ દરેક પ્રાંતનો પોલીટીકલ એજન્ટ તેના પ્રાંતમાં આવેલા દેશી રાજ્યોના સંબંધમાં બ્રીટીશ સરકારના એલચી તરીકે વર્તે છે.

દેશી રાજ્યો સાથેના તેના બધા કામકાજોમાં તે એજન્ટ ટુ ધી ગવર્નરથી ઉતરતા દરજ્જાનો અને તેના કાબુ નીચે હોય છે, તેમજ એજન્ટ ટુ ધી ગવર્નર વળી મુંબઇની સરકારને જવાબદાર રહે છે. દેશી રાજ્યોના આંતરિક વ્યવહારોમાં એલચી તરીકે દખલગીરી કરવાની પોલીટીકલ એજન્ટની સત્તાઓની કદી સ્પષ્ટ વ્યાખ્યા આપવામાં આવી નથી, અને તે હંમેશા સર્વોપરી સત્તાની બદલાતી જતી રાજનીતિ અનુસાર બદલાયા કરે છે, અને એ રાજનીતિની નિયામક સમયાનુચિત દૃષ્ટિ સિવાય બીજી કોઈ દૃષ્ટિ હોતી નથી. વળી તે સત્તાઓ કોઇ અમુક પોલીટીકલ એજન્ટની શક્તિ, અને તેને જે રાજકર્તાની સાથે કામ લેવાનું હોય, તે રાજકર્તાની નિર્બળતાના પ્રમાણમાં ફેરફાર પામે છે. દાખલા તરીકે જો કોઇ રાજકર્તા નિર્બળ હોય, અને પોલીટીકલ એજન્ટ શક્તિવાન હોય, તો તે પોલીટીકલ એજન્ટ તે રાજકર્તાના અગર તેના કુટુંબના કોઇપણ માણસના સગપણ કે લગ્નના કામમાં તેમજ રાજ્યના નાનામાં નાના અધીકારીની નિમણુંક કે બરતરફીના કામમાં પોતાના નિર્ણયાત્મક અવાજનો હક્ક હોવાનો દાવો કરશે, અને અમલમાં મૂકશે. પણ જો કોઇ રાજકર્તા શક્તિવાન હોય, તો તે પોતાની રૈયતને હેરાન કરે, સંખ્યાબંધ પ્રજાજનોની તમામ મિલકત લૂંટી લે, મરજીમાં આવે તો તેમને કેદમાં નાંખે અને તેમને અનિશ્ચિત કાળ પર્યંત કેદમાં પૂરી રાખે છતાં પોલીટીકલ એજન્ટ વચમાં પડવાની હિંમત કરી શકે નહિ.

૧૭. ઉપરની હકીકત પહેલા અને બીજા વર્ગના રાજ્યોના આંતરિક વ્યવહારોમાં વચ્ચે પડવાની પોલીટીકલ એજન્ટની સત્તાના સંબંધમાં છે.

૧૮. પોલીટીકલ એજન્ટ એક બીજા પ્રકારની સત્તાઓ ધરાવતો માનવામાં આવે છે; તે સત્તાઓ એક બીજા રાજ્યો

Scanned by CamScanner

વચ્ચેના વાંધાઓનો નિકાલ કરવાની અને એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં મોકલાતા ગુન્હેગારોની વ્યવસ્થા કરવાની છે.

૧૯. ત્રીજા પ્રકારની સત્તાઓ ત્રીજા અને તેથી ઉતરતા વર્ગના રાજ્યો ઉપર અવશેષ હકુમત "Residuary Jurisdiction" ચલાવવાની છે. એલચી તરીકે વચ્ચે પડવાની તેની સત્તાઓ, જે પહેલા બે વર્ગો કરતાં બાકીના વર્ગોમાં ઘણી મોટી હોય છે, તે ઉપરાંત આ સત્તાઓ છે.

૨૦. ચોથા પ્રકારની સત્તાઓ "એજન્સીની હદ" તરીકે ઓળખાતા મુલકોમાં કારોબારી અને ન્યાય સંબંધી વહિવટ ચલાવવાની છે. આ સત્તાઓના કારોબારી વિભાગમાં તે સગીરોની ઘણીએક જાગીરોનો વહીવટ કરે છે, ખંડણીઓ, અને સંખ્યાબંધ બીજા વેરા અને લ્હેણાઓ ઉઘરાવે છે, મ્યુનિસિપલ બાબતો ઉપર દેખરેખ રાખે છે, ગિરાસીયાઓના પુત્રોની કેળવણીનો બંદોબસ્ત કરે છે અને પોતાની હકુમતમાંના બધા જાગીરદારો તથા ગરાસીયાઓના ગૃહવ્યવહાર સંબંધી અને બીજી દરેક બાબતોમાં ધ્યાન આપે છે. વસ્તુતઃ તે આ ક્ષેત્રોમાંની દરેક વસ્તુઓનો સર્વ સત્તાધિકારી છે. તે ધારે છે, કે તેની સત્તાઓ અનંત અને અમર્યાદ છે, અને જો કે તે શબ્દથી અગર દેખાવમાં એજન્ટ ટુ ધિ ગવર્નરને જવાબદાર છે, તોપણ પોલીટીકલ એજન્ટે પસાર કરેલા હુકમોમાં એજન્ટ ટુ ધિ ગવર્નર ભાગ્યે જ વચમાં પડે છે, કેમકે તેના મોભાની ગણના બીજી દરેક વસ્તુઓથી ઉચ્ચતર ગણવામાં આવે છે, અને બીજી બધી ગણનાઓની સામે તેનું જ ચાલવું જોઇએ.

આ કારોબારી વ્યવહારોનો અમલ કરવામાં તે ડેપ્યુટિ પોલીટીકલ એજન્ટની સહાય લે છે.

તેની સત્તાઓના ન્યાય વિભાગમાં તે ફોજદારી બાબતોમાં પોતાના પ્રાંતનો ડિસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ છે, અને દિવાની બાબતોમાં ડિસ્ટીક્ટ જજની બધી સત્તાઓ ધરાવે છે, કેમકે તેના પ્રાન્તને માટે પ્રાથમિક દિવાની ન્યાયની મુખ્ય અદાલત તે પોતે છે. આ સત્તાઓની રૂએ ફોજદારી મુકદ્દમાઓમાં તે થાણદારોના હુકમોની સામે અપીલો સાંભળે છે, અને રૂા. ૫૦૦૦ થી વધારેની કોઇ પણ રકમના દિવાની દાવાઓ ચલાવે છે.

આ સત્તાઓ ઉપરાંત ન્યાયને મળતા પ્રકારની અમુક બીજી સત્તા તે ધરાવે છે, જેની રૂએ તે જેને રાજદ્વારી દાવાઓ કહેવામાં આવે છે, તે સાંભળે છે. રાજદ્વારી દાવાઓ એટલે જેની અંદર બેમાંથી એક પક્ષ ચોથા વર્ગ સુધીનો કોઇ હકુમતી રાજકર્તા હોય છે, અથવા જેમાં કોઇ પણ વર્ગના ખંડીયા રાજાઓના રાજહક્ક, હકુમત, ખંડણી અને તેને લગતી લેણદેણો, રાજકુટુંબના માણસોના ભરણપોષણ વગેરેને લગતા વાંધાઓ ઉભા કરવામાં આવ્યા હોય.

૨૧. પોલીટીકલ એજન્ટ તરીકે ઓળખાતા અધીકારીની એ પ્રમાણે સત્તાઓ હોય છે. જોકે તેની સત્તાઓ એટલી બધી વિસ્તીર્ણ અને ભિન્ન ભિન્ન હોય છે, અને તેના ઉપર લાખો મનુષ્યોની આબાદીનો આધાર રહે છે, તોપણ તે એક નિયમ તરીકે જેનો લશ્કરમાં કાંઇ ખપ ન હોય, એટલે કયાંઇક પણ ગોઠવી આપવો જોઇએ એવો એક લશ્કરી અમલદાર હોય છે. રાજવહિવટને લગતા બિલકુલ કાંઇ પણ અનુભવ વિના તે આવે છે, અને તે ન્યાય અને કાયદાના મૂળ તત્વોથી પણ સદંતર બિનવાકેફ હોય છે, અને છતાં ડીસ્ટીક્ટ મેજીસ્ટ્રેટ અને ડીસ્ટ્રીક્ટ જજ તરીકેની ફરજો દક્ષતાથી બજાવવાને અને કાયદાના બહુજ ગુંચવણ ભરેલા સવાલોનો નિર્ણય કરવાને માટે તેને સમર્થ માની લેવામાં આવે છે.

Scanned by CamScanner

આવી શાસનપદ્ધતિની અસંખ્ય અને અસહ્ય બદીઓનું વધારે વિગતવાર વર્ણન હવે પછી આપવામાં આવશે.


૨૨. ડેપ્યુટિ પોલીટીકલ એજન્ટ, પોલીટીકલ એજન્ટની કારોબારી ફરજોને પાર ઉતારવામાં તેનો મદદનીશ હોવાનું માનવામાં આવે છે, અને ન્યાયની બાબતોમાં તેની સત્તા સેકન્ડ કલાસ સબોર્ડીનેટ જજ અને ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટના જેટલી છે.

થાણદારને પણ થર્ડ કલાસ મેજીસ્ટ્રેટની સત્તા આપવામાં આવેલીછે, અને રૂા. ૫૦૦ ની કિંમત સુધીના દિવાની દાવાઓ સાંભળવાનો તેને અખત્યાર છે.

૨૩. આ બધા અધિકારીઓની ઉપર એજન્ટ ટુ ધિ ગવર્નર છે, જેને આખા પ્રાન્તના બધા રાજ્યો ઉપર સત્તા છે, અને જે બધા એજન્સી અધીકારીઓ ઉપર અપીલ સાંભળનાર અધિકારી છે. તે એજન્સીની નાણાવિષયક બાબતોનો વહિવટ ચલાવે છે. તેને જ્યુડીશિયલ આસિસ્ટંટ કરીને એક મદદનીશ હોય છે, જે દિવાની, ફોજદારી અને રાજદ્વારી મુકદ્દમાઓમાં અપીલો સાંભળે છે, (જ્યારે તેની પાસે લઈ જવામાં આવે ત્યારે) અને કાઠીયાવાડની ફોજદારી ન્યાયની મુખ્ય અદાલત, જેને સેશન્સ જજની સત્તાઓ છે, તેનો એ પ્રમુખ છે.

૨૪. એજન્સીની આ બધી અદાલતોમાં ચલાવવામાં આવતા કાયદા એ કાંઇ બ્રીટીશ હિન્દના ન્યાયશાસ્ત્રનાજ કાયદાઓ નથી, પણ તે કાયદાઓ કાંતો શબ્દશઃ અથવાતો ફેરફારો સાથે ઉપયોગમાં લેવામાં આવ્યા છે, અને મુંબઇ સરકારના જાહેરનામાઓથી લાગુ કરવામાં આવે છે. મુંબઈ સરકાર પોતાની ખુશીમાં આવે તે કાયદો ઘડવાની અગર રદ કરવાની સંપૂર્ણ, સદંતર અને અબાધિત સત્તાઓનો દાવો કરે છે, અને કદાચ હિન્દની કારોબારી સરકાર સિવાય બીજા કોઇની પણ જવાબદારી સ્વીકારતી નથી.

ટુંકામાં કાઠીયાવાડની હાલની પરિસ્થિતિ, અને ત્યાં ચાલતા અમલનો પ્રકાર ઉપર પ્રમાણે છે. વાંચકો સમજી શકયાજ હશે, કે ત્રણે વર્ગના મુલકોમાં પરિસ્થિતિ સરખીજ છે, અને પૂરેપૂરા જહાંગીરી અમલ કરતાં જરા પણ ઉતરતી નથી.



પ્રકરણ ૨.

પુરાતન ઇતિહાસ, તથા હાલની પરિસ્થિતિનો વિકાસ અને વૃદ્ધિ.

૨૫. કાઠીયાવાડમાં બ્રિટીશ અમલ હાલની પરિસ્થિતિએ પહોંચતા જે જે બનાવો બન્યા, તે બરાબર સમયાનુક્રમે નક્કી કરવા એ ખરેખર ઘણું મુશ્કેલ છે, કેમકે ઘણાખરા અગત્યના દસ્તાવેજોને ગુપ્ત રાખવામાં આવેલ છે, અને જાહેર પ્રજાની નજરથી સંભાળપૂર્વક સંતાડી રાખવામાં આવ્યા છે, એટલે આ લેખકે પોતાને મળી શકતા સાધનોની મદદથી જેટલો સુસંબદ્ધ ચિતાર આપી શકાય તેટલો આપવાનો પ્રયાસ કર્યો છે.

૨૬. એવું જણાય છે, કે આ પ્રાંત સાથે અંગ્રેજ લોકોનો પ્રથમ સમાગમ ઇ. સ. ૧૮૦૨ માં શરૂ થયો. તે પહેલા આ પ્રાંત એક બીજાથી સ્વતંત્ર એવા સંખ્યાબંધ રાજ્યોનો બનેલો હતો. દરેક રાજ્ય પર જુદા જુદા રાજાઓ અમલ ચલાવતા, પણ કાંઇક પેશ્વાને, તથા કાંઇક વડોદરાના ગાયકવાડને ખંડણી ભરતા.

ડૉ. પ્રદ્યુમ્ન ભ. ખાચર

Scanned by CamScanner

૨૭. કાઠીયાવાડના રાજ્યો ઉપર મરાઠા સરકારોના શું શું હક્કો હતા, તેનું બરાબર વર્ણન આપવાનો કોઇએ કદી કાંઇ પ્રયત્ન કર્યો નથી. એવું કહેવાય છે, કે તેઓ જેટલા પુરતું સહેલાઇથી માગી શકતા, અને સત્તાપૂર્વક મેળવી શકતા, તે ઉપરાંત તેમને બિલકુલ કાંઇજ હક્ક હતા નહિ.

૨૮. ઇ. સ ૧૮૦૨ માં પેશ્વાએ કોલકરારો કરીને પોતાના હક્કો ઇસ્ટ ઇન્ડીયા કંપનીને સ્વાધીન કર્યા. ૧૮૦૭માં જ્યારે પેશ્વાના હક્કો સંપૂર્ણપણે નહિ, પણ અંશતઃ સ્વાધીન કરવામાં આવ્યા હતા, અને ગાયકવાડના હક્કો સંપૂર્ણ અમલમાં હતા, ત્યારે તે વખતના વડોદરાના રેસિડન્ટ કર્નલ વૉકરે, પોતાના અને ગાયકવાડના લશ્કરો સાથે કાઠીયાવાડ તરફ પ્રયાણ કર્યું. એ સમયમાં ગાયકવાડની ખંડણી વસુલ કરવાને માટે વખતો વખત મુલુકગીરી સવારીઓ કાઢવામાં આવતી. આ સવારીઓના કારણે આખો દેશ પાયમાલ થઇ જતો, અને ખંડણીની રકમ તેના ખર્ચમાં તણાઇ જતી. આ મુલુકગીરી સવારીઓ બંધ કરીને, તે સિવાય જ ગાયકવાડ સરકારના હક્કો ભરી આપવાના કાયમી કોલકરારમાં ઉતરવા માટે રાજાઓને સમજાવવાનો, તેમજ અરસપરસ હુમલાઓ અને લુંટફાટ કરવા નીકળતા ધાડાઓને અટકાવવા માટે તેમની પાસેથી જામીનગીરી મેળવવાનો કર્નલ વૉકરનો ઉદ્દેશ હતો. કર્નલ વૉકરે ગાયકવાડ સરકાર અને કાઠીયાવાડના રાજાઓ વચ્ચે સમાધાન કરી આપ્યું, જેને માટે એટલુંજ કહેવું બસ થશે, કે તેનાથી અરસપરસ જામીનગીરીની પદ્ધતિથી દરેક રાજ્ય તરફથી મુકરર કરેલી ખંડણી મળે, કંપની ખંડણી વસુલ કરે, અને ગાયકવાડનું જે લહેણું હોય, તેનો હિસાબ તેને આપે, મુલુકગીરી ચઢાઇઓ બંધ પડે, અને રાજ્યોમાં અરસપરસ શાન્તિ અને વ્યવસ્થા જળવાય એટલું નક્કી થયું.

૨૯. ૧૮૧૭ માં બાકીના જે કાંઇ હક્કો કાઠિયાવાડ ઉપર પેશ્વા ધરાવતો, તે બધા ઇસ્ટ ઇન્ડીયા કંપનીને સ્વાધીન કરી દેવામાં આવ્યા; ત્યાં સુધી ઉપરની ગોઠવણો પ્રમાણે ચલાવવામાં આવતું. પરંતુ કર્નલ વૉકરે ૧૮૦૭ માં કરેલી ગોઠવણો સંપૂર્ણ રીતે ફત્તેહમંદ ન નિવડી, અને જ્યાંસુધી વડોદરાનો બ્રીટીશ રેસિડન્ટ કામકાજ ચલાવતો, ત્યાં સુધી રાજાઓ તેમના કોલકરારો પ્રમાણે પ્રમાણીકપણે વર્તતા નહિ. ૧૮૨૦ માં કાઠિયાવાડ ઉપરના ગાયકવાડના હક્કો એક કરારનામું કરીને મેળવી લેવામાં આવ્યા, અને ત્યારપછીથી કાઠિયાવાડનું કામકાજ વધારે સગવડથી અને નિયમીત રીતે ચલાવવાને માટે સને ૧૮૨૨ માં પોલીટીકલ એજન્ટ કરીને એક કાયમનો અમલદાર રાજકોટ ખાતે સ્થાપવામાં આવ્યો.

૩૦. ૧૮૨૨ થી ૧૮૩૦ સુધી મુકરર કરેલી ખંડણી વસુલ કરવાના અને એ ખંડણીની સલામતી અર્થે જરૂર પડે, તેવા પગલા લેવાની સત્તા સિવાય બીજા કાંઇજ હક્કો ધરાવવામાં કે ભોગવવામાં આવતા ન હતા. કાઠિયાવાડના બધા ખંડીયા રાજાઓને સ્વતંત્ર રાજાઓ તરીકે ગણવામાં આવતા; તેઓ તેમના પોતાના મુલકોમાં અમલ ચલાવવાની સત્તા અબાધિતપણે ભોગવવાને હક્કદાર હતા, અને માત્ર કંપનીની રૈયતને, મિત્રરાજ્યોને અને એક બીજાને ન સતાવવાને, તથા ગાયકવાડની અને કંપનીની મુકરર કરેલી ખંડણી ભરવાને તેઓ બંધાયલા હતા. સન ૧૮૩૦ સુધી આ પરિસ્થિતિ હતી.

૩૧. સન ૧૮૩૦ માં એવું જણાયું, કે દેખીતી રીતે કેટલાક રાજાઓની નબળાઇને લીધે આખા પ્રાન્તમાં ભારે અવ્યવસ્થા ચાલી રહી હતી. આથી મુંબઇની સરકારે ગુજરાતના પોલીટીકલ કમીશનરને ફરમાવ્યું કે તેણે વર્ષમાં બે વખત કાઠિયાવાડની મુલાકાત લેવી અને જે નાના રાજ્યોના રાજાઓ દેહાન્ત દંડને યોગ્ય ગુન્હા કર-

Scanned by CamScanner

નાર તહોમતદારોને સજા ન ફરમાવી શકે એટલા નિર્બળ હોય, તેમના મુલકોમાં તેવા ગુન્હેગારો પર કામ ચલાવવું. આ ગોઠવણ ૧૮૩૪ માં કંપનીના ડીરેક્ટરોની કચેરીએ પસંદ કરીને મંજુર રાખી. તે ઉપરથી એક અદાલત કાયમને માટે સ્થાપવામાં આવી. તેનો પ્રમુખ પોલીટીકલ એજન્ટ રહેતો, અને તેને ત્રણ કે ચાર રાજાઓ કે તેમના પ્રતિનિધિઓ આસેસરો તરીકે મદદ કરતા.

૩૨. કાઠીયાવાડમાં અમલ ચલાવવાને લગતું એક અગત્યનું કામકાજ અને સીધો વહીવટ માથે લેવાનો આ પહેલોજ દાખલો હતો. આ અદાલત આજના દિવસ સુધી ચાલુ રહી છે, જો કે તેના બંધારણમાં વખતોવખત ફેરફારો કરવામાં આવ્યા છે, અને હાલમાં તેને "ચીફ કોર્ટ ઑફ ક્રીમીનલ જસ્ટીસ ઇન કાઠીયાવાડ" એટલે કે કાઠીયાવાડમાં ફોજદારી ન્યાયની મુખ્ય અદાલત કહેવામાં આવે છે.

૩૩. સન ૧૮૫૭–૫૮ માં વાડાસીનોર (રેવાકાંઠા) ના બાબીએ સોરઠના રાણાના ત્રણ પ્રજાજનો પર ખુનના આરોપસર કામ ચલાવ્યું, તે કયા સંયોગોમાં ચલાવવામાં આવ્યું હતું તે બાબતમાં સરકારે તપાસ શરૂ કરી, અને ઇલાકાના રાજાઓ દેહાન્ત દંડને યોગ્ય ગુન્હાઓ ઉપર જે હકુમત ચલાવતા, તેમને નીચે પ્રમાણે બે વર્ગોમાં વહેંચી દઇને, તેમની હકુમત વિધિપૂર્વક સ્વીકારવાની તક લીધી:—

(૧) જેઓ બ્રીટીશ પ્રજા સિવાયના કોઇ પણ માણસ પર પોલીટીકલ એજન્ટની રજા સિવાય દેહાન્ત દંડને યોગ્ય ગુન્હાઓ માટે કામ ચલાવી શકે તેઓ.

(૨) જેઓ માત્ર પોતાનીજ પ્રજાના માણસો પર પોલીટીકલ એજન્ટની સ્પષ્ટ મંજુરી સિવાય દેહાન્ત દંડને યોગ્ય ગુન્હાઓ માટે કામ ચલાવી શકે તેઓ.

આ પગલું સને ૧૮૫૭ માં હિન્દની સરકારે તેમના તા. ૧૫ મી એપ્રીલના પત્ર નં. ૬૬૩ થી મંજુર રાખ્યું.

૩૪. આ પ્રમાણે પહેલા બે વર્ગના રાજ્યો અને તેમની સત્તાઓ પહેલ વહેલી સને ૧૮૫૭ માં સ્વીકારવામા આવી. જુનાગઢ, નવાનગર, પોરબંદર અને ધ્રાંગધ્રા એ ચાર રાજ્યોને પહેલા વર્ગમાં મુકવામાં આવ્યા, અને વાંકાનેર, મોરબી, રાજકોટ, ગોંડળ, લીંબડી, વઢવાણ, પાલીતાણા, ધ્રોળ અને માંગરોળ એ નવ રાજ્યોને બીજા વર્ગમાં મુકવામાં આવ્યા.

૩૫. બીજા રાજ્યોની બાબતમાં તો તેમાંના એકેમાં કોઇપણ પ્રકારના વ્યવસ્થિત અમલ જેવું કશું હતું નહિ, ત્યાં ન્યાયની અદાલતો મુદ્દલ હતી નહિ, અને આમાંના ઘણાખરા ન્હાના રાજ્યોના ગુન્હેગારોને ફોજદારી ન્યાયની મુખ્ય અદાલતમાં લાવવામાં આવતા, જ્યાં તેમની તપાસ ચાલતી, અને તેમને સજા કરવામા આવતી.

૩૬. સને ૧૮૨૫ માં કેટલીક તપાસો કરવામાં આવી, તે ઉપરથી જણાયું, કે કાઠીયાવાડના રાજાઓ દેશનું સર્વોપરિપણું, જે સત્તાને તેઓ ખંડણી ભરતા, તે સત્તામાં રહેલું માનતા હતા; અને બ્રીટીશ સરકારે સર્વોપરી સત્તા ધારણ કરી, તે પહેલાં ગાયકવાડને વાંધા ભરેલા વારસાઓના નિકાલ કરવા માટે વચ્ચે પડવાનો, જે રાજ્યની પ્રજા ન હોય તે રાજ્યમાં પકડાએલા ગુન્હેગારોને સજા કરવાનો, અવિચારી લુટારાઓને પકડીને સજા કરવાનો, સામાન્ય શાન્તનો ભંગ કરનાર રાજાઓને દબાવવાનો અને રાજાઓના આંતરિક અમલમાં સત્તાના દેખીતા દુરૂપયોગના તથા જગજાહેર અંધાધુંધીના કીસ્સાઓમાં વચ્ચે પડવાનો ગાયકવાડને હક્ક હતો. આ બધી સત્તાઓ બ્રિટીશ સરકાર ભોગવતી, તે એવા આધારે કે તે સત્તાઓ, મરાઠા સરકારના ઉત્તરાધિકારી તરીકે તેમણે જે સર્વોપરીપદ પ્રાપ્ત કર્યું હતું, તને લાગુ પડે છે.

Scanned by CamScanner

૩૭. સને ૧૮૫૮માં કાઠિયાવાડનું સ્થાન શું છે, એ પ્રશ્ન ઉપસ્થિત થયો, અને જો કે તે વખતના વડોદરાના રેસિડન્ટ મેજર ડેવિડસને કાઠિયાવાડ બ્રિટીશ મુલક છે, એવો મત દર્શાવ્યો, તો પણ કંપનીના ડીરેકટરોની કચેરીએ તે મતનો વિરોધ કર્યો, અને તેને વિદેશીય મુલક તરીકે ગણ્યો.

૩૮. આ સમયે હિંદનો વહિવટ ઇસ્ટ ઇન્ડીયા કંપની પાસેથી તાજને સોંપી દેવામાં આવ્યો, અને જોકે ઇસ્ટ ઇન્ડીયા કંપનીના તાબાના તેમજ તેના અમલ નીચેના તમામ મુલકો તાજને હવાલે કરવામાં આવ્યા, તોપણ કાઠીયાવાડના રાજ્યવહીવટના પ્રકારમાં કે પદ્ધતિમાં કાંઇપણ ફેરફાર કરવામાં આવ્યો નહિ, અને તે તો પ્રથમની માફક જ ચાલુ રહ્યો. કાઠીયાવાડના અમલ ઉપર હિન્દી સરકારના ૧૮૫૮ ના (૨૧ તથા ૨૨, વિકટોરીયા, પ્રકરણ ૧૦૬) ધારાની કાયદેસર અસર શું છે, તે હવે પછી ચર્ચવામાં આવશે.

૩૯. ૧૮૬૩ની સાલમાં કાઠીયાવાડ બ્રીટીશ મુલક છે, કે વિદેશીય મુલક છે, એ સવાલ ફરીથી ગંભીરપણે ઉપસ્થિત થયો, અને મુંબઇના ગવર્નર સર એચ. બી. ઇ. ફ્રીયર કે. સી. બી. સહિત મુંબઇની સરકારના ત્રણ સભ્યોએ પોતાના સુચિન્તિત અને નિશ્ચિત અભિપ્રાય તરીકે કાઠીયાવાડ બ્રિટીશ મુલક છે, એવું પ્રતિપાદન કર્યું. સર એચ. બી. ઇ. ફ્રીયર પોતાની તા. ૨૧ મી માર્ચ ૧૮૬૩ ની નોંધના ફકરા ૨૯ અને ૩૦ માં નીચે પ્રમાણે જણાવે છે:—

ફકરો ૨૯. કાઠીયાવાડ માત્ર બ્રિટીશ હિન્દનો જ નહિ, પણ મુંબઇ ઇલાકાનો એક ભાગ છે, કે કેમ એ બાબત પર વધારે સવાલ થઇ શકે, પરંતુ તે જો મુંબઇ ઇલાકાનો ભાગ નથી, તો મુંબઇ ઇલાકા સાથે જોડી દેવામાં આવેલ છે, અને જે જે કાયદાઓ ઇલાકાના બાકીના ભાગોને લાગુ પડે છે, તે બધા કાયદાઓ કાઠીયાવાડને પણ લાગુ થાય, એ બાબતમાં શંકા કરવાનું હું કાંઇ પણ કારણ જોઇ શકતો નથી.

ફકરો ૩૦. એમ બને ખરૂં કે આવા નિર્ણય ઉપર આવવાથી કાઠિયાવાડને અમુક કાયદાઓ અને અમુક અદાલતોને વશ બનાવવું પડે. પણ તે સિવાય બીજો ઉપાય હું જોઇ શકતો નથી. એમાં અગવડ પણ પડે; પણ એમ થાય તો તો સ્થિતિ એવી થાય છે કે કાઠિયાવાડ નથી અંગ્રેજી મુલક કે નથી વિદેશી મુલક; ત્યાંના વતનીઓ નથી અંગ્રેજી રાજ્યના નાગરીકો કે નથી વિદેશી પ્રજાજનો; તેઓ ઉપર નથી અંગ્રેજી તાજનું સાર્વભૌમત્વ કે નથી કોઇ અન્ય સત્તાનું સાર્વભૌમત્વ; અને દેશીરાજાઓનું પોતાનું સ્વતંત્ર સાર્વભૌમત્વ-ભલે ઓછા વત્તા પ્રમાણનું -તો મુદ્દલજ નથી.

મુંબઇ સરકારના બીજા સભ્ય મિ. ડબલ્યુ. ઇ. ફ્રીયરે પોતાની તા. ૧૯ મી એપ્રીલ ૧૮૬૩ની નોંધમાં નામદાર ગવર્નરના અભિપ્રાયને અનુમોદન આપ્યું હતું, અને તેમ કરતાં જણાવ્યું હતું, કે:—

"કાઠિયાવાડના સ્થાન બાબતમાં નામદાર પ્રમુખ જે અભિપ્રાય પ્રદર્શીત કરે છે, તે જોકે નિઃસંશય નવનજ છે, તોપણ તે સ્વીકારી લેવાને હું તદ્દન તૈયાર છું; સત્ય હકીકતોના આવા મજબુત ટેકાવાળી દલીલો સાબિત કરે છે, કે જોકે આપણે હજુ સુધી આખા કાઠિયાવાડ ઉપર સર્વોપરિપણાનો દાવો કર્યો નથી, તોપણ આપણે તે હક મરાઠાઓ અને દિલ્હીની ગાદી પાસેથી મેળવેલ છે, અને

Scanned by CamScanner

કેટલાક પ્રસંગોએ તે હક્ક મેળવેલ હોય, એવી રીતે આપણે વર્ત્યા છીએ, એમાં તો કાંઈજ શંકા હોઈ શકે નહિ.”

ત્રીજા સભ્ય ઓન. મી. જે. ડી. ઇન્વીરેરિટિ પોતાની તા. ૧૯ મી મે ૧૮૬૩ ની નોંધમાં કાઠિયાવાડ બ્રીટીશ મુલક છે, એવા પોતાના અભિપ્રાયમાં એથી પણ વધારે દૃઢ જણાય છે. નોંધના ૧૩ મા ફકરામાં તે જણાવે છે, કેઃ—

“હું ધારૂં છું કે કાઠિયાવાડ ઈસ્ટ ઇન્ડીયા કંપનીના સામાન્ય અમલ નીચે હતું, અને તેથી ૧૮૫૮ માં કંપની પાસેથી બ્રિટીશ તાજને સોંપી દેવામાં આવ્યું હતું, એમાં કાંઈજ શંકા હોઇ શકે નહિ.”

હિંદની સરકારે આ નોંધો હિંદી પ્રધાન તરફ રવાના કરતાં તેમના તા ૧૪ મી એપ્રીલ ૧૮૬૪ ના પત્ર નં. ૭૦ ના ત્રીજા ફકરામાં જણાવ્યું કેઃ—

“અમારી નોંધો આ અગત્યના સવાલ ઉપર અજવાળુ પાડનારા ભિન્ન ભિન્ન વિચારો રજુ કરે છે, અને તેનો છેવટનો નિર્ણય કરવાનું કામ અમે નામદાર મહારાણીની સરકારને સોંપીએ છીએ, જે માટે કદાચ તાજના ન્યાયાધિકારીઓનો મત લેવો જરૂરનો થઇ પડશે.

૪૦. આ પત્રની સાથે તેજ તારીખનો નં. ૭૧ નો બીજો પત્ર હિન્દી પ્રધાન ઉપર મોકલવામાં આવ્યો હતો. જેમાં કાઠિયાવાડના આધિપત્યના સવાલમાં નામદાર મહારાણીની સરકારનો નિર્ણય આવતા સુધીમાં કામચલાઉ દાખલ કરવા માટે યોજાયલા, કાઠિયાવાડના અમલમાં સુધારો કરવા માટેના ઇલાજો દર્શાવવામાં આવ્યા હતા.

૪૧. કમનશીબે તે વખતના હિન્દી પ્રધાન સર ચાર્લ્સ વૂડે હિંદી સરકારે તેમના પત્ર નં. ૭૦ માં સૂચવ્યા મુજબ, એ બાબતમાં તાજના ન્યાયાધિકારીઓનો મત લીધો નહિ, પણ તેમના તા. ૩૧ મી ઓગસ્ટ ૧૮૬૪ ના પત્ર નં. ૫૪ ના ફકરા ૨ અને ૩ માં નીચે મુજબ જવાબ આપ્યોઃ—

ફકરો ૨—હિંદની અને મુંબઇની સરકારના જે કેટલાક સભ્યોએ બન્ને પક્ષની દલીલો રજુ કરી છે, તે હું રસપૂર્વક અને ધ્યાનપૂર્વક વાંચી ગયો છું. આ પરસ્પર વિરૂદ્ધ જતી દલીલોને મારે લંબાણથી તપાસવાની, કે કયા પક્ષની દલીલો વધારે વજનદાર છે, તે સંબંધમાં અભિપ્રાય ટાંકવાની જરૂર નથી. એટલુંજ જણાવવું બસ થશે, કે કાઠિયાવાડના રાજ્યકર્ત્તાઓને બ્રિટીશ સરકાર તરફથી વિધિપૂર્વક ખાત્રીઓ મળેલી છે, કે તેમના હકકોને માન આપવામાં આવશે; અને વિલાયતની સરકારે હજુ ૧૮૫૮ ની સાલમાં જ કાઠિયાવાડ પ્રાંત બ્રિટીશ મુલક છે, અને ત્યાંના રહીશો બ્રિટીશ પ્રજા છે એ અભિપ્રાયને નાકબુલ કર્યો હતો.

ફકરો ૩—વળી એ પણ નિઃસંશય વાત છે, કે બ્રિટીશ સરકારે લાંબા કાળ સુધી રાજ્યકર્ત્તાઓ અને લોકોના સંપૂર્ણ સ્વીકાર અને સંમતિ સાથે જેને નિર્વિવાદ સર્વોપરિ કહી શકાય, તેવા પ્રકારની સત્તાઓ ભોગવી છે, અને શાન્તિ અને વ્યવસ્થાના રક્ષણાર્થે જ્યારે જ્યારે જરૂર પડેલી ત્યારે ત્યારે તેઓ વચમાં પડયા છે.

૪૨. એમ છતાં પણ કાઠીયાવાડના અમલમાં સુધારાઓ દાખલ કરવાનો સવાલ તે વખતના કાઠીયાવાડના પોલીટીકલ એજન્ટ

Scanned by CamScanner

કર્નલ કીટીંગે ઝડપથી ઉપાડી લીધો, અને મુંબઇ સરકાર, હિન્દી સરકાર તથા હિન્દી પ્રધાન વચ્ચે લંબાણ પત્રવ્યવહાર થયા પછી આખરે ૧૮૬૬માં ઘણા આગળ પડતા સુધારાઓ દાખલ કરવામાં આવ્યા.

૪૩. આ સુધારાઓને અંગે દેશીરાજ્યોના સાત જુદા જુદા વર્ગો પાડીને દરેક વર્ગની દિવાની અને ફોજદારી સત્તાઓ મુકરર કરવામાં આવી. પહેલા અને બીજા વર્ગની સત્તાઓ ૧૮૫૭માં હતી તેજ પ્રમાણે કબુલ રાખવામાં આવી, અને ત્રીજાથી સાતમા સુધીના બાકીના પાંચ વર્ગોની સત્તા આ લેખના પહેલા પ્રકરણના ચોથા ફકરામાં જણાવ્યા પ્રમાણે નક્કી કરવામાં આવી.

૪૪. પ્રથમ તો બધા મળીને ૨૨૪ રાજ્યો નક્કી કરવામાં આવ્યા, જેમાંથી ૧૨ પહેલા અને બીજા વર્ગના રાજ્યો જે ત્યાર પહેલા હૈયાત હતા, તે બાદ કરતાં ૨૧૨ રાજ્યો નવા બનાવવામાં આવ્યા. અમુક રાજ્યકર્તાઓને માટે અમુક વર્ગ તેના તાબાના ગામોની સંખ્યા, તેની ઉપજ અને બીજી સ્થિતિ ઉપરથી નક્કી કરવાનો સિદ્ધાંત અનુસરાતો. માત્ર એક કે બે ગામડાંજ ધરાવનારા જમીનદારોને પણ ૬ઠ્ઠા કે ૭મા વર્ગમાં મુકવામાં આવ્યા હતા.

૪૫. હજુપણ આશરે ૨૦૬ વ્યક્તિઓ રહી જતી હતી, જેમના તાબાની જમીન એક ગામડાના થોડાક ભાગ કરતાં વધારે ન હતી. તેઓને માટે કોઇપણ વર્ગ મુકરર કરવો એ અશક્ય હતું, એટલે આ લોકો જેઓ માત્ર ખેડૂતોજ હતા, તેમના ઉપર સરકારે પોતાનો સીધો વહીવટ સ્થાપી દીધો.

૪૬. એવું જણાય છે, કે વખત જતાં આ ૨૧૨ નવા સ્થપાયેલા રાજ્યોમાંના ઘણાં ખરા પાંચથી સાતમા વર્ગના રાજ્યો ધીમે ધીમે અદ્રશ્ય થવા લાગ્યા, કેમકે તેમના દીકરાઓમાં જાગીરોના પેટા

ડૉ. પ્રદ્યુમ્ન ભ. ખાચર

વિભાગ કરી આપવાની પદ્ધતિથી તેઓ પણ સામાન્ય ખેડૂતની દશામાં આવી પહોંચ્યા. તેઓમાંના કેટલાક તેમની સત્તાનો ઉપયોગ કરવાને તદ્દન નાલાયક જણાયા, બીજાઓએ સત્તાનો દુરૂપયોગ કર્યો, એટલે એ બધાની સત્તાઓ ખુંચવી લેવામાં આવી. એમ જણાય છે, કે આજ પ્રમાણે હાલમાં હૈયાતી ધરાવે છે તે સિવાયના બધા નીચલા વર્ગના રાજ્યો (જુઓ પ્રકરણ ૧લું, ફકરો ૧૩) ને એજન્સીની હદમાં મેળવી દેવામાં આવ્યા, અને બ્રીટીશ સરકારના સીધા અમલ નીચે આવ્યા.

૪૭. કાયદાને માટે, આગળ જણાવી ગયા તેમ પહેલા અને બીજા વર્ગના રાજ્યોએ બ્રિટીશ કાયદામાં ફેરફાર કરીને અગર બીજી રીતે તેમના પોતાના કાયદા બનાવ્યા, અને એ બાબતમાં બાકીના રાજ્યોની સત્તા હજુ પણ મુકરર કરવામાં આવી નથી.

૪૮. જે સમયે રાજ્યોના વર્ગ પાડવાનું કામ ચાલતું હતું, લગભગ તેજ સમયે કાઠીયાવાડના ચાર વિભાગો માટે સિવીલ સ્ટેશનો સ્થાપવાની જરૂર જણાઇ; અને એટલા માટે વઢવાણ, રાજકોટ અને ગોંડળના રાજ્યો પાસેથી કાયમી ભાડાખતથી જમીન મેળવવામાં આવી. (જુઓ, એટકીન્સન્સ ટ્રીટીઝ, પાંચમી આવૃત્તિ, પુ. ૬ઠું, પા. ૨૨૭, ૨૨૦, ૨૧૫.) આ સ્ટેશનોમાં જમીન ખરીદીને ત્યાં જઇને વસવા માટે લોકોને બોલાવવામાં આવ્યા, અને હાલમાં વઢવાણ અને રાજકોટ એ બે સિવીલ સ્ટેશનો ઘણી આબાદ હાલતમાં છે. આ સિવીલ સ્ટેશનોની ખાસ પરિસ્થિતિનું વિગતવાર નિરીક્ષણ આ લેખના ત્રીજા પ્રકરણમાં આપવામાં આવશે.

૪૯. ૧૮૭૩ની સાલમાં એક તરફથી ભાયાતો અને મુળ ગિરાસીયાઓના હક્કો અને બીજી તરફથી સ્ટેટોના હક્કો નક્કી કરવાને માટે રાજસ્થાનિક અદાલત કરીને એક ખાસ અદાલત સ્થા-

Scanned by CamScanner

પવામાં આવી. આ અદાલતે કેટલાક વરસ સુધી કામ કર્યા પછી ૧૮૯૯ની સાલમાં તેને નાબુદ કરવામાં આવી, અને તેની મૂળ સત્તાઓ સ્ટેટોને સોંપવામાં આવી, તથા સ્ટેટોની છેલ્લી અદાલતોના ચુકાદાઓ ઉપર અપીલ સાંભળવાની સત્તા એજન્ટ ટુ ધિ ગવર્નરને સોંપવામાં આવી.

૫૦. એજન્સીની હદોમાં સીધો અમલ સ્થપાયા પછી અનુસરવામાં આવતો કાયદો અને રાજપદ્ધતિ તપાસતાં જણાય છે, કે શરૂઆતમાં કાંઈ પણ ચોક્કસ પદ્ધતિ સ્વીકારવામાં આવી ન હતી. ઘણીવાર પોલીટીકલ એજન્ટ પોતાનીજ સત્તાથી નિયમો ઘડીને એજન્સીની હદમાં લાગુ કરતો. જ્યારે જ્યારે જરૂર જણાય, ત્યારે તે મુંબઇ સરકારની સંમતિ મેળવતો. કોઇવાર મુંબઇ સરકાર જાહેરનામા કાઢીને તેમને કાયદાની સત્તા આપતી, અને વળી કોઇવાર હિન્દી સરકાર પણ તે પ્રમાણે કરતી. આજ પ્રમાણે ૧૯૦૨ની સાલ સુધી ચાલ્યા કર્યું. ૧૮૭૯ની સાલમાં હિન્દી ન્યાય ખાતાએ ૧૮૭૯નો ૨૧મો કાયદો પસાર કર્યો, જે "વિદેશી હકુમતનો કાયદો" એ નામે ઓળખાય છે. આ કાયદો જણાવે છે, કે "સુલેહ, કબજા બંધી, ખત, બક્ષીસ, રદી, અપ્રતિબંધ કે બીજા કાયદેસર ઇલાજોથી હિંદના ગવર્નર જનરલ ઇન કાઉંસીલને બ્રીટીશ હિન્દની હદની બહાર જુદા જુદા સ્થળોની અંદર સત્તા અને હકુમત છે." અને એટલું જણાવ્યા પછી આ કાયદો એ હકુમતનો અમલ, જ્યાંસુધી હિન્દી ન્યાયખાતાની સત્તામાં છે, ત્યાંસુધી મુકરર કરે છે, એટલે કે હિન્દી ન્યાયખાતું જે લોકોને માટે કાયદા ઘડી શકે છે, તેમની સાથેજ જ્યાંસુધી સંબંધ હોય, ત્યાં સુધીની સત્તા નિયત કરે છે.

૫૧. આ કાયદો પસાર થયા પછી મુંબઇની અને હિંદની

સરકારે બહાર પાડેલા કેટલાક જાહેરનામાઓમાં આ કાયદો પ્રમાણ તરીકે ટાંકવામાં આવેલ છે, પરંતુ પાછળથી જણવામાં આવ્યું, કે હિન્દી ન્યાયખાતાને બ્રીટીશ હિંદની બહારના કોઇપણ મુલકને માટે, તેમ જ પાર્લામેન્ટના કાયદાઓથી તેમને સોંપવામાં આવેલી સત્તાઓની રૂએ હિન્દી ન્યાયખાતું જેમને માટે કાયદા ઘડી શકે છે, તે સિવાયના કોઇપણ મનુષ્યોને માટે કાયદા ઘડવાની કાંઇપણ સત્તા નથી.

૫૨. પોલીટીકલ એજન્ટ, મુંબઇ સરકાર તેમજ હિન્દી સરકારની કાઠિયાવાડને માટે કાયદાકાનુનો ઘડવાની સત્તાના સંબંધમાં વિચારવંત શંકાઓ ઉભી થઇ, કેમકે આમાંના કોઇ એવો એક પણ પાર્લામેન્ટનો કાયદો બનાવી શકતા ન હતા, જેની રૂએ તેમને આ સત્તાઓ મળેલી હોય. વળી એવું પણ જણાયું કે ૧૮૫૮નો હિંદની સરકારનો કાયદો (૨૧ તથા ૨૨ વિક્ટોરીયા, પ્ર. ૧૦૬) જેમાં હિંદના ગવર્નર જનરલ ઇન કાઉંસીલની સત્તાઓ મુકરર કરવામાં આવી હતી, તે પસાર થયા પછી તે કાયદાની રૂએ તેને જે કાંઇ સત્તાઓ મળી હતી, તે કરતાં કાંઇ જ વધારે સત્તા તેને ન હતી, અને કાઠિયાવાડમાં તેણે તેમ જ તેની નીચેની મુંબઇની સરકારે જે કાંઇ કર્યું હતું, તે બધું અનિયમીત અને કાયદાનું ઉલ્લંઘન હતું.

૫૩. આ બધી શંકાઓને શાંત પાડવાની ખાતર સને ૧૯૦૨માં નામદાર શહેનશાહે મંત્રીમંડળની સલાહથી એક ઓર્ડર-ઇન-કાઉંસીલ બહાર પાડ્યો, જે "ઇન્ડીયન ફૉરિન જ્યુરિસ્ડીક્શન ઓર્ડર-ઇન-કાઉંસીલ, ૧૯૦૨" એ નામે ઓળખાય છે, જેની કલમ ૫ મીથી કાઠિયાવાડમાં ત્યાર પહેલાં જે કાંઇ કામ થએલું, તે બધું કાયદેસર ઠરાવીને મંજુર રાખવામાં આવ્યું. આ હુકમની

કલમો અને તેના કાયદેસરપણા બાબત ચર્ચા આ લેખના ત્રીજા પ્રકરણમાં કરવામાં આવી છે.

૫૪. આ હુકમ પસાર થયા પછી બધા જાહેરનામા, ઠરાવો, હુકમો, કાયદાઓ નિયમો વિગેરે હિંદની સરકારે આ હુકમથી તેમને આપવામાં આવેલી સત્તાની રૂએ કરવા, અને મુંબઇની સરકારે આ હુકમ પ્રમાણે હિંદની સરકાર તરફથી તેમને સોંપવામાં આવેલી સત્તાની રૂએ કરવા, એમ જણાવવામાં આવ્યું.

અત્રે જાણવું જરૂરનું થઈ પડશે કે જ્યારે કોઇ જાહેરનામું બહાર પાડવામાં આવે છે, ત્યારે તેને માટે જે પ્રમાણ ટાંકવામાં આવે છે, તે નીચેના શબ્દોમાં ટંકાય છે:—

> "ઇન્ડીયન ફૉરીન જ્યુરિસડીકશન ઓર્ડર-ઇન-કાઉંસીલ, ૧૯૦૨ ની રૂએ, ગવર્નર જનરલે મંત્રીમંડળની સલાહ સાથે, હિંદી સરકારના વિદેશીય ખાતા નં. ૨૮૫૯, આઇ. એ. ના તા. ૧૯ મી જુન ૧૯૦૩ ના જાહેરનામાથી સોંપેલી સત્તાઓનો અમલ કરીને, અને આ બાબતમાં તેને મંજુરી આપનારી બીજી બધી સત્તાઓનો અમલ કરીને, ગવર્નરને મંત્રીમંડળની સલાહ સાથે જાહેર કરવાને ખુશી ઉપજે છે કે, વિગેરે વિગેરે."

આમ, ઇન્ડીયન ફોરિન જ્યુરિસડીકશન ઓર્ડર-ઇન-કાઉંસીલનું પ્રમાણ ટાંકવા ઉપરાંત "આ બાબતમાં તેને મંજુરી આપનારી બીજી બધી સત્તાઓનો અમલ કરીને" એ શબ્દો હંમેશા ઉમેરવામાં આવે છે, જે બતાવી આપે છે કે આ સત્તાઓ કઇ કઇ છે, અને તે કેવી રીતે મળેલી છે, તે સરકાર પોતે જ જાણતી નથી, તેમ જ તે નક્કી કરી લેવાની કાંઇ દરકાર તેમણે દરકાર કરી નથી.

૫૪. કાઠિયાવાડ એજન્સીમાં હાલમાં કેટલાક ખાસ કાયદાઓ અમલમાં છે, જેવા કે એજન્સી પોલીસનો કાયદો, આબકારી ધારાઓ, સીવીલ સ્ટેશનો માટેના મ્યુનિસીપલ ધારાઓ વિગેરે. બ્રિટીશ હિંદના ધારામંડળના કેટલાક કાયદાઓ શબ્દશઃ લાગુ કરવામાં આવ્યા છે, જેમકે હિન્દી ફોજદારી કાયદો, ફોજદારી વહિવટનો કાયદો, કરારનો કાયદો, દિવાની વહીવટનો કાયદો, વિગેરે. એજન્સીની હદને માટે સુદતનો ખાસ જુદો કાયદો છે.

૫૫. આ પ્રાંતના નાણાખાતાના વહીવટનું વર્ણન આપવું બની શકે તેમ નથી, કેમકે આ બધું કદી પ્રસિદ્ધ કરવામાં આવતું નથી, અને સરકારી વહીવટની આ શાખાના કામકાજનો હેવાલ જાણવાના આપણી પાસે કાંઇજ ઉપાય નથી. ખંડણીને હિંદની મહેસુલના એક ભાગ તરીકે ગણવામાં આવે છે, અને શાહી બજેટનો એક ભાગ બને છે; અને એજન્ટ ટુ ધિ ગવર્નર તથા પોલીટીકલ એજન્ટોના પગારો સહિત એજન્સીના ખાતાઓના ખર્ચ શાહી મહેસુલમાંથી લેવામાં આવે છે. બીજા સંખ્યાબંધ સ્થાનિક ફંડો છે, જે જુદી જુદી સ્થાનિક સંસ્થાઓને માટે ઉભા કરવામાં આવ્યા છે, અને મુંબઇ સરકાર કે શાહી સરકારના બજેટના પત્રકોમાં કે બીજે કોઇપણ સ્થળે એ ફંડોનો હિસાબ આપવામાં આવે છે, કે કેમ તે જાણવામાં આવતુ નથી.

૫૬. એ પ્રમાણે કાઠિયાવાડમાંના દેશીરાજ્યો, અને એજન્સીની હદની હાલની રાજકીય પરિસ્થિતિની ઉત્પત્તિ, વિકાસક્રમ અને વૃદ્ધિનો ટુંક ઇતિહાસ છે.

———:•:———

લેખકના અન્ય પ્રકાશનો

૧.	કાઠી ઇતિહાસ અને સંસ્કૃતિ -**૧૯૯૭**	અપ્રાપ્ય
૨.	પ્રાચીન ભારતના વિદેશીયાત્રી - **૨૦૦૦**	અપ્રાપ્ય
૩.	ભૂચર મોરીની લડાઇ -**૨૦૦૦**	અપ્રાપ્ય
૪.	ઇતિહાસ સુમન -**૨૦૦૧**	રૂ. ૪૦
૫.	સોરઠની વિદ્યાપીઠ બહાઉદ્દીન કૉલેજ - **૨૦૦૨**	રૂ. ૧૧૧
૬.	ઇતિહાસ એટલે ? -**૨૦૦૩**	રૂ. ૧૫૦
૭.	ગ્રંથો અને શિલાલેખો -**૨૦૦૩**	રૂ. ૧૧
૮.	ભૂલે બિસરે આઇને -**૨૦૦૪**	અપ્રાપ્ય
૯.	તવારીખ -**૨૦૦૪**	રૂ. ૯૦
૧૦.	સૌરાષ્ટ્ર ગુજરાતના શાસકોની વંશાવળીઓ - **૨૦૦૫**	રૂ. ૫૬
૧૧.	કાઠિયાવાડ સર્વસંગ્રહ -**૨૦૦૫**	રૂ. ૫૦૦
૧૨.	કાઠિયાવાડના રાજવીઓ -**૨૦૦૫**	અપ્રાપ્ય
૧૩.	સ્વામિનારાયણ સંપ્રદાયમાં કાઠી દરબારોનું પ્રદાન -**૨૦૦૬**	રૂ. ૭૦
૧૪.	કાઠીઓ અને કાઠિયાવાડ -**૨૦૦૬** (પીએચ.ડી.નો મહાનિબંધ પુસ્તક રૂપે પ્રગટ)	રૂ. ૪૦૦
૧૫.	બાબી રાજવંશના ગીતો -**૨૦૦૭**	રૂ. ૪૦
૧૬.	ઇતિહાસ મંજૂષા -**૨૦૦૮**	રૂ. ૭૦
૧૭.	શતદલ વ્યક્તિત્વ -**૨૦૦૮**	અમૂલ્ય
૧૮.	ગિરનારનો ઇતિહાસ -**૨૦૦૯**	રૂ. ૩૦૦
૧૯.	સૌરાષ્ટ્રનો ગૌરવવંતો ઇતિહાસ -**૨૦૧૦**	રૂ. ૬૦૦
૨૦.	તસવીરોમાં જૂનાગઢ -**૨૦૧૧**	રૂ. ૭૫૦
૨૧.	સોરઠ સરકાર નવાબ મહાબતખાનજી - **૨૦૧૨**	રૂ. ૨૦૦
૨૨.	સંશોધક પરિચય -**૨૦૧૨**	રૂ. ૫૬
૨૩.	ગિર ગિરનારના મંદિરો -**૨૦૧૩**	અમૂલ્ય
૨૪.	ઇતિહાસની અજાણી વાતો -**૨૦૧૫**	રૂ. ૭૦
૨૫.	ઇતિહાસ વારિધિ -**૨૦૧૬**	રૂ. ૧૫૦
૨૬	સ્વામિનારાયણ સંપ્રદાયમાં કાઠી દરબારોનું પ્રદાન -**૨૦૧૭** (સંવર્ધિત આવૃત્તિ)	રૂ. ૧૨૦

નોંધ : ડૉ. પ્રદ્યુમ્ન ખાચરના સંશોધન અને કાર્ય વિશે ડૉ. ધીરૂભાઇ વાળાએ 'ઇતિહાસનો આરાધક–ડૉ. પ્રદ્યુમ્ન ખાચર' સ્વતંત્ર પુસ્તક લખેલ છે.

કટાર લેખક :

(૧) સૌરાષ્ટ્ર ઇતિહાસને પાને – ફૂલછાબ

(૨) લોક કથાની વાતો – મુંબઇ સમાચાર

Scanned by CamScanner

પ્રકરણ ૩.

—:o:—

કાયદો અને બંધારણ.

૫૭. આ પ્રશ્ન જેટલો ગુંચવણ ભરેલો છે, તેટલોજ રસમય છે. છેક ૧૮૦૨ ની સાલથી ઇસ્ટ ઇન્ડીયા કંપનીના એજન્ટોએ કાઠિયાવાડમાં જે બધા કામો કર્યાં છે, તે કઇ સનદશીર સત્તાઓને આધારે કર્યાં છે, તેનો ચોક્કસપણે નિર્ણય કરવો એ ખરેખર ઘણું મુશ્કેલ છે. આમ છતાં એક બાબત તો સ્પષ્ટ છે કે જે વખતે કાઠિયાવાડ સાથે કંપનીનો સંબંધ શરૂ થયો તે અરસામાં ઇસ્ટ ઇન્ડીયા કંપનીના કામકાજો ઉપર બ્રિટીશ પાર્લામેન્ટે સારો કાબુ મેળવ્યો હતો, અને દેશીરાજ્યો સાથે યુદ્ધ કે કોલકરાર કરવાનું, મુલકો સંપાદન કરવાનું અને એને લગતું દરેક કામકાજ માત્ર પાર્લામેન્ટે કંપનીને આપેલી સત્તા પ્રમાણેજ થઇ શકતું.

૫૮. આ સંબંધમાં આપણે જે સમયની વાત કરીએ છીએ, તેના સ્વાભાવિક રીતે જ બે વિભાગ પડે છે; બ્રિટીશ હિન્દનો વહીવટ ઇસ્ટ ઇન્ડીયા કંપનીના હાથમાં હતો તે—૧૮૫૮ ની સાલ સુધીનો સમય, અને ત્યારપછીનો તાજ તરફના સીધા વહીવટનો સમય.

૫૯. આમાંના પ્રથમના સમય દરમિયાન કંપનીની કાયદાસર અને બંધારણસર સ્થિતિ સંબંધી અદાલતી ચુકાદાઓ દ્વારા નક્કી થઇ ગઇ હતી, અને છેવટે સેક્રેટરી ઑફ સ્ટેટ ઇન કાઉન્સીલ, વિરૂદ્ધ કામાસી બોઇ સાહબા (૭ એમ. આઇ. એ. ૪૭૬, ૧૮-૫૯)વાળા મુકદમામાં તેની સંપૂર્ણ વ્યાખ્યા આપવામાં આવી હતી. તે વખતે એવો નિર્ણય કરવામાં આવ્યો હતો, કે સનદ કે કાયદાથી દાખલ કરવામાં આવેલ પ્રતિબંધોને આધીન રહીને પોતાના અમલ નીચેના મુલકો ઉપર તેમજ એ મુલકોને લગતા

પરકીય મુલકોના સર્વસત્તાવાળાઓ સાથે વ્યવહાર ચલાવવા પુરતી તમામ સત્તા, અંગ્રેજી શહેનશાહતના પ્રતિનિધિ તરીકે ઇસ્ટ ઇંડીઆ કંપની ભોગવે છે.

૬૦. એ તો દેખીતું છે, કે કંપનીને આ પ્રમાણે સોંપવામાં આવેલી સર્વોપરિ સત્તા તે હિંદમાં માત્ર તેના અમલદારો અને કંપનીની અંદરના એજન્ટો દ્વારા જ ભોગવી શકે. ૧૭૭૩નો રેગ્યુલેટિંગ એક્ટ (૧૫, જ્યોર્જ ત્રીજો ૬૬૩) પસાર થયા પહેલા હિંદના ત્રણે ઇલાકાઓ એક બીજાથી બિલકુલ સ્વતંત્ર હતા. દરેક ઇલાકાના વહીવટમાં, અને તેની આસપાસમાં આવેલા દેશીરાજ્યો સાથેના વહેવારમાં, કંપનીને તે તે ઇલાકાનો વહિવટ જેને સોંપ્યો હોય, તેમાં પોતાના અમલદારો દ્વારા કામ લેતી. ૧૭૭૩ના રેગ્યુલેટીંગ એક્ટથી મુંબઇ અને મદ્રાસની સરકારોને બંગાળાના ગવર્નર જનરલ (જે ત્યારથી હિંદનો ગવર્નર જનરલ બન્યો) અને તેની કાઉન્સીલની દેખરેખ અને કાબુ નીચે મુકવામાં આવ્યા, અને મધ્યસ્થ સરકારની અનુમતિ સિવાય લડાઇ અગર સુલેહ કરવાની તેમજ કોલકરારો કરવાની તેમની સત્તાઓ ઉપર મજબુત પ્રતિબંધો મુકવામાં આવ્યા. ત્યાર પછીના કાયદાઓમાં નીચલી સરકારોનો ઉતરતો દરજ્જો વધારે સ્પષ્ટતાથી જણાવવામાં આવ્યો હતો, અને જુદી જુદી સર્વોપરિ સત્તાઓનો અમલ કરવાના તેમના હક્કો ઉપરના પ્રતિબંધોની પુનરૂક્તિ કરવામાં આવી હતી. (૮, બોમ્બે લો રિપોર્ટર ૧૯૬-૧૯૭.)

૬૧. આથી એ સ્પષ્ટ થાય છે, કે ૧૮૦૨માં તથા ૧૮૧૭માં પેશ્વા સાથે, ૧૮૨૦માં ગાયકવાડ સાથે, તથા એજ અરસામાં અને ત્યાર પછી કાઠિયાવાડના રાજકર્ત્તાઓ સાથે કરવામાં આવેલ સઘળા કોલકરારો અને કરારનામાઓ, કંઇક અંશે જુદી જુદી

સનદો મારફત મળેલી, અને વધારે ભાગે કંપનીના કામકાજોને નિયમિત કરનાર પાર્લામેન્ટના જુદા જુદા કાયદાઓથી કંપનીને મળેલી સત્તાઓની રૂએ, અને એ સત્તાઓના અમલથીજ કરવામાં આવ્યા હતા. (જુઓ, ૧૭૮૪ના પીટના કાયદાની કલમ ૩૪ તથા ૩૫, ૨૪ જ્યોર્જ ત્રીજો, એસ. ૨, સી. ૨૫)

૬૨. આ પ્રમાણે ૧૮૦૨ની સાલથી ૧૮૨૮ સુધીમાં ઇસ્ટ ઇન્ડીયા કંપનીએ કાઠિયાવાડ પ્રાંતમાં ગમે તે પ્રકારના અને ગમે તેટલા વિસ્તૃત સર્વોપરિ હક્કો ધીમે ધીમે પ્રાપ્ત કર્યા અને સ્થાપ્યા, તે બ્રિટીશ હિન્દ તરીકે ઓળખાતા મુલકોમાં પ્રાપ્ત કરેલા તેવાજ બીજા બધા હક્કોની માફક બ્રિટીશ પાર્લામેન્ટ તરફથી મળેલી એજ સત્તાઓની રૂએ પ્રાપ્ત કરેલા સમજવા.

૬૩. આ લેખના ત્રીજા પ્રકરણ પરથી એ પણ સ્પષ્ટ થાય છે, કે જોકે વિધિ પુરઃસર ખરેખરો મુલક તો પ્રાપ્ત થયો ન હતો, તો પણ ઘણા વિસ્તીર્ણ હક્કો પ્રાપ્ત થયા હતા, અને ભોગવવામાં આવતા; અને જ્યારે ૧૮૫૮નો કાયદો (૨૧ તથા ૨૨ વિક્ટોરીયા સી. ૧૦૬) પસાર થયો, તે વખતે પહેલા અને બીજા વર્ગના રાજ્યોના મુલકો બાદ કરતાં પ્રાંતના બાકીના બધા ભાગો ઇસ્ટ ઇન્ડીયા કંપનીની સરકારની નીચેજ હતા, અને એ કાયદામાં જણાવવામાં આવ્યું છે, કે એ બધા હક્કો બ્રીટીશ તાજને પ્રાપ્ત થાય છે, અને એ કાયદા પ્રમાણે તેમજ હિંદની સરકારને નિયમમાં રાખનાર બ્રિટીશ પાર્લામેન્ટના તે પછીના કાયદાઓ પ્રમાણે તેનો અમલ થશે. (જુઓ, કલમ ૧, ૨, ૩, ગવર્નમેન્ટ ઑફ ઇન્ડીયા એક્ટ, ૧૮૫૮)

એ કાયદાની કલમ ૧ માં જણાવવામાં આવ્યું છે, કેઃ—

" જે મુલકો હાલમાં ઇસ્ટ ઇન્ડીયા કંપનીના તાબામાં

છે, અગર તેના અમલ નીચે છે, તેનો વહીવટ, અને અમલને લગતી જે જે સત્તાઓ નામદાર મહારાણીની વતી સદરહુ કંપની ભોગવે છે, તે બધી સત્તાઓનો અમલ અને માલીકી સદરહુ કંપની ભોગવતી બંધ થશે, અને સદરહુ કંપનીની માલીકીના અગર તેના અમલ નીચેના બધા મુલકો તેમજ તેને મળેલા બધા હક્કો, અગર જો આ કાયદો પસાર ન થયો હોત, તો કોઈપણ મુલકોના સંબંધમાં જે હક્કો સદરહુ કંપની ભોગવતી હોત, તે બધા હક્કો નામદાર મહારાણીને પ્રાપ્ત થશે, અને તેના નામથી તેનો અમલ થશે; અને આ કાયદાના હેતુઓને માટે ' હિન્દુસ્થાન ' નો અર્થ ઉપર જણાવ્યા પ્રમાણે નામદાર મહારાણીને પ્રાપ્ત થયેલા મુલકો, તેમજ ઉપર જણાવ્યા પ્રમાણે આવા કોઇપણ હક્કોની રૂએ જે જે મુલકો નામદાર મહારાણીને પ્રાપ્ત થાય, તે બધા મુલકો થશે. "

કલમ ૨ માં જણાવવામાં આવ્યું છે, કેઃ—

"હિંદનો અમલ નામદાર મહારાણી ચલાવશે, અને તેના નામથી ચલાવાશે; અને કોઇપણ મુલકને લગતા જે જે હક્કો, જો આ કાયદો પસાર ન થયો હોત, તો સદરહુ કંપની ભોગવતી હોત, તે બધા હક્કો હિંદના વહીવટને લગતા હક્કો તરીકે નામદાર મહારાણી ભોગવશે, અને તેના નામથી ભોગવવામાં આવશે; તેમજ હિંદની અગર હિંદમાં ઉભી થતી જમીનને લગતી અને બીજી મહેસુલો તથા કોઈપણ મુલકને લગતી ખંડણીઓ અને બીજી આવકની રકમો, જે જો આ

કાયદો પસાર ન થયો હોત, તો સદરહુ કંપની તરફથી અગર તેના નામથી વસુલ કરવામાં આવતી, તેઅધી નામદાર મહારાણીની વતી અને તેના નામથી વસુલ કરવામાં આવશે, અને આ કાયદાની કલમોને આધીન રહીને તે માત્ર હિંદના વહિવટના હેતુઓને માટે જ લાગુ કરવામાં અને ખર્ચવામાં આવશે. "

૬૪. ઉપરની કલમો બિલકુલ સ્પષ્ટરીતે બતાવી આપે છે કે કાઠિયાવાડના જે ભાગો ઈસ્ટ ઇન્ડીયા કંપનીના અમલ નીચે તા, તે તાજને હવાલે થયાજ હતા, અને જે ખંડણી ઈસ્ટ ઇન્ડીયા કંપની ઉઘરાવતી, તે હિન્દની મહેસુલનો એક ભાગ બની.

૬૫. કાઠિયાવાડ પ્રાન્તનો અમલ કોઇપણ પ્રકારે બાકીના હિન્દ કરતાં જુદી રીતે ચલાવવાની કાંઇ પણ સત્તા આ કાયદાથી ગવર્નર જનરલ ઇન કાઉંસીલ, કે હિન્દી પ્રધાન પાસે રહેવા દેવામાં આવી નથી. આથી એ સ્પષ્ટ થાય છે કે બ્રિટીશ પાર્લામેન્ટ અને હિન્દી ધારામંડળની પીઠ પાછળ ૧૮૬૬ માં મુલકોના વર્ગ પાડવામાં આવ્યા, તેમની સત્તાઓ મુકરર કરવામાં આવી, મર્યાદિત સત્તાઓ ધારણ કરવામાં આવી, અને બીજા કેટલાક મુલકોનો સંપૂર્ણ અમલ હાથ ધરવામાં આવ્યો, એ બધું તદ્દન કાયદા વિરૂદ્ધ હતું અને તેમ કરવાની કાંઇ પણ સત્તા, હિંદના ગવર્નર જનરલ ઇન કાઉંસીલને કે હિન્દી પ્રધાનને ન હતી, તો પછી મુંબઇ સરકારને તો શેનીજ હોય ! વળી તેમણે જે બધા કાયદા અને નિયમો ઘડ્યા અને પ્રસિદ્ધ કર્યા, તે કામ પણ તેટલું જ આ બધા અધિકારીઓની સત્તા બહારનું હતું, તેમજ એજન્સીની હદનો તમામ વહીવટ તથા ત્રીજા વર્ગના અને તેથી નીચેના રાજ્યોને સત્તા આપવાનું કામ, એ બધું સદંતર ગેરકાયદેસર હતું. કાંતો

આ બધા રાજ્યો, ગમે તેટલા નાના હોય, તોપણ સંપૂર્ણ સ્વતંત્ર હતા, અથવા તો તેમને જરાપણ સત્તા ન હતી.

૬૬. આ ગેરકાયદેસરપણું કોણે ભાગે ૧૯૦૨ ની સાલમાં નજરે ચડયું, કેમકે એ માની લઈ શકાય એવું છે કે આ શોધના પરિણામે જ નામદાર શહેનશાહ તરફથી "ઇન્ડીયન ફૉરીન જ્યુરિસડીકશન ઑર્ડર-ઇન-કાઉન્સીલ પસાર કરવામાં આવ્યો હતો.

૬૭. 'ફોરિન જ્યુરિસડીકશન ઓર્ડર-ઇન-કાઉંસીલ" પરિશિષ્ટ ક તરીકે જોડવામાં આવેલ છે. તેની કલમોનો અભ્યાસ કરતાં તરતજ જણાઇ આવે છે કે હિન્દના ગવર્નર જનરલ-ઇન-કાઉંસીલે ૧૮૫૮ની સાલથી કાઠિયાવાડમાં જે જે કર્યું હતું, તે કાંઇ કરવાની તેને બિલકુલ સત્તા ન હતી, અને તે સત્તાઓ તેણે સ્પષ્ટ રીતે મેળવવી પડતી હતી, એટલુંજ નહિ, પણ ત્યારસુધીમાં જે જે કરવામાં આવ્યું હતું, તે બધું કાયદેસર ઠરાવીને મંજુર રાખવાની જરૂર જણાતી હતી, અને તે પ્રમાણે આ ઑર્ડરની કલમ ૫ માં કરવામાં આવ્યું છે.

૬૮. એ જણાવવું જોઇએ કે ઇંગ્લંડના રાજ્યબંધારણની રૂએ આ ઑર્ડર-ઇન-કાઉંસીલનું કાયદેસરપણું પણ શંકાસ્પદ છે. ૧૮૫૮ની સાલથી અત્યારસુધીના કોઇપણ પાર્લામેન્ટના કાયદાથી હિંદના કોઇપણ ભાગને માટે ઓર્ડર-ઇન-કાઉંસીલથી કાયદો કરવાની કાંઇપણ સત્તા શહેનશાહની પાસે રહેવા દેવામાં આવી નથી, તેમજ પાર્લામેન્ટથી સ્વતંત્ર રીતે એક રાજા તરીકે કાયદો કરવાનો તેને હક્ક નથી. (જુઓ, ડીસીઝ લૉ ઓફ કોન્સ્ટીટયુશન, ૮મી આવૃત્તિ, ૧૯૨૦, પા. ૪૮-૪૯) વળી આ ઑર્ડર-ઇન-કાઉંસીલનો ઉદ્દેશ અને કલમો એવા અસ્પષ્ટ અને વિસ્તીર્ણ છે કે તેની રૂએ

Scanned by CamScanner

હિન્દના ગવર્નર-જનરલ-ઇન-કાઉન્સીલ તેમની સત્તાઓ ઉપર કાંઇપણ અંકુશ વિના તેમની મરજીમાં આવે તે પ્રમાણે કરી શકે છે. આવી સત્તા ઇંગ્લાંડના રાજાને પણ કદી હતી નહિ, અને તેથી તેવી સત્તાઓ હિંદના ગવર્નર જનરલ-ઇન-કાઉન્સીલને આપી શકે નહિ. હેનરી આઠમાનો ૩૧મો કાયદો જેમાં જાહેરનામા દ્વારા કાયદો કરવાની રાજાને સત્તા આપવામાં આવી હતી, :તેમાં પણ એટલો અપવાદ હતો, કે "રાજા એવું જાહેરનામું ન કાઢી શકે કે જે કોઇપણ માણસના વારસાને, હોદ્દાને, સ્વતંત્રતાને, માલને, ઢોરાંને જીંદગીને હાનિકારક હોય." અલબત્ત, ઇંગ્લંડના રાજાની આ તા, સત્તા છઠ્ઠા એડવર્ડના રાજ્ય વખતે બંધ કરી દેવામાં આવી હતી, અને ત્યારપછી કદી તેને ફરી ઉત્પન્ન કરવામાં આવી નથી, અને છતાં આ ઇન્ડીયન ફોરિન જ્યુરિસડીકશન ઓર્ડર-ઇન-કાઉન્સીલ આપણે જોઇએ છીએ, જે લગભગ અમર્યાદિત સત્તાઓ ગવર્નર જનરલને આપે છે, અને આ ઓર્ડરની સત્તાની રૂએ એવો દાવો કરવામાં આવે છે, કે મુંબઇની સરકાર કોઇપણ માણસને આરોપ કે તપાસણી વિના પોતાની મરજીમાં આવે ત્યારે એજન્સીની હદ અને સીવીલ સ્ટેશનોમાંથી ગમે તેટલા વખતને માટે દેશનિકાલ કરી શકે છે.

૬૯. કાઠિયાવાડના બંધારણની સ્થિતિનો સવાલ બે પ્રસંગે પ્રિવી કાઉન્સીલમાં નિર્ણય માટે આવ્યો હતો. પહેલો પ્રસંગ ૧૮૭૬ ના સાલમાં અગર તે અરસામાં બન્યો હતો. ઇં. લૉ. રિ. ૧ બોમ્બે પા. ૩૬૯માં આપેલા હેવાલમાં ન્યાયમૂર્તિઓના ચુકાદાઓમાં જે હકીકતોમાંથી આ કેસ ઉભો થયો હતો, તે સંપૂર્ણપણે જણાવવામાં આવી છે. ન્યાયમૂર્તિઓએ કાઠિયાવાડને બ્રીટીશ મુલક જાહેર કરવાનું વલણ લીધેલું એવું દર્શાવનારા કેટલાક ફકરા આ ચુકાદામાં છે.

પરંતુ કાઠીયાવાડ બ્રિટીશ મુલક છે કે નહિ, એ સવાલથી સ્વતંત્રપણે એ મુકદ્દમા માંહેના મુદ્દાઓનો નિર્ણય થઇ શકે એવું હોવાથી ન્યાયમૂર્તિઓએ એ મુદ્દા ઉપર કાંઇપણ ચોક્કસ અભિપ્રાય આપવાનું માંડી વાળ્યું હતું.

૭૦. બીજા મુકદ્દમાનો હેવાલ ઇં. લૉ. રિ. ૩૩ કલકત્તા ૨૧૯ માં આપવામાં આવ્યો છે. આ મુકદ્દમામાં પણ જોકે એમ જણાવવામાં આવ્યું છે કે કાઠિયાવાડ આખા પ્રાંત તરીકે બ્રિટીશ મુલક નથી, અને કાઠિયાવાડની અદાલતોએ ચુકાદા આપેલા મુકદ્દમાઓની અપીલો પ્રીવી કાઉન્સીલ સુધી જતી હોવાથી, તેમણે એવો અભિપ્રાય દર્શાવ્યો કે તે રાજ દાખલો ન ગણાય. એ ચુકાદાનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરતાં જણાય છે કે ન્યાયમૂર્તિઓ "કાઠિયાવાડ, આખા પ્રાંત તરીકે"ના અર્થમાં કાઠિયાવાડની અંદરના નાના મોટા બધા દેશીરાજ્યોનો સમાવેશ કરે છે. કમનસીબે એ આખા મુકદ્દમામાં દેશીરાજ્યો સુદ્ધાં આખો કાઠિયાવાડ બ્રિટીશ હિંદનો મુલક છે, એ પાયા ઉપર દલીલ કરવામાં આવી હતી, અને જુદા જુદા વર્ગના રાજ્યો તથા એજન્સીની હદ વચ્ચેનો ભેદ વકીલોની દલીલોમાં અગ્રસ્થાને બતાવવામાં આવ્યો ન હતો, અને ન્યાયમૂર્તિઓને સમજાવવામાં આવ્યો ન હતો.

૭૧. અપીલ કરનાર પક્ષ તરફથી મી. મૅકકાર્થિ, મી. હાલડેન (હાલમાં લોર્ડ હાલડેન)ની સાથે હાજર થયા હતા. મી. મેકકાર્થિએ પોતાનો ચોક્કસ અભિપ્રાય દર્શાવ્યો છે કે એજન્સીની હદના સ્થાન સંબંધી પોતાનો અભિપ્રાય દર્શાવવાના, ન્યાયમૂર્તિઓએ ઇચ્છાપૂર્વક જ અખાડા કર્યા હતા, અને જો કોઇ બે ખાનગી પક્ષકારો વચ્ચેના શુદ્ધ દિવાની પ્રકારનો મુકદ્દમો એજન્સીની અદાલતોમાંથી ઉપર આવે તો એજન્સીની હદ એ બ્રિટીશ મુલક છે, અને એજન્સીની

Scanned by CamScanner

અદાલતો એ રાજઅદાલતો છે, તેમજ એજન્ટ ટુ ધિ ગવર્નરની અદાલતોના ચુકાદા ઉપરની અપીલ રાજાની કાઉન્સીલ એટલે કે પ્રીવી કાઉન્સિલમાંજ આવે, એવો નિર્ણય મેળવી શકાય એ સંભવિત છે.

૭૨. બીજા બે મુકર્દમાઓ મુંબઈ હાઈકોર્ટના છે, જેમાં રાજકોટ અને વઢવાણના સિવીલ સ્ટેશનના સ્થાન સાથે સંબંધ છે. તેમાં એવો નિર્ણય કરવામાં આવ્યો છે કે આ સિવીલ સ્ટેશનો બ્રિટીશ મુલકનો ભાગ નથી.

૭૩. આ સિવીલ સ્ટેશનોની સ્થિતિ વિચિત્ર છે. જે જમીન ઉપર તે સ્થાપવામાં આવ્યા છે, તે જમીનો દેશી રાજ્યો પાસેથી પટ્ટે મેળવવામાં આવી છે, અને જેમ રેલ્વેની લાઈનો ઉપર હકુમત સોંપી દેવામાં આવી છે, તેજ પ્રમાણે આ જમીનો ઉપરની દિવાની તથા ફોજદારી હકુમત પણ દેશીરાજ્યોએ સોંપી દીધી છે, અને આ જમીનો બ્રિટીશ હિંદનો ભાગ છે કે નહિ, તે બાબતમાં જણાવવામાં આવે છે કે આ સ્ટેશના ઉપરની હકુમતના અમલની વ્યવસ્થા બ્રિટીશ પાર્લામેન્ટે કરવી જોઈએ અને પાર્લામેન્ટના કાયદાથી જ્યાં સુધી તેમને તેમ કરવાની સત્તા આપવામાં આવે ત્યાં સુધી હિન્દની સરકારને આ સ્ટેશનો માટે કાયદા કરવાની કાંઈજ સત્તા નથી.

૭૪. અનુમાનો:—ઉપરની ચર્ચામાંથી નીચેના અનુમાનો પર આવી શકાય છેઃ—

(૧) પહેલા અને બીજા વર્ગના રાજ્યોના તાબાના મુલકો બાદ કરતાં કાઠિયાવાડના બીજા બધા મુલકો ૧૮૫૮ માં વાસ્તવિક રીતે ઈસ્ટ ઇન્ડીયા કંપનીના અમલ નીચે જ હતા, અને ૧૮૫૮માં ગવર્નમેન્ટ ઓફ ઇન્ડીયા એક્ટ (૨૧ તથા ૨૨ વિક્ટોરીયા સી. ૧૦૬)ની રૂએ તે મુલકો તાજની હકુમતમાં આવ્યા.

(૨) ઓછામાં ઓછી એજન્સીની હદ તો બધા વ્યવહારિક હેતુઓ માટે બ્રિટીશ હિંદનો ભાગ છે, અને તેનો અમલ ચલાવવામાં બ્રિટીશ પાર્લામેન્ટના કોઈ પણ કાયદા વિના જે કાંઈ કરવામાં આવ્યું છે તે બધું ગેરકાયદેસર છે, અને તે મુલકો હિંદી ધારામંડળની હકુમતની અંદરના છે.

૭૫. અત્રે જણાવવું જોઈએ કે આ અનુમાનોને નીચેની હકીકતોથી પોષણ મળે છે. આ એજન્સીની હદમાંથી મળતી બધી ખંડણી અને બીજી મહેસુલો તેમજ તેના વહીવટને માટે કરવામાં આવતા બધા ખર્ચાનો હિસાબ બ્રિટીશ હિંદનાં બજેટમાં આપવામાં આવે છે, અને નાણાવિષયક બીલમાં સામેલ કરવામાં આવે છે.

પ્રકરણ ૪.

દુઃખો.

૭૬. પહેલા પ્રકરણમાં વર્ણવેલી શાસનપદ્ધતિ સાથે સંકળાયેલા સંકટો વર્ણવવા કરતાં કલ્પી લેવાજ ઠીક પડશે. આ પ્રાંત બેલ્જીયમ જેવડો મોટો છે, જેના વીસ હજાર ચોરસ માઈલ જેટલા મુલકપરની પચીશ લાખ મનુષ્યોની વસ્તી સંપૂર્ણ જોહુકમી અમલ નીચે છે.

૭૭. પહેલા અને બીજા વર્ગના દેશીરાજ્યોની પ્રજાની સ્વતંત્રતા અને માલ મિલ્કતની સલામતી તેમના રાજકર્તાઓની મહેરબાની ઉપરજ આધાર રાખે છે. આ રાજકર્તાઓ લાખો રૂપીયાની મહેસુલને અંગત મોજશોખમાં વેડફી નાખે છે, કાંઈપણ આરોપ, કે તપાસણી

વિના કોઇપણ માણસને કેદખાનામાં નાખવાની, અને કોઇપણ અચોક્કસ સમય સુધી તેને પૂરી રાખવાની તેમને સત્તા છે, તેમજ બિલકુલ નજીવા બહાના નીચે, અગર કાંઇપણ બહાના સિવાય કોઇપણ માણસની મિલકત છીનવી લેવાની અને તેને તેના નિવાસસ્થાનમાંથી હદપાર કરવાની પણ તેને સત્તા છે. ત્યાં સ્વતંત્ર ભાષણ, સ્વતંત્ર મંડળ કે સ્વતંત્ર છાપાનો કોઇને હક નથી. અને બિલકુલ નિર્દોષ પ્રવૃત્તિઓને પણ કોઇપણ વખતે દબાવી દેવામાં આવે છે. રાજાઓને સ્વપોતાના અંગત મોજશોખો પાછળ ખર્ચવાને લાખો રૂપીયા મળે છે, [illegible] કેળવણીવિષયક અને બીજાં ખાતાઓ જેના ઉપર પ્રજાની [illegible] અને વાસ્તવિક પ્રગતિનો આધાર રહે છે, તે બધા મરી [illegible] હાલતમાં હોય છે. ભાયાતો, મુળગિરાસીયાઓ અને છે, [illegible] વખતના જાગીરદારોની જમીનો ખુલી પડે, ત્યારે ખુંચવી લેવામાં આવે છે, અને આવા સેંકડો મનુષ્યો અને કુટુંબોના ભોગ થઇ પડે છે, અને છેક કંગાળ અને નિરાધાર અવસ્થામાં આવી પડે છે. ઘણા મોટા રાજ્યો જબરદસ્ત વ્યાપાર અને સટ્ટામાં પડે છે, અને રાજ્યની મહેસુલના લાખો રૂપીયા જેના તેઓ માત્ર ટ્રસ્ટીઓ જ છે, તે આમ બરબાદ કરે છે. કેટલાક રાજ્યોનું ન્યાયખાતું નખથી શીખ સુધી સડેલું હોય છે, અને તેમાં કેટલાક મુકર્દમાઓ છેવટનો નિર્ણય થયા વિના વર્ષોના વર્ષો સુધી લંબાયા કરે છે. જમીન મહેસુલની કોઈ ચોક્કસ પદ્ધતિ નથી, અને જે શરતોએ જમીનો આપવામાં આવી હોય છે, તે મરજીમાં આવે ત્યારે બદલાવી નાખવામાં આવે છે. કેટલાક માનનીય અપવાદો સિવાય લગભગ બધા રાજ્યોમાં વેઠનો તો નિયમ જ થઇ પડયો હોય છે, અને દરેક વર્ગના મજુર તેમજ કારીગરને રાજા, તેનું કુટુંબ અને તેના રાજ્યને માટે કામ કરવાની ફરજ પાડવામાં આવે છે. દારૂ વિગેરેની અંગત કુટેવો પણ કાંઇ જુજ નથી, અને ઘણા નાના

રાજાઓ તો હલકા વર્ગના ખુશામતીઆઓ અને નીચ માણસોથી હમેશાં વિંટળાયેલાજ રહે છે, અને વાસ્તવિક રીતે તો એ લોકોજ રાજ્ય ચલાવે છે.

૭૮. ઉપરની દરેક હકીકતને માટે કોડીબંધ દાખલાઓ આપી શકાય તેમ છે, પણ મર્યાદાની દ્રષ્ટિએ તેમ કરી શકતા નથી.

૭૯. એજન્સીની હદની હકીકત તો વળી દેશીરાજ્યો કરતાં પણ વધારે ખરાબ છે. પોલીટીકલ એજન્ટ, જે ઘણે ભાગે લશ્કરી માણસ જ હોય છે, તે કાયદાના નિયમમાં શ્રદ્ધા રાખવાનું કદી શીખ્યો હોતો નથી, અને એ નિયમ તેને અગમ્ય હોય છે. દરેક બાબતમાં તેની ઇચ્છા પ્રમાણે જ થવું જોઇએ, અને જે કોઇને તેની સાથે કામ પડે, તેણે તેના ઇચ્છાને તાબે થવું જ જોઇએ. પોતે તો કાયદાના મૂળતત્વોથી પણ અજ્ઞાન હોવાથી તેની અદાલતમાં મુકર્દમા વર્ષો સુધી ટટળે છે. કેટલાક પોલીટીકલ એજન્ટોની અદાલતે ચાલ્યા આવતા વીસ વર્ષ જેટલા જુના મુકર્દમાઓના કોડીબંધ દાખલાઓ હું બતાવી શકું. થાણદારો અને બીજા નીચલા અમલદારોને પોતાના થાણામાં પોતાની મરજી પ્રમાણે કરવાને માટે ફક્ત પોલિટીકલ એજન્ટોના મનના તર્કોનેજ તૃપ્ત કરવા પડે છે.

૮૦. આ પોલિટીકલ એજન્ટોની દેશીરાજ્યો ઉપરની લાગવગ એવી જબરી હોય છે કે કેટલાક રાજાઓ અને તેમના બધા અધિકારીઓ હંમેશાં તેમનાથી થથરતા રહે છે. રાજકીય ચળવળનો બિલકુલ નજીવો દેખાવ, જોકે તે શાન્ત અને સનદશીર હોય, તો પણ તેથી તેમના માલીક પોલીટીકલ એજન્ટ નાખુશ થશે, એમ તેઓ બીએ છે. ઘણા રાજાઓને એવું ઠસાવી દેવામાં આવ્યું હોય છે કે તેમની બધી સત્તા અને તેમનું રાજ્ય પોલિટીકલ એજન્ટ સાહેબની મહેરબાની ઉપર નભે છે. બ્રીટીશ હિન્દમાં રાજકીય

Scanned by CamScanner

ચળવળ શરૂ થઇ, ત્યારથી કેટલાક પોલીટીકલ એજન્ટો દરેક જાતની શાન્ત અને સનદશીર હિલચાલને પણ દબાવી દેવાને માટે સંખ્યાબંધ અધમ રીતિઓનો આશ્રય લેતાં શરમાતા નથી. અને ઘણાં કામો જે તેઓ પોતે ન કરી શકતા હોય તે કરવાને માટે કેટલાક નિર્બળ રાજકર્ત્તાઓને પ્રેરે છે.

૮૧. કાઠિયાવાડના દેશીરાજ્યો તથા એજન્સીની હદમાં વસતા લોકોની જીંદગીની હાલતનો ખરેખરો ચિતાર લખાણમાં આપવો અશક્ય છે; એટલે માત્ર જેઓ આવી હાલતમાં ખરેખર રહેતાજ હોય, તેમને જ તેનો ખ્યાલ આવી શકે.

૮૨. મહાત્મા ગાંધીજીએ એક વાર જણાવ્યું હતું કે દેશી રાજ્યોમાં વસતા લોકો "ગુલામોના ગુલામ" છે, અને તે એકજ શબ્દમાં તેમની ખરી હાલતનો ચિતાર આવી જાય છે.

પ્રકરણ ૫.

ઉપાયો.

૮૩. હવે સવાલ એ ઉભો થાય છે કે આ બધી બદીઓ અને શક્તિહીણતાને માટે ઉપાયો શું છે? એ તો કબૂલ કરવામાં આવ્યું છે કે કાઠિયાવાડના લોકો આટલી બધી શક્તિહીણતા નીચે રહેતા હોવા છતાં તેઓ માનસિક કે વાસ્તવિક પ્રગતિમાં તેમના બ્રિટીશ હિન્દમાં વસતા ભાઇઓ કરતાં કોઇપણ રીતે ઉતરતા નથી. જો બ્રિટીશ હિન્દના લોકો કાઠિયાવાડની સીમા ઉપરજ રહેતા હોવા છતાં સ્વરાજ્યનો એક મોટો હિસ્સો મેળવવાને અને થોડાજ વખત સુધી સંપૂર્ણ જવાબદાર રાજ્યતંત્ર મેળવવાને માટે તદન યોગ્ય

ગણવામાં આવતા હોય તો પછી દેશીરાજ્યોના લોકોને તેમના પોતાનાજ રાજ્યમાં એવાજ હકો મેળવવાની અભિલાષા ન કરવાનું કાંઇજ કારણ નથી.

એક શેરીમાં લાગેલી આગના તણખા જેમ શેરીની બહાર આજુબાજુમાં પહોંચી જાય છે તેમ મોન્ટેગુ ચેમ્સફર્ડ રીપોર્ટના પેરા ૧૫૭ માં જણાવેલી આશાઓ અને મનોરથો પણ બ્રિટીશ સરહદ ઓળંગી દેશીરાજ્યોની હદમાં આવી પડેલ્યા છે, બ્રિટિશ હિંદુસ્થાનમાં દાખલ કરવામાં આવેલ સુધારાઓએ દેશીરાજ્યોની પ્રજાના મનોરથોને પણ ઝડપબંધ આગળ વધાર્યા છે; પરંતુ દેશી રાજ્યોમાં પિતાતુલ્ય મનાતા રાજાઓ પોતાની સત્તાને જમાના પ્રમાણે મર્યાદિત કરવા ના કહે છે.

૮૪. એ તો ખરૂં છે, કે પહેલા અને બીજા વર્ગના દેશી રાજ્યોના લોકોએ તો પોતાના રાજ્યની હદમાંજ રહીને તેમની પોતાની લડત પોતાની મેળેજ લડી લેવી જોઇએ. તેમને કદાચ બ્રિટીશ હિંદમાં વસતા તેમના ભાઇઓ તરફથી તેમની ન્યાયી અને વ્યાજબી ઉત્કંઠાઓ માટે સંપૂર્ણ સહાનુભૂતિ સિવાય કંઇ પણ કાર્યાત્મક મદદ ન મળી શકે, પણ તેમની સ્વતંત્રતા માટેની લડતમાં મોટામાં મોટી મુશ્કેલી અને વિઘ્ન તો બ્રિટીશ સામ્રાજ્યનું જોર છે. બ્રિટીશ સામ્રાજ્યના મહાન રાજનીતિજ્ઞો અને લોકો ઠેઠ સુધી જણાવતા આવ્યા છે, કે તેઓ આ યુદ્ધ તેમના પોતાના સ્વાર્થી હેતુઓ માટે લડયા નથી, પણ યુદ્ધવાદમાંથી ન્હાના ન્હાના રાષ્ટ્રોના રક્ષણ અને છુટકારા અર્થેજ તેઓ લડયા છે, છતાં આ સામ્રાજ્ય પોતે જ પોતાની પાસેના બધા લશ્કરી બળો વડે દેશી રાજ્યોની પ્રજાના તદન વ્યાજબી અભિલાષોને કચડી નાખવાને હંમેશા તૈયાર છે.

૮૫. જો દેશી રાજ્યોના લોકો તેમના રાજકર્તાઓના જુલમ અને દબાણમાંથી રક્ષણ શોધતા આવે, તો તેમને "દેશી રાજ્યોના

Scanned by CamScanner

આંતરિક વહીવટમાં અમે વચ્ચે પડી શકતા નથી," એવો એક સરખો જવાબ મળે છે. તદ્દન હડહડતા અન્યાયની બાબતમાં પણ જો તેઓ કાંઈ કરે, તો એટલુંજ કરે છે, કે થોડી નમ્ર સલાહ, તેનો અમલ કરાવવાના કાંઈજ ઇરાદા વિના આપે છે, એટલે રાજાઓ આવી સલાહોને તુચ્છકારી કાઢવાને અને તેના પર કાંઈજ ધ્યાન ન આપવાને શીખી ગયેલા હોય છે.

૮૬. પણ જ્યારે કોઇ રાજ્યના લોકો કાંઇ ચળવળ કરે, અને રાજા મદદ માગે, ત્યારે બ્રિટીશ સરકાર પોતાનું બધું લશ્કર તેમને સોંપી દેવાને હમેશાં તૈયારજ હોય છે. આવા વલણનો એવી દલીલથી બચાવ કરવાનો તેઓ પ્રયાસ કરે છે, કે બ્રિટીશ સરકાર કોલકરારો, ટેક અને વચનો વિગેરેથી દેશી રાજાનું રક્ષણ કરવાને બંધાયેલ છે. વળી યુદ્ધ દરમિયાન રાજાઓએ કરેલી સેવાઓને લીધે પણ તેઓ બ્રિટીશ સરકાર તરફથી મદદ મેળવવાને હકદાર છે, એવું જણાવવામાં આવે છે.

૮૭ આ બંને દલીલોને બારિક તપાસ પરથી સહેલાઇથી અપ્રતિપાદ્ય કરી શકાય છે. બ્રિટીશ સરકાર અને દેશી રાજાઓ જે કોલકરારોનો દાખલો આપતાં કદી થાકતાજ નથી, તે કોલકરારો અંગત રાજાઓ સાથે નહિ, પણ 'રાજ્યો' સાથે થયેલા છે. તે કોલકરારો રાજાઓ સાથે વ્યક્તિ તરીકે નહિ, પણ તેમના રાજ્યોના પ્રતિનિધિ તરીકે કરવામાં આવેલા છે, અને તેમાં રાજા અને પ્રજા બન્નેનો સમાવેશ થઈ જાય છે. આ કોલકરારોનો હેતુ માત્ર બાહ્ય હુમલાઓ સામે "રાજ્ય"નું રક્ષણ કરવાનો છે, અને આ ખાત્રીના બદલામાં "રાજ્ય" તેમને ખંડણી આપે છે, જે બ્રિટીશ હિંદની મહેસુલનો એક ભાગ છે. આ ખંડણી લોકો પાસેથી મેળવેલા પૈસામાંથી અપાય છે, અને નહિ કે જેમ ઘણીવાર ભૂલથી માની

લેવામાં આવે છે, તેમ રાજાઓના પોતાના ખિસ્સામાંથી; અને પ્રજાને રક્ષણ આપવાનો ઇન્કાર કરીને રાજાઓને આંતરિક બાબતોમાં છૂટે હાથે રક્ષણ આપવાને માટે કાંઈજ કારણ નથી; અને એ જણાવવું જોઇએ, કે પ્રજાને પોતાની ચળવળમાં-માત્ર જુલમગાર શાસન સામેજ નહિ, પણ હાલ પ્રવર્તતી રાજ્યપદ્ધતિનીજ સામે-ગમે તેટલી હદ સુધી વધવાનો, અને પોતાની ઇચ્છાનુસાર રાજ્યપદ્ધતિ ઘડવાનો લોકોને હક્ક છે, અને બ્રિટીશ સરકારને વચ્ચે પડવાનો કાંઇજ હક્ક નથી.

૮૮. યુદ્ધ દરમિયાન સેવાઓ કરેલી કહેવામાં આવે છે, તે સંબંધમાં એ સેવાઓ રાજાઓએ આપી છે, એમ કહેવું એ ચોક્ખું અપ્રમાણિકપણું છે; એ સેવાઓ તો રાજ્યના લોકોએજ આપેલી છે, તેઓએજ બધા માણસો, પૈસા અને સાધનો પૂરા પાડયા છે, અને રાજાઓ તો માત્ર તેમની દ્વારા આ બધી સેવાઓ પહોંચાડવાને માટે આડતીયા તરીકેજ વર્ત્યા છે. આ વાત તો બિલકુલ સ્પષ્ટ છે. અને છતાં આપણને જાણીને અતિશય ખેદ થાય છે, કે યુદ્ધ પછીની બધી પુનરૂરચનાની યોજનાઓ અને વાતોમાં દેશી રાજ્યોની પ્રજાને યાદ પણ કરવામાં આવી નથી, એટલુંજ નહિ, પણ તેમને તો આ કૃતઘ્ન પ્રજાએ-બ્રિટીશ લોકોએ-તેમના જુલમગાર રાજકર્તાઓની દયા ઉપર છોડી દીધા છે.

૮૯. આથી કોઇપણ ચળવળ દેશી રાજ્યની અંદર ફલીભુત થવાની આશા રાખવા પહેલા એ જરૂરી છે, કે દેશી રાજ્યોની અંદર સંપૂર્ણ જવાબદાર અને સનદશીર રાજતંત્ર મેળવવાને માટેની દેશી રાજ્યના લોકોની ચળવળ તરફ બ્રિટીશ સરકારની નીતિ અને વલણ કેવા પ્રકારના છે, તેનો તેમની પાસેથી ચોક્કસ એકરાર કરાવી લેવો જોઇએ; જ્યાંસુધી એ ન થાય, ત્યાંસુધી રાજ્યોની અંદર કાંઇ પણ ચળવળ ચલાવવી નિષ્ફળ છે.

૯૦. આ હેતુ સાધવાને માટે આપણે પહેલા અને બીજા વર્ગના દેશી રાજ્યોના લોકોને બ્રિટીશ હિંદના લોકો પાસે વગર વિલંબે તેમની સરકારને આ એકરાર કરવા ધારાસભાઓ દ્વારા કે બીજી રીતે દબાણ કરીને તેમની કાર્યાત્મક મદદ અને ટેકો આપવાની માંગણી કરવાનો જરૂર હક્ક છે.

૯૧. દેશી રાજ્યોના લોકોએ હાલમાં બધી પ્રવૃત્તિઓને પણ છોડી દઇને લોકોની વ્યવસ્થાપૂર્વક જમાવટ કરવી જોઇએ, અને તેમનું બધું બળ આ સવાલ પર એકઠું કરવું જોઇએ.

૯૨. આ હેતુ પાર ઉતારવા માટે નીચે મુજબ કામ કરવાની રીતો સૂચવવામાં આવે છેઃ—

(૧) પોતાની જાતે વડી ધારાસભાના અને કૌંસીલ ઓફ સ્ટેટના બધા સભ્યોને મળીને તેમને આપણી હકીકત પૂરેપૂરી સમજાવીને તેમની સહાનુભૂતિ મેળવે એવા માણસોની એક બળવાન કમીટી નીમવી.

(૨) એ થયા પછી દેશી રાજ્યોની પરિસ્થિતિને લગતી જે જે હકીકતો સવાલો અને ઠરાવોના રૂપમાં કાઉંસીલો માં લાવી શકાય એવી હોય, તે લાવીને તેનો નિકાલ કરવો.

(૩) રાજ્યોના આગેવાન શહેરીઓના એક સંપૂર્ણ પ્રતિનિધિત્વ ધરાવનાર મંડળે નામદાર વાઇસરોયની મુલાકાતે જઇને દેશીરાજ્યોના લોકોની ચળવળ તરફ બ્રિટીશ સરકારની નીતિ શું છે, તેનો સ્પષ્ટ અને ચોક્કસ એકરાર કરવાનો તેમને આગ્રહ કરવો, અને તેમાં કયા સંયોગોમાં લોકોની કે રાજ્યકર્ત્તાઓની વતી તેઓ વચમાં નહિ પડે, તેની ખાસ સ્પષ્ટ વ્યાખ્યા કરાવવી.

(૪) આમ છતાં જો સંતોષકારક જવાબ ન મળે, તો લોકોએ પાર્લામેન્ટને અને ઇંગ્લંડના બીજા અધિકારીઓને જઇ મળવું.

પહેલા અને બીજા વર્ગના રાજ્યોના સંબંધમાં એટલું કરવાનું છે.

૯૩. હવે નીચલા વર્ગના રાજ્યોની બાબતમાં, ઉપર જણાવેલા પ્રકારની ચળવળ ઉપરાંત તેમના સ્થાનનો નિર્ણય કરી નાખવાની જરૂર છે. જો તેમના ઉપર એજન્સી જે હકુમત ચલાવે છે, તે તેમની જ વતી, અને તેમના પ્રતિનિધિ તરીકે જ હોય, તો તે ગોઠવણ જે સંયોગોમાં કરવામાં આવી હતી, તે સંયોગો ઘણા વખતથી હસ્તી ધરાવતા નથી, એટલે તેમની સંપૂર્ણ હકુમત તરતજ તેમને સ્વાધીન કરી દેવી જોઇએ. જો આ રાજ્યોને તેમની હકુમત બ્રિટીશ સરકાર તરફથી બક્ષીસ તરીકે મળી હોય, તો તેમને રાજાઓ તરીકે શા માટે ગણવા જોઇએ, તેનું કાંઇ કારણ નથી. તેમની સત્તાઓની સ્પષ્ટ વ્યાખ્યા આપીને તેને બરાબર નિયમમાં મૂકવી જોઇએ, અને તેમના એવી રીતે સમુદાયો ગોઠવવા જોઇએ, કે પ્રત્યેક સમુદાય એક પહેલા વર્ગના રાજ્ય જેવડો મોટો થાય, અને પછી તે રાજ્યોના સંયોગોને અનુકુળ સંયુક્ત શાસન સ્થાપવું જોઇએ, જેમાં રાજ્યોના હક્કો જાળવવાની સાથે લોકોને કાયદાઓ ઘડવામાં અને નાણાવિષયક બાબતોને કાબુમાં રાખવામાં અભિપ્રાય આપવાની યોગ્ય સત્તા મળે.

૯૪. એજન્સીના હદ્દાને તો વિધિપુરઃસર મુંબઇ ઇલાકાની સાથે જોડી દેવી જોઇએ, અને બ્રિટીશ કાયદાઓની હકુમત નીચે મુકવી જોઇએ. આ મુલકોના મૂળ રાજ્યકર્ત્તાઓ કદી કોઇ હોવ, તો પણ તેમને તે પાછા સોંપાય, એ બનવું અસંભવિત છે, અને આ ૧૯૨૨

-ની સાલમાં એ મુલકોને કારોબારી સરકારના જોહુકમી અમલ નીચે રહેવા દેવા એ તો બેવકુફી ભરેલું છે. આથી તેમને મુંબઇ ઇલાકાની સાથે મેળવી દેવા સિવાય બીજો કોઇ ઉપાય નથી.

૯૫. આ બધી બાબતો યોગ્ય સ્વરૂપમાં નામદાર વાઇસરોય સામે મુકવી જોઇએ, અને એ આખા સવાલમાં તપાસ ચલાવવાને માટે એક કમીશન નિમવાની તેને અરજ કરવી જોઇએ. કાઠીયાવાડમાં એવા ઘણા મનુષ્યો છે, જેઓને બ્રિટીશ સરકારની ન્યાયબુદ્ધિમાં બિલકુલ કાંઇ જ શ્રદ્ધા નથી, અને પરિણામે ઉપર સુચવેલી ચળવળની રીતિઓમાં પણ શ્રદ્ધા નથી. પરંતુ લેખક માને છે, કે કાઠીયાવાડના લોકોએ હજી ઉપર સુચવેલી દિશામાં કાંઇ ગંભીર પ્રયત્ન કર્યો નથી, નાસીપાસ થવાનું કાંઇજ કારણ નથી. કદાચ આપણને તુરતમાં ફતેહ ન મળે, એ બનવા જેવું છે, પણ આપણે આપણી સમક્ષ ચળવળની જે જે સનદશીર રીતિઓ પડેલી છે, તે બધીનો ઉપયોગ કરી ચૂકયા પછી, જો આપણને યોગ્ય ઇન્સાફ નહિ મળે, તો પછી ઇન્સાફ મેળવવાને માટે બીજી રીતિઓનો આશ્રય લેવાને આપણી પાસે પુષ્કળ સમય પડયો છે.



ડૉ. પ્રદ્યુમ્ન ભ. ખાચર

પરિશિષ્ટ ક.

કાઠિયાવાડ પોલિટીકલ એજન્સી ગેઝેટ

પુસ્તક ૪૧ મું. ગુરૂવાર તા.૨૩ જુલાઇ ૧૯૦૩. અંક ૩૦.

(બોમ્બે ગવર્નમેન્ટ ગેઝેટ, ભાગ ૧, તા. ૧૮ મી સપ્ટેમ્બર ૧૯૦૨, પા. ૧૫૬૦ માંથી ઉતારો.)

જાહેરનામું

પોલિટીકલ ડિપાર્ટમેન્ટ.

બોમ્બે કેસલ, તા. ૧૭ મી સપ્ટેમ્બર ૧૯૦૨.

નં. ૬૮૧૮—હિન્દની સરકારના વિદેશીય ખાતાનું નીચેનું જાહેરનામું જાહેરજનતાની જાણ માટે અત્રે ફરી પ્રસિદ્ધ કરવામાં આવે છેઃ—

સિમલા તા. ૧૨ મી સપ્ટેમ્બર ૧૯૦૨.

નં. ૩૯૨૭ આઇ. એ.— નામદાર કીંગ ઇન કાઉન્સીલનો નીચેનો હુકમ, જે તા. ૧૩ મી જુન ૧૯૦૨ ના લંડન ગેઝેટમાં પ્રસિદ્ધ થયો હતો, તે જાહેરજનતાની જાણ માટે અત્રે ફરી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ઇન્ડીયન (ફોરેન જ્યુરિસ્ડિકશન) ઓર્ડર ઇન કાઉન્સીલ, ૧૯૦૨

બકીંગહામ પ્રાસાદની કચેરીમાં,

તા. ૧૧ મી જુન ૧૯૦૨.

હાજરઃ

નામદાર શહેનશાહ.

લોર્ડ પ્રેસિડન્ટ.

અર્લ ઓફ કિન્તોર.

લોર્ડ બાલ્ફર ઓફ બર્લે.

સર જોન વિનફીલ્ડ બોન્સર.

Scanned by CamScanner

નામદાર શહેનશાહને કોલકરાર, બક્ષીસ, રૂઢી, અપ્રતિબંધ અને બીજા કાયદેસર ઉપાયોથી હિંદમાં અને તેની પાસેના અમુક મુલકોમાં સત્તાઓ અને હકુમત છે, જેનો તેમની વતી હિન્દના ગવર્નર જનરલ ઇન કાઉંસીલ અમલ કરે છે, તેથીઃ—

નામદાર શહેનશાહ, તેમને ૧૮૯૦ ના વિદેશીય હકુમતના કાયદાથી અગર બીજી રીતે મળેલી સત્તાઓની રૂએ, અને તે સત્તાઓનો અમલ કરતાં, તેમની પ્રિવી કાઉંસીલની સલાહથી અને સલાહ અનુસાર નીચે મુજબ હુકમ ફરમાવવા માગે છે અને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કેઃ—

૧. આ હુકમને "ઇન્ડીયન (ફોરિન જ્યુરિસડિકશન) ઓર્ડર ઇન કાઉંસીલ ૧૯૦૨" એટલે કે ૧૯૦૨ નો હિન્દી વિદેશીય હકુમતનો શાહી કાઉંસીલમાંથી નીકળેલો હુકમ કહેવામાં આવશે.

૨. આ હુકમ, બ્રિટીશ હિન્દની બહારના હિન્દના મુલકો, અને બીજા કોઇપણ મુલકો તથા એવા મુલકોને લગતા સમુદ્રો, જેની ઉપર નામદાર શહેનશાહ અગર તેમની વતી હિન્દના ગવર્નર જનરલ ઇન કાઉંસીલ, અગર તેની નીચેના કોઇ અધિકારી મારફત, હકુમત ચલાવવામાં આવે એમ નામદાર શહેનશાહ ઇન કાઉંસીલ જાહેર કરે, તે તે હદની અંદર લાગુ પડે છે.

૩. આ હુકમની હદમાં હાલને માટે જે કાંઇ સત્તા અગર હકુમત નામદાર શહેનશાહ અગર હિંદના ગવર્નર જનરલ ઇન કાઉંસીલને છે, તે સત્તા અગર હકુમત હિન્દનો ગવર્નર જનરલ ઇન કાઉંસીલ, નામદાર શહેનશાહની વતી ભોગવી શકે છે, તેમજ ગવર્નર જનરલ ઇન કાઉંસીલને વખતોવખત યોગ્ય લાગે, તેવી રીતે અને તેટલા પ્રમાણમાં આવી કોઈપણ સત્તા અગર હકુમત બ્રિટીશ હિંદની સરકારના કોઇપણ નોકરને તે સોંપી શકે છે.

૪. આ હુકમને અમલમાં મુકવા માટે અને ખાસ કરીને નીચેના કામો માટે અગત્યના જણાય તેવા નિયમો અને હુકમો ગવર્નર જનરલ ઇન કાઉંસીલ ઘડી શકે છેઃ—

(૧) બંને રસ્તે અમલમાં હોય, એવા કોઇ પણ કાયદાના બધા અગર કોઇપણ કાનુનો ફેરફારો સાથે અગર ફેરફાર વિના લાગુ કરીને અથવા બીજી રીતે અમલમાં મુકવાનો કાયદો અને વહીવટક્રમ નક્કી કરવાને માટે;

(૨) સામાન્ય રીતે અગર ખાસ વર્ગોમાં કે ખાસ બાબતોમાં કયા લોકો હકુમતનો અમલ કરનાર છે, તે તેમજ તેઓ કઈ સત્તાઓનો અમલ કરનાર છે, તે નક્કી કરવા માટે;

(૩) આ હુકમની રૂએ અમલમાં મુકાતી હકુમતને લીધે, તેને પરિણામે અગર તેની મદદમાં કાંઇપણ હકુમત કઇ અદાલતો, અધિકારીઓ, ન્યાયાધીશો અને મેજીસ્ટ્રેટોએ અમલમાં મુકવી તે નક્કી કરવા માટે અને તે કેવી રીતે અમલમાં મુકવી તેનો નિયમ કરવાને માટે;

(૪) હકસાઇઓ (Fees)ની રકમ, ઉઘરાણી અને લાગાના નિયમો કરવા માટે.

૫. હિંદી ન્યાયખાતાના કોઇ ધારાની રૂએ અગર તેને અનુસરીને વિદેશીય હકુમતનો અમલ નિયમમાં મુકવાને માટે કરવામાં અગર કાઢવામાં આવેલ બધી નિમણુંકો, સોંપણીઓ, ખાત્રીપત્રકો અરજીઓ, નિયમો, જાહેરનામાઓ, બજવણી હુકમો, હુકમો અને સૂચનાઓને આ ઉપરથી બહાલ રાખવામાં આવે છે, અને જે આ હુકમની રૂએ જે કરવામાં અગર કાઢવામાં આવેલ હોય, તેમ તે અમલમાં રહેશે.

૬. આ હુકમની રચનાને ૧૮૮૯નો વ્યાખ્યાનો કાયદો લાગુ થાય છે.

એ. ડબલ્યુ. ફિટ્ઝરૉય.
(સહી) એચ. એસ. બાર્ન્સ,
હિન્દી સરકારના સેક્રેટરી.
નામદાર ગવર્નર ઈન કાઉંસીલના હુકમથી,
એસ. ડબલ્યુ. એડ્ગર્લિ,
સરકારના એકટીંગ ચીફ સેક્રેટરી.

પરિશિષ્ટ ख.

સ્વચ્છંદ અમલનો એક નમુનેદાર દાખલો.

શ્રી. મનઃસુખલાલ ર. મહેતાની ધરપકડ અને તેમને થયેલી હદપારની સજા.

મુંબઈ ઇલાકાની અંદરની પોલીટીકલ એજન્સીઓમાં મુંબઈ સરકાર તરફથી ચલાવવામાં આવતા જહાંગીરી અને બીનજવાબદાર પ્રકૃતિના અમલથી તેમજ એ ભાગોમાં તેઓ જે બે-લગામ સત્તાઓ ચલાવે છે તેનાથી જનસમાજને વાકેફ કરવાના હેતુથી શ્રી મનઃસુખલાલ ર. મહેતાના કેસની હકીકતો અત્રે રજુ કરૂં છું. તેમના તરફ જે વર્તણુક ચલાવવામાં આવી છે, તે પરથી સઘળા સુવિચારી લોકોને ખાત્રી થશે, કે એજન્સીના લોકો જે પરિસ્થિતિમાં જીવે છે, તે બિલકુલ અસહ્ય છે, એટલે તેઓએ આ પ્રકારનો અમલ વિના વિલંબે સુધારવામાં આવે, એ જોવાને માટે પોતાની બધી શક્તિઓનો ઉપયોગ કરવો જોઇએ.

શ્રી. મનઃસુખલાલ ર. મહેતા એક પ્રતિષ્ઠિત જૈન ગૃહસ્થ છે, અને ગુજરાતના મહાન્ કવિ અને તત્ત્વવેત્તા શ્રીમદ્ રાજચંદ્રના ભાઇ છે. તેમને મુંબઇમાં ઝવેરાત, મોતી અને હીરાનો મોટો વિસ્તૃત વ્યાપાર છે તેઓ મૂળ મોરબી રાજ્યમાં આવેલ વવાણીયાના વતની છે, પરંતુ તેઓ ઘણા વરસ મુંબઇમાં રહ્યા છે, એટલે વ્યવહારિક હેતુઓને માટે તેઓ એક બ્રિટીશ પ્રજાજન છે. છેલ્લા આઠેક વર્ષથી તેઓ રાજકોટ સિવિલ સ્ટેશનમાં રહે છે, જ્યાં રાજકોટ સિવિલ સ્ટેશનના એજન્સી અધિકારીઓ પાસેથી ખરીદેલી સ્થાવર મિલ્કતની તેઓ માલિકી ધરાવે છે.

શ્રી. મનઃસુખલાલ ઘણા વરસથી હિન્દના દેશીરાજ્યોને લગતી રાજનીતિમાં બહુજ ઉત્સુકતાથી રસ લેતા આવ્યા છે, અને તેઓ એ વિષયના એક મહાન્ અભ્યાસી છે, એમ સૌ કોઈ કબુલ કરે છે. તેમણે વર્તમાનપત્રોમાં સામાન્ય રીતે દેશીરાજ્યોને લગતા અને ખાસ કરીને કાઠિયાવાડના રાજ્યોને લગતા જે સંખ્યાબંધ લેખો લખ્યા છે, તે તેમની મહાન્ બુદ્ધિ, અભ્યાસ, ઉદ્યમ અને સમયસૂચકતાની સાક્ષી પૂરે છે.

જ્યારથી તેમણે રાજકોટ સિવિલ સ્ટેશનમાં તેમનો નિવાસ કર્યો, ત્યારથી તેમણે કાઠિયાવાડના સ્ટેટોની દબાયેલી પ્રજાનો ઉદ્ધાર કરવાને માટે રાતદિવસ કામ કર્યા કર્યું છે, અને કાઠિયાવાડની હાલની રાજકીય જાગૃતિ એ બહુધા તેમના શ્રમનું પરિણામ છે. તેઓ કાઠિયાવાડ રાજકીય પરિષદના સ્થાપક અને સંયોજક છે, અને એ સંસ્થાની હયાતિ અને લાગવગ શ્રી મનઃસુખલાલની મહેનતને આભારી છે. તેમણે પરિષદની પહેલી બેઠકને ફતેહમંદ બનાવવાને માટે જે ચાલુ ઉદ્યમ અને પ્રયત્નો પૂરા બાર માસ સુધી તન અને ધનની દરકાર કર્યા વિના ચાલુ રાખ્યા, તે જે

કોઇ જાણે છે, તેઓ શ્રી. મનઃસુખલાલનું દેશાભિમાન, અને કાઠિયાવાડના સ્ટેટોના લાખો દુઃખી મનુષ્યોના હિત માટેની નિઃસ્વાર્થ ભક્તિની પ્રશંસા કર્યા વિના રહેશે નહીં.

દેશી રાજ્યોની રાજનીતિના બાબતમાં શ્રી. મનઃસુખલાલ એક ચુસ્ત વિનીત જેવા છે. તેમના બધા લખાણો પરથી જણાઈ આવે છે કે તેઓ દેશીરાજ્યોને ચાલુ રાખવામાં જ શ્રદ્ધા ધરાવે છે, અને તેઓ એકદમ જડમૂળથી સુધારા કરવાની વિરૂદ્ધ છે, અને સાવ યુરોપીય પ્રજાતંત્રના નમુના પ્રમાણે નહિ, પણ તેમાં દેશીરાજ્યોને નિભાવવા યોગ્ય સંસ્થાઓ તરીકે મજબુતી મળે તેવા ફેરફારો કરીને પ્રજાસત્તાક સંસ્થાઓ ધીમે ધીમે ખીલવવા તેઓ માગે છે. કાઠિયાવાડના ઘણા એક રાજ્યકર્તાઓ શ્રી. મનઃસુખલાલને માત્ર તેમના શુભેચ્છક અને સહાયક જ નહીં પણ પોતાના મિત્ર અને નેતા તરીકે માને છે. તેમણે ઘણીવાર બ્રિટીશ સરકાર સાથેના સંબંધમાં દેશીરાજાઓના હક્કો સાફ બતાવી આપ્યા છે, અને તેમણે હમેશાં દેશીરાજ્યોના આંતરિક વ્યવહારમાં દખલગીરી નહિ કરવાની નીતિનીજ હિમાયત કરી છે. આવા કેટલાક વિચારો માટે ઘણીવાર કાઠિયાવાડના તેમના પ્રગતિકારક રાજનીતિમાં માનનારા મિત્રોએ સખ્ત વિરોધ કર્યો છે, પણ એ બધા વિરોધ છતાં શ્રી મનઃસુખલાલ જીવન પર્યંતની અંગત મિત્રાચારીના ભોગે પણ તેમના સિદ્ધાંતોને હમેશાં ચુસ્તપણે વળગી રહ્યા છે, અને પોતાની જાત ઉપર સખ્ત હુમલાઓ-ઘણીવાર અધમ પંક્તિના અંગત હુમલાઓ અને હેતુ સંબંધી આરોપો વહોરી લીધા છે.

સંભવિત છે કે એજન્સીના રાજદ્વારી અમલદારો, જેઓ બ્રિટીશ હિંદમાંના તેમના ભાઇઓ કરતાં પણ ઘણા ખરાબ પ્રકા-

રના નોકરશાહીના હિમાયતીઓ છે, અને જેમને મન દરેક જાતની રાજકીય ચળવળ ગમે તેટલી સદનશીર, શાન્તિમય અને વ્યાજબી હોય તોપણ અરૂચિકર છે, તેઓ શ્રી. મનઃસુખલાલની ચળવળ લાંબો વખત સાંખી શક્યા ન હોય; તેમના ઉપર તેઓ નજર રાખી રહ્યા હોય, અને તેમને દૂર કરવાને માટે તેઓ કોઇ અનુકૂળ પ્રસંગ અને કોઇ બ્હાનું ખોળી રહ્યા હોય, એ પણ સંભવિત છે. આ ધાટની વેતરણમાં ગયા જાન્યુઆરીમાં નામદાર ગવર્નરે કાઠિયાવાડની મુલાકાત લીધી, એ તક તેમણે સાધી અને બિલકુલ નજીવા બ્હાના નીચે, કાંઇ પણ આરોપ કે તપાસણી સિવાય, કે તેમના ગુન્હા બાબત કાંઇપણ હકીકત જણાવ્યા સિવાયજ, માત્ર પશુબળ ઉપરાંત જેની પાછળ બિલકુલ કાંઈ પણ મંજુરી નથી, એવા એક ખુલ્લા કારોબારી હુકમ વડેજ તેમને કાઠિયાવાડનાંથી દેશનિકાલ કરવામાં તેઓ ફાવ્યા છે.

તેમને સ્વચ્છંદ રીતે પકડીને રાજકોટની જેલમાં કેદ કરવામાં આવ્યા, તથા પાછળથી તમામ એજન્સી હદમાંથી તેમને હદપાર કરવામાં આવ્યા, તેના કારણભૂત સંયોગો જેવા દુઃખદાયક છે, તેવાજ કમકમાટી ઉપજાવનારા છે; અને એ બનાવો ઉપરથી મુંબઈ સરકાર આ અઢીલાખ માણસોની ઉપર કેટલી હદ સુધી, અને કેવા પ્રકારનો જહાંગીરી અમલ ચલાવે છે, તે તેમજ આ રાજા વિનાની પ્રજા કેવી નિરાધાર સ્થિતિમાં છે, તે ખુલ્લે ખુલ્લું જણાઇ આવે છે. એ બનાવો ટુંકામાં નીચે પ્રમાણે છે:—

૧૯૨૧ની સાલની શરૂઆતમાં એવું જાહેર થયું કે નામદાર ગવર્નર સર જ્યોર્જ લોઇડ કાઠિયાવાડની મુલાકાતે આવવાના વિચારમાં છે. આ સમાચારથી સ્વાભાવિક રીતે દેશીરાજ્યો તેમજ એજન્સીની હદમાં ભારે આશાઓ ઉત્પન્ન થઇ, કેમકે લોકોએ ધાર્યું કે નામદાર ગવર્નર જેઓ ત્યાર સુધી એક ઘણા લાગણી-

Scanned by CamScanner

વાળા અને વિનીત વિચારના રાજપુરૂષ મનાતા હતા, તેઓ કાઠિયાવાડમાં પોતાની જાતેજ તે પ્રાંતના લોકોના સંયોગો જાણવાને માટે આવે છે, અને તેથી તેઓ તેમની સંખ્યાબંધ ફરિયાદો દૂર કરવાને તથા રાજ્યકર્તાઓને તેમના રાજ્યોમાં સુધરેલી શાસનપદ્ધતિ દાખલ કરવાની સલાહ આપવાને પોતાથી બનતું કરશે.

કમનસીબે એ મુલાકાત દિવસે દિવસે મુલ્તવી રખાતી ગઈ અને આખરે જાહેર કરવામાં આવ્યું કે નામદાર ગવર્નર આ પ્રાંતની મુલાકાત ૧૯૨૨ ના જાન્યુઆરીના છેલ્લા અઠવાડીયામાં લેશે. આ જાહેરાતની સાથે નામદાર ગવર્નરનો પ્રોગ્રામ પણ પ્રસિદ્ધ થયો, જે વાંચતા લોકોને સખેદાશ્ચર્ય થયું. એ કાર્યક્રમમાં જુદા જુદા સ્ટેટો તરફની મીજમાનીઓ, ખાણાઓ, રમતો, શીકાર અને બીજી બિનઅગત્યની સંસ્થાઓની થોડીક મુલાકાતો સિવાય બીજું કશું જ ન હતું. એમાં ક્યાંય પણ લોકોની વાત તો આવતી જ ન હતી, એટલે જણાઈ આવ્યું કે આ તો બધું નામદાર ગવર્નરને લોકોની ખરી પરિસ્થિતિથી બિલકુલ અંધારામાં રાખવાને માટે રાજદ્વારી અધિકારીઓની અને રાજ્યકર્તાઓની એક ચાલાક યુક્તિ હતી; અને વસ્તુતઃ આ આખો કાર્યક્રમ એવી રીતે ગોઠવવામાં આવ્યો હતો કે તેમાં માત્ર એક તમાશા કરતાં કાંઇજ વધારે ન હતું.

કેટલાક રાજાઓ નામદાર ગવર્નરના સ્વાગત અને આતિથ્ય માટે મહિનાઓની ભારે ખરચાળ તૈયારીઓ કરી રહ્યા હતા, અને માત્ર થોડાક દિવસના તમાશાની ખાતર લાખો રૂપીયાના ખર્ચના બજેટ કરવામાં આવ્યા હતા.

કેટલાક લોકોએ નામદાર ગવર્નરની આગળ લોકોની ફરિયાદો

રજુ કરવાના હેતુથી તેમના ખાનગી સેક્રેટરીને પત્રો લખીને નામદાર ગવર્નરની સાથે વાતચીત કરવાને માટે આજ્ઞા આપવાની વિનતિ કરી; પરંતુ તે વિનતિઓનો સભ્યતાપૂર્વક ઇન્કાર કરવામાં આવ્યો, જેમ થવામાં કદાચ સ્થાનિક અમલદારોની સલાહ કારણભૂત હશે.

આ સંયોગોમાં શ્રી મનઃસુખલાલ અને રાજકોટ સિવીલ સ્ટેશનના બીજા સાત આગેવાન ગૃહસ્થોએ તા. ૭ મી જાન્યુઆરી ૧૯૨૨ ને રોજ એક પત્રીકા બહાર પાડી, જેમાં દેશીરાજ્યો તથા એજન્સીની હદમાં વસતા લોકોની પરિસ્થિતિ તેમજ તેમની ફરિયાદોનો ઉલ્લેખ હતો. આ પત્રિકામાં અમુક રાજકર્તાઓની ખર્ચાળ તૈયારીઓ સામે તથા નામદાર ગવર્નરના કાર્યક્રમમાં રાખવામાં આવેલ બત[ક] મારવાની તેમજ શિકારની બાબતો સામે કાઠિયાવાડની વસ્તી[ના] મોટા ભાગ–જૈનો તેમજ બીજા ચુસ્ત હિન્દુઓ–ની ધાર્મિક લાગણી દુખાતી હોવાના સબબે નમ્ર પણ સજ્જડ વિરોધ કરવામાં આવ્યો હતો. એ ખરૂં છે કે સાધારણ રીતે આવા શિકારની સામે—જો તે કોઈ ગામથી આસપાસ બે માઇલ સુધીમાં ન હોય તો—કાંઇ ગંભીર વાંધો ઉઠાવવામાં આવતો નથી, અને કાઠિયાવાડના લગભગ બધાજ રાજ્યોમાં કોઇ ગામની આસપાસ બે માઇલ સુધીમાં પરવાના વગર શિકાર કરવાની તેમજ માછલા મારવાની મનાઇ કરનારા કાયદાઓ છે, જે પરવાનો માત્ર વરસના અમુક નક્કી કરેલા સમયને માટેજ આપવામાં આવે છે. પણ નામદાર ગવર્નરના સંબંધમાં જે વાંધો લેવામાં આવ્યો, તે એવી દૃષ્ટિથી કે વસ્તીના મોટા ભાગની ધાર્મિક લાગણી દુભાય એવું કાંઇ પણ કૃત્ય કરવાનો વિચાર સરખો નહિ કરતાં નામદાર ગવર્નર આવી બાબતોમાં લોકોની લાગણીને માન આપીને બીજાઓમાં પણ

દાખલો બેસાડશે, એવું માનવાનો લોકોને હક્ક છે. શિકારની બધી બાબતોમાંથી સરધારના તળાવમાં બતક મારવાની બાબત ખાસ વાંધા ભરેલી હતી, કેમકે તે રાજકોટ શહેરની નજીકમાં છે, અને તે સરોવર સરધાર ગામની તદ્દન બાજુમાંજ છે, તથા ત્યાં બતક મારવાની મનાઇ કરવામાં આવેલી છે.

આ પત્રિકા લોકોની લાગણીઓ નામદાર ગવર્નરની જાણમાં આવે, એ હેતુથી જ છાપવામાં આવી હતી, પણ એ પત્રિકા તરફ કાંઇ પણ ધ્યાન નહિ અપાવાથી, તથા શિકારના કાર્યક્રમમાં કશો પણ ફેરફાર નહિ કરવામાં આવ્યાથી તા. ૧૭ મી જાન્યુઆરી ૧૯૨૨ ને રોજ રાજકોટ સદરમાં એક જાહેરસભા ભરવામાં આવી, અને તેમાં ઉડાઉ ખર્ચો સામે તથા શિકારની સામે વિરોધ દર્શાવનાર ઠરાવો પસાર કરવામાં આવ્યા, અને તે ઠરાવો અધિકારીઓ તરફ રવાના કરવામાં આવ્યા.

તા. ૨૧ મી જાન્યુઆરીને રોજ રાજકોટ સ્ટેટની પ્રજાએ એવીજ એક સભા ભરી, અને એવાજ ઠરાવો પસાર કરીને આગેવાન શહેરીઓનું એક પ્રતિનિધિમંડળ રાજકોટ સ્ટેટના દિવાનની પાસે સરધારના બતકના શિકારનો કાર્યક્રમ રદ કરવાની તેમને વિનતિ કરવા માટે મોકલ્યું. પરંતુ દિવાને જણાવ્યું કે આ બાબતમાં તેઓ લાચાર છે.

તા. ૧૭ મી ની સભાના ઠરાવોનો નામદાર ગવર્નર તરફથી કશોજ જવાબ મળ્યો નહિ; વળી દિવાન તરફથી મળેલા નિરાશાજનક પ્રત્યુત્તરથી લોકો બહુજ ઉશ્કેરાઇ રહ્યા હતા. તેઓએ કેટલાક વધુ પગલા લેવાની યોજનાઓ કરવા માંડી, જેમાં ના. ગવર્નરના આગમન પ્રસંગે એક સર્વસામાન્ય હડતાળ પાળવાની યોજના પણ હતી.

તા. ૨૫ મી એ ના. ગવર્નરના ખાનગી સેક્રેટરી ઉપર નીચેની મતલબનો એક તાર કરવામાં આવ્યોઃ—

" નીચેની હકીકત ના. ગવર્નરને માનપૂર્વક જણાવવાની રજા લઇએ છીએ. કાઠિયાવાડ અસહકારી નથી, તેથી ના. ગવર્નરની મુલાકાતને અસહકારી દૃષ્ટિબિન્દુથી જોતું નથી, પરંતુ અગાઉ જણાવી ગયા પ્રમાણે સ્વાગતના ગંજાવર ખર્ચ તરફ નારાજ છે. શાન્ત ચળવળ ચાલવાની ધાસ્તી છે. શિકારોથી વસ્તીના મોટા ભાગની ઉંડામાં ઉંડી ધાર્મિક લાગણીઓ દુભાય છે. એને માટે ખાસ વાંધો લેવામાં આવે છે. રાજકોટ ખાસ વાંધો લે છે. સરધારનો કાર્યક્રમ ઠાકોર સાહેબની ગેરહાજરીમાં ગોઠવાયો છે."

આ તારના જવાબની લોકોએ તા. ૨૭ મી જાન્યુઆરી સુધી રાહ જોઇ, પરંતુ પ્રત્યુત્તર આપવા જેટલી પણ સભ્યતા દર્શાવવામાં આવી નહિ.

તા. ૨૭ મીની સવારે શ્રી. મનઃસુખલાલે નામદાર ગવર્નરના ખાનગી સેક્રેટરી ઉપર એક પત્ર લખ્યો. તેમાં રાજકોટ સ્ટેટના જાહેરનામા નં. ૫૮ (૧૮૯૪નો) થી જાહેર કરવામાં આવેલ સરધારના તળાવમાં શિકાર કરવાની મનાઇ કરનાર સ્થાનિક કાયદા તરફ ધ્યાન ખેંચવામાં આવ્યું હતું; તેમજ એ બાબતમાં લોકોની લાગણી કેવી છે, તે જણાવીને કાયદાને માન આપવાનો હુકમ કરવાની ના. ગવર્નરને વિનતિ કરવામાં આવી હતી.

આ પત્રમાં કરવામાં આવેલી પ્રાર્થના તરફ કાંઇજ ધ્યાન આપવામાં ન આવ્યું, એટલે સાંજે આ બાબતમાં હવે શું પગલા લેવા એ વિચારવા માટે એક મોટી જાહેરસભા ભરવામાં આવી. આ સભામાં શ્રી. મનઃસુખલાલે જણાવ્યું હતું કે હડતાલ પાળવાથી ના. ગવર્નર તરફ ઇચ્છાપૂર્વક અપમાન કરેલો ગણાશે, એટલે તેમણે સૂચવ્યું

Scanned by CamScanner

કે આપણા એક પ્રતિનિધિમંડળને મુલાકાત આપવાની ના. ગવર્નરને વિનતિ કરવી, અથવા તો અગાઉથી ખબર મોકલાવ્યા બાદ પ્રતિનિધિમંડળે તેમના નિવાસસ્થાને જઇ પહોંચવું. બીજી એક એવી દરખાસ્ત મૂકાઇ હતી. કે ના. ગવર્નરના આગમનના દિવસે અથવા તો શિકારના દિવસે સૌએ ઉપવાસ પાળવો.

પ્રતિનિધિમંડળ મોકલવાની દરખાસ્ત કરતા શ્રી. મનઃસુખલાલે સમયના ઉકળાટમાં જણાવી દીધું, કે જોકે આપણી ચળવળ બિલકુલ શાન્તિમય અને તદ્દન સનદશીર છે તોપણ કદાચ તેથી સ્થાનિક અમલદારો ક્રોધે ભરાશે, અને લોકોને કદાચ પોલીસના સંગીનોની અણીઓનો માર સહન કરવો પડશે.

ઘણું કરીને આજ શબ્દોનો અધિકારીઓને ઉંધો અર્થ સમજાવવામાં આવ્યો હતો, અને શ્રી. મનઃસુખલાલ તથા તેમના સહચારી શ્રી. મણીલાલ કોઠારી જેઓ આ બધી હીલચાલમાં તેમની સાથે જ કામ કરવામાં હતા, તે બન્નેની સામે જે બધાં પગલાં લેવામાં આવ્યા તેનું પ્રતિપાદન આ એક જ બનાવના આધારે કરવામાં આવે છે.

અત્રે જણાવવું જોઇએ કે પોલીસ ઇન્સ્પેટર મી. અમરચંદ અને તેમના આસિસ્ટંટ મી. અમાનતુલ્લાએ આનો ખરેખરો અર્થ શું હતો, તેની શ્રી. મનઃસુખલાલની પાસે પુછપરછ કરી હતી, અને તેમણે તેમને જણાવ્યું હતું કે લોકોનો ઇરાદો લગભગ બે હજાર જેટલી મોટી સંખ્યામાં ના. ગવર્નરની પાસે હાજર થવાનો અને તેમની ધાર્મિક લાગણીઓને માન આપવાની તેમને વિનતિ કરવાનો છે. તેમણે સ્પષ્ટ જણાવ્યું હતું કે અગાઉથી ખબર આપ્યા સિવાય અને ના. ગવર્નરની રજા મેળવ્યા સિવાય તેઓ કાંઇ પણ કરશે નહિ.

બીજે દિવસે એજંટ ટુ ધિ ગવર્નર કર્નલ વુડે શ્રી મનઃસુખલાલ તથા શ્રી. મણીલાલને પોતાની પાસે બોલાવ્યા. તેઓ ત્યાં ગયા, પણ તેમને ઘણો વખત સુધી તેની ઓફીસની બહાર રાહ જોવી પડી, અને જો કે તેમણે બે ત્રણ વખત અંદર કહેવડાવ્યું, તોપણ તેમને અંદર બોલાવવામાં આવ્યા નહિ. આથી તેમને બીજું વધારે અગત્યનું કામ હોવાથી તેઓ ચાલતા થયા. આથી કર્નલ વુડને ગુસ્સો ચડયો, એટલે તેણે તેમને રોકવા માટે પોતાના પટાવાળાને મોકલ્યા. બન્ને ભાઇઓ પાછા વળ્યા, અને તેમને અંદર બોલાવવામાં આવ્યા. આ વખતે એજન્સી પોલીસ સુપરિન્ટેન્ડન્ટ મી. લૅંગ આવી પહોંચ્યા હતા. કર્નલ વુડ, રાજકોટ સ્ટેટના દિવાન મી. શ્રોફ તથા મી. લૅંગ ખુરશીઓ ઉપર બેઠા હતા, અને શ્રી. મનઃસુખલાલ તથા મણીલાલને બેઠક આપવામાં આવી નહિ, તેથી તેમને ઉપરના અમલદારોની સામે ઉભા રહેવું પડયું. તેમને આથી અપમાન લાગ્યું, તોપણ તેઓ તે વખતે કાંઇ બોલ્યા નહિ. મી. શ્રોફે કર્નલ વુડને તેમની ઓળખાણ કરાવી. પછી નીચે મુજબ સંવાદ થયો:—

કર્નલ વુડ—તમે ચાલ્યા જવાથી ઇચ્છાપૂર્વક અને ઇરાદાપૂર્વક મારૂં અપમાન કર્યું છે. તમે જાણો છો કે હું એજંટ ટુ ધિ ગવર્નર છું? તમે મારી હકુમતમાં છો.

શ્રી. મનઃસુખલાલ—હા, હું જાણું છું. પણ પહેલા ખાનગી વ્યક્તિઓ તરીકે અમને બોલાવવા અને પછી હકુમતની વાતો કરવી, એ શું, કર્નલ વુડ, તમારે માટે ગૃહસ્થાઇ ભરેલું કામ છે? તમે જાણો છો કે અમે અહીં અમારા ખાનગી કામ માટે નથી આવ્યા? અમે જાહેર કાર્યકર્તાઓ તરીકે આવ્યા છીએ, અને આપે અમને જાહેર કાર્યકર્તાઓ તરીકેજ બોલાવ્યા છે.

Scanned by CamScanner

કર્નલ વૂડ—ના રે ના! તમે તમારા દિલથી જાણો છો કે તમે કાંઇ જાહેર કાર્યકર્ત્તાંઓ નથી, પણ જાહેર ઉપદ્રવ રૂપ છો.

શ્રી. મનઃસુખલાલ—અમે આવા અપમાનો સાંભળવા માટે આવ્યા નથી. અમે આ ચાલ્યા!

શ્રી. મણીલાલ—હવે મુદ્દાની વાત ઉપર આવોને!

શ્રી. મનસુખલાલ—રહો, કર્નલ વૂડ જો આપણને ખુરશીઓ ન આપે, તો આપણે ઉભા રહેવાની જરૂર નથી.

કર્નલ વૂડ—હું કાંઈ તમને ખુરશી ખુરશી આપવાનો નથી.

શ્રી. મનઃસુખલાલ—બહુ સારૂં! ત્યારે અમે જઇએ છીએ.

કર્નલ વૂડ—સાંભળો, તમને ચેતવણી આપી દઉં છું. આ ચળવળમાંથી તમે ખસી જાઓ છો કે કેમ?

શ્રી. મનઃસુખલાલ તથા મણીલાલ—બિલકુલ નહિ. શિકારનો કાર્યક્રમ બંધ રાખવો જોઇશે.

કર્નલ વુડ—યાદ રાખો, તમારે પસ્તાવું પડશે.

તેમના તરફ આ પ્રમાણે વર્તણુંક ચલાવવામાં આવ્યા પછી કર્નલ વુડના છેલ્લા શબ્દો અમલમાં મૂકાવા લાગ્યા. લોકો મોટી સંખ્યામાં એકઠા થયા હતા, અને આતુરતાથી આ મુલાકાતના પરિણામની રાહ જોતા હતા. તેઓ આનંદથી આશા રાખી રહ્યા હતા કે આખરે તેમની લાગણીઓનો યોગ્ય સત્કાર થશે ખરો. પણ જ્યારે તેમણે આ લોકો તરફ ચલાવવામાં આવેલ વર્તણુંકની હકીકત સાંભળી, ત્યારે તેઓ તદ્દન નિરાશ થઇ ગયા, અને તેમના હૃદયને સખ્ત આઘાત થયો.

તે દિવસે સાંજના બીજી જાહેર સભા મળી અને બીજે દિવસે લોકોએ હડતાળ પાળવી એવો ઠરાવ પસાર થયો.

સભાનું કામકાજ પહેલેથી છેલ્લે સુધી બહુજ શાન્તિથી ચલાવવામાં આવ્યું હતું, અને ઠેઠ સુધી ખાત્રી આપવામાં આવી હતી કે,

(૧) આ ચળવળને અસહકાર સાથે કાંઇજ સંબંધ નથી.

(૨) ના. ગવર્નરને પોતાને કાંઇપણ અપમાન પહોંચાડવાનો ઉદ્દેશ નથી.

(૩) ગમે તે જોખમે પણ સુલેહ શાન્તિ જાળવી રાખવાની છે.

બીજે દિવસે સવારે, એટલે તા. ૨૯મીને રોજ ક્રીમીનલ પ્રોસિજર કોડની ક. ૧૪૪ની રૂએ એક હુકમ પોલિટીકલ એજંટની સહીથી પ્રસિદ્ધ કરવામાં આવ્યો, જેમાં લોકોને ત્રણ દિવસ સુધી કાંઇ પણ સભાઓ કે સરઘસો કાઢવાની મનાઈ કરવામાં આવી, અને તેજ દિવસે સાંજે શ્રી મનઃસુખલાલ તથા મણીલાલને પકડીને સીધા જેલમાં લઇ જવામાં આવ્યા, તથા ત્યાં પૂરી રાખવામાં આવ્યા.

જે પોલીસ અમલદારો શ્રી.મનઃસુખલાલને પકડવાને આવ્યા હતા, તેમની પાસે તેમને પકડવાનું વારંટ હોય, તો તે બતાવવા શ્રી. મનઃસુખલાલે માગણી કરી, ત્યારે તે લોકોએ જવાબ આપ્યો કે અમારી પાસે બધું છે, પરંતુ વારંટ કાંઈ બતાવ્યું નહિ. જેલમાં લઈ ગયા પછી શ્રી. મનઃસુખલાલ અને મણીલાલ બન્નેએ જેલરને ચેતવણી આપી કે કાયદેસર વારંટ વિના તેમને રોકી રાખવાની જેલરને કાંઇજ સત્તા કે અધિકાર નથી. આથી જેલરે પેલા પોલિસ અમલદારો પાસેથી વારંટ માગ્યું, એટલે તેઓએ તેને એક બાજુ લઇ જઇને જે તાર ઉપરથી તેનને જેલમાં લાવવામાં આવ્યા હતા, તે તાર બતાવ્યો.

ફરીથી જેલરને જણાવ્યું કે તે ગેરકાયદેસર રીતે એમને પૂરી રાખતો હતો, ત્યારે તેમણે જવાબ આપ્યો કે હું તો મારી

નોકરીનું રાજીનામું આપવા માગું છું. સાંજે એજન્સી સરજન અને જેલના સુપરિન્ટેન્ડન્ટ ડૉ. હૂટન ત્યાં આવ્યા. શ્રી. મનઃસુખલાલ અને મણીલાલે તેમને બતાવી આપ્યું કે વગર વારન્ટે તેમને આમ જેલમાં પૂરી રાખવામાં આવ્યા છે તે ગેરકાયદેસર છે. ડૉ. હૂટને જણાવ્યું કે "તમને કયા ગુન્હાને માટે પકડવામાં આવ્યા છે તે હું પોતેજ જાણતો નથી, પણ કોઇક કારોબારી સત્તાની રૂએ તેમ કરવામાં આવ્યું હશે." બીજે દિવસે તેમણે જેલરને યાદ આપ્યું કે ૨૪ કલાકની અંદર તેમને કોઇ મેજીસ્ટ્રેટની સામે રજુ કરી દેવા જોઇએ; પણ જેલરે જણાવ્યું, કે "આમાં મારૂં કાંઈ ચાલે તેમ નથી." ત્રીજે દિવસે સિવીલ સ્ટેશનના મેજીસ્ટ્રેટ મી. એચ. એન. ગોસલીયા જેલમાં ગયા, અને શ્રી. મનઃસુખલાલ તથા મણીલાલને જણાવ્યું કે તમને છુટા કરવામાં આવે છે. ત્યારપછી તેમણે મુંબઇ સરકારનો એક હુકમ તેમને વાંચી સંભળાવ્યો, જેમાં તેમને ૨૪ કલાકની અંદર રાજકોટ સિવીલ સ્ટેશનની હદ છોડવાનું, અને ત્યારપછી કોઇપણ એજન્સીની હદમાં દાખલ ન થવાનું ફરમાવવામાં આવ્યું હતું.

આ હુકમ ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને પ્રાકૃતિક ન્યાયના સિદ્ધાંતોથી વિરૂદ્ધ હોવાના સબબે તે ન માનવાનો બન્ને ગૃહસ્થોએ નિશ્ચય કર્યો. તા. ૨ જી ફેબ્રુઆરીએ શ્રી. મનઃસુખલાલે પોતાનો નિશ્ચય એજન્ટ ટુ ધિ ગવર્નરને લખી જણાવ્યો. બન્ને ગૃહસ્થો તેમને આપવામાં આવેલ મુદત વીતી ગયા પછી પણ સિવીલ સ્ટેશનની હદમાં રહ્યા, અને ત્યારબાદ શ્રી. મણીલાલ પોતાની સ્વતંત્ર ઇચ્છાએ બહારગામ ગયા.

તા. ૭ મી ફેબ્રુઆરીને દિવસે મિ. મોહનલાલ પોપટભાઇ કરીને કોઈ પોલીસ અમલદારે શ્રી. મનઃસુખલાલને ઘેર આવીને તેમને જણાવ્યું કે "તમને બળાત્કારે સિવીલ

સ્ટેશનમાંથી દૂર કરવાનો મારી પાસે હુકમ છે." તે વખતે શ્રી. મનઃસુખલાલ તાવની બિમારી ભોગવતા હતા, એટલે તેમણે એવી તબિયતમાં એ રીતે ખસેડવાની સામે વાંધો લીધો. તેમણે પોતાનો વાંધો લિખીતવાર મિ. મોહનલાલને રજુ કર્યો.

બીજે દિવસે એજન્સી પોલીસ સુપરિન્ટેન્ડન્ટ મી. લેંગ, એજન્સી સર્જન ડૉ. હૂટનની સાથે શ્રી. મનઃસુખલાલના ઘેર ગયા. ડૉ. હૂટને મી. લેંગને જણાવ્યું કે તેમના ફેફસાં નબળા છે, અને તેથી કરીને તેમને શરદી થઈ આવે છે. પછી તેઓ બન્ને ગયા. પછી તરતજ મી. લેંગ એક પોલીસ ઇન્સપેક્ટરને લઇને પાછા આવ્યા, અને શ્રી. મનઃસુખલાલને જણાવ્યું કે તમારે અરધી કલાકની અંદર અહીંથી જવું પડશે. શ્રી. મનઃસુખલાલે તેમ કરવાની ના પાડવાથી તેમને બળાત્કારે ટાંગામાં બેસાડવામાં આવ્યા. તેમણે આ કામને માટે લેખીત આધાર માગ્યો, જે બતાવવામાં આવ્યો નહિ. અને તેમને જંકશન સ્ટેશને લઇ જવામાં આવ્યા. શ્રી. મહેતાને તેમની ટિકીટ ખરીદી લેવાનું કહેવામાં આવતાં તેમણે ના પાડી, એટલે પોલીસ અમલદારોએ વીરમગામની એક ત્રીજા વર્ગની ટિકીટ લીધી. શ્રી. મહેતાને પોલીસના પહેરા નીચે વિરમગામ પહોંચાડવામાં આવ્યા. વીરમગામ સ્ટેશને તેમને છોડી મૂકીને એવી ચેતવણી આપવામાં આવી કે જો તમે પાછા ફરવાનો પ્રયાસ કરશો, તો ફરીથી આજ પ્રમાણે તમારા તરફ વર્તન ચલાવવામાં આવશે.

ત્યાર પછીથી હજી સુધી તેમને એજન્સીની હદમાં દાખલ થતા અટકાવવામાં આવ્યા છે. વળી એટલાથીજ સંતોષ નહિ પામતાં અધિકારીઓએ કાઠિયાવાડના બધા દેશીરાજ્યો તરફ યાદીઓ મોકલી આપી છે, જેમાં ઉપરથી જોતાં તો આ બે ગૃહસ્થોની સામે તેમણે જે વલણ લીધું છે, તેની ખબરજ આપવામાં આવી છે,

ડૉ. પ્રદ્યુમ્ન ભ. ખાચર

Scanned by CamScanner

પણ તેમાં રટેટોએ પણ તેમના તરફ એવુંજ વલણ લેવાની ગર્ભિત સુચના રહેલી છે. આ હકીકત ઉપરથી એજન્સી અધિકારીઓનું ગેરવ્યાજબી વર્તન જણાઈ આવે છે.

આ બધી હકીકતો અત્રે લંબાણથી રજુ કરવાનો હેતુ એ છે, કે આ ગૃહસ્થોની સામે આવા સખ્ત પગલા ક્યા સંયોગોમાં લેવામાં આવ્યા છે, અને જે દલીલોથી તેમના એ કૃત્યનો બચાવ કરવામાં આવે છે, તે કેટલી વજનદાર છે, તે જનસમાજ તેમજ તેમની સાથે જેઓ સંબંધ ધરાવતા હોય, તેઓ બરાબર રીતે જાણી શકે.

તેમને હદપાર કરવામાં આવ્યા પછી આવા સ્વચ્છંદ વર્તનની સામે વિરોધ દર્શાવનારી સંખ્યાબંધ અરજીઓ સરકાર ઉપર મોકલવામાં આવી છે, વર્તમાનપત્રોમાં લડતો ચલાવવામાં આવી છે, અને અત્યારસુધીમાં જાણવામાં આવેલી અને સ્વીકારાયેલી સનદશીર ચળવળની બધી રીતિઓ વપરાઇ ખૂટી છે, પણ હજુસુધી કાંઇજ દાદ મળી નથી. કાઠિયાવાડ રાજકીય પરિષદ્ અને કાઠિયાવાડ હિતવર્ધક સભા એ બે કાઠિયાવાડના પ્રજાકીય મંડળોએ આ સ્વચ્છંદ અને ઉદ્ધત કાર્યથી કાઠિયાવાડના ખૂણેખૂણામાં જે ભયની લાગણી અને ન્યાયયુક્ત રોષ પ્રસરી રહેલ છે, તે દર્શાવનારા ઠરાવો પસાર કર્યા છે, અને વિનતિપત્રો રવાના કર્યા છે; પણ એ બધું સાંભળેજ કોણ?

મુંબઇની ધારાસભાની છેલ્લી બેઠક વખતે આ સંબંધમાં કેટલાક સવાલો શ્રી. જી. બી. ત્રીવેદીએ રજુ કર્યા હતા; પરંતુ ઓનરેબલ હોમ મેમ્બરે જે જવાબો આપ્યા, તે અસંતોષકારક અને ઉડાવનારા હતા. એ સવાલ જવાબો વાંચકોની જાણ માટે નીચે ટાંકવામાં આવ્યા છે:—

સવાલો

(क) રાજકોટ સિવીલ સ્ટેશનના શ્રી. પ્રાણલાલ વિશ્વનાથ શુક્લનો એક પત્ર તા. ૧ લી ફેબ્રુઆરીના હિંદુસ્થાનના અંકમાં કાઠિયાવાડ એજન્સી પોલિસે મી. મનઃસુખલાલ અને મણીલાલ કોઠારીની કરેલી ધરપકડના સંબંધમાં પ્રગટ થયો હતો, તે તરફ સરકારનું ધ્યાન ખેંચાયું છે?

(ख) તેઓને વગર વોરંટે પકડવામાં આવ્યા હતા, એ વાત સાચી છે?

(ग) આ લોકોને તેમના કયા ખાસ કૃત્ય માટે પકડવામાં આવ્યા હતા?

(घ) તે દિવસે રાજકોટમાં હડતાલ પાળવામાં આવી, તે ના. ગવર્નરને માટે સરનારમાં યોજવામાં આવેલ બતકના શિકાર સામે ધાર્મિક દૃષ્ટિએ વિરોધ દર્શાવવા માટે પાળવામાં આવી હતી તે વાત ખરી છે?

(च) એજન્સી અધિકારીઓનું આ કૃત્ય સરકાર વ્યાજબી ધારે છે?

(छ) જો ન ધારતા હોય, તો તેમણે પકડાયેલાઓને છૂટા કરવા માટે કાંઈ સૂચનાઓ બહાર પાડી છે?

જવાબો

ઓન. મિ. એચ. એમ. ડબલ્યુ. હેવર્ડે નીચે મુજબ જવાબો આપ્યા:—

(क) હા.

(ख) મેસર્સ કોઠારી અને મહેતાને ગવર્નર-ઇન-કાઉન્સીલ તરફથી તેમને ઇન્ડીયન ફોરિન જ્યુરિસડીક્શન ઓર્ડર-ઇન-કાઉંસીલ ૧૯૦૨ થી મળેલી સત્તાઓથી તેમજ આ બાબતમાં તેમને મંજુરી આપ-

નારી બીજી બધી સત્તાઓથી કાઢવામાં આવેલ હુકમની રૂએ પકડવામાં આવ્યા હતા.

(ગ) તેઓને પરહેજ કરવાનું કારણ એ હતું કે તેમણે આગલે દિવસે એક જાહેરસભામાં દરખાસ્ત મૂકી હતી, કે પોલીસના સંગીનોનો માર ખાવાનું જોખમ ખેડીને પણ એક પ્રતિનિધિમંડળ ના. ગવર્નરની સામે શારજોરીથી જવું કરવું. તેમના આવા કૃત્યના પરિણામે જે ખુનામરકી અને અવ્યવસ્થા થવાનો સંભવ હતો, તે અટકાવવાની જરૂરીયાત જોતાં સરકારને થોડા વખતને માટે તેમની સ્વતંત્રતા ઉપર અંકુશ મૂકવાની જરૂર જણાઇ હતી.

(ઘ) એવી કોઈ સર્વસામાન્ય હડતાળ પળાયેલી હોવાની સરકારને ખાતમી નથી.

(ચ) એજન્સી અધિકારીએ. સરકારના સીધા હુકમ પ્રમાણેજ વર્ત્યા છે.

(છ) મેસર્સ કોઠારી અને મહેતાને તા. ૧લી ફેબ્રુઆરી ૧૯૨૨ ને રોજ છોડી મૂકવામાં આવ્યા હતા.

આ ઉપરાંત કેટલાક વધારાના સવાલો વાન્ટોની તારીખ વિગેરે સંબંધના પૂછવામાં આવ્યા હતા, પણ અગાઉથી ખબર આપવામાં આવી નથી, એવી દલીલથી એ પ્રશ્નોના ઉત્તર આપવામાં આવ્યા ન હતા.

સરકારના ઉપરના જવાબો પરથી જણાશે કે શ્રી મનસુખલાલ તથા મણીલાલને પકડવામાં તથા કેદ કરવામાં આવ્યા એ હકીકતને સરકાર ન્યાયયુક્ત ઠરાવવા માંગે છે, અને તેને માટે એવી દલીલ રજુ કરે છે, કે આગલે દિવસે પોલીસના સંગીનનો માર સહન કરવાના જોખમે પણ ના. ગવર્નર પાસે બળપૂર્વક પ્રતિનિધિમંડળ રૂપે જવાની તેમણે રજુ કરેલી કહેવાતી દરખાસ્તથી સુલેહનો ભંગ

થવાની વકી હતી. સવાલ (છ)ના તેમણે આપેલા જવાબથી એવું જણાય છે, કે કંઈપણ આગળ પગલાં લેવામાં આવ્યા ન હતા, તેમના સ્વાતંત્ર્ય ઉપર માત્ર થોડા વખતને માટેજ અંકુશ મુકવામાં આવ્યો હતો, અને તેમને અંકુશમાં રાખવાની જરૂરીયાત પૂરી થઇ કે તરતજ તેમને છુટા કરવામાં આવ્યા હતા. પણ એ હકીકત રહી જાય છે, કે તેમને છૂટા કરીને તરતજ હદપાર કરવાનો હુકમ ફરમાવવામાં આવ્યો હતો, અને આ કૃત્યને માટે કાંઈપણ આધાર બતાવવામાં આવ્યો નથી. આ કૃત્ય કયા કાયદાને આધારે કરવામાં આવ્યું, તેને માટે "ઇન્ડીયન ફોરિન જ્યુરિસ્ડીક્શન ઓર્ડર-ઇન-કાઉંસીલ ૧૯૦૨, અને એ બાબતમાં સરકારને સંમતિ આપનાર બીજી બધી સત્તાઓ"નો આધાર ટાંકવામાં આવે છે.

ઉપરના કૃત્યને ન્યાયયુક્ત ઠરાવવાને માટે જે બે આધારો ટાંકવામાં આવ્યા છે, તે બન્ને અસ્થાને છે. જે શબ્દો તેમણે કહેલા જણાવવામાં આવે છે, તે ઉપર જણાવેલા રૂપમાં કહેલા હોવાની તેઓ ઇન્કાર કરે છે, છતાં પણ કદાચ તે પ્રમાણે કહેલાજ હોય, અને શાન્તિનો ભંગ, ખુનામરકી અને અવ્યવસ્થાની વ્યાજબી ધાસ્તી રહેતીજ હોય, તોપણ ક્રીમીનલ પ્રોસિજર કોડ જે કાઠિયાવાડમાં અમલમાં છે, તેના સામાન્ય કાનુન મુજબ કામ ચલાવવાને માટે પણ અધિકારીઓને પૂરા ૨૪ કલાકનો સમય હતો. તે કોડની સલામતીની કલમો, જે ધારવામાં આવેલ તાત્કાલિક પ્રસંગમાં બરાબર કામ લાગી શકે તેવી છે, તેની રૂએ પણ તેમની સામે જરૂર કામ ચલાવી શકાત, એટલે આવું સંક્ષિપ્ત અને આપખુદ પગલું લેવાને માટે કાંઇજ આધાર હોઇ શકે નહિ.

હવે કાયદા સામું જોઇએ તો, ઇન્ડીયન ફોરીન જ્યુરિસ્ડીક્શન ઓડર-ઇન-કાઉંસીલ ૧૯૦૨ની કલમો જ માત્ર વાંચી જવાથી

Scanned by CamScanner

જણાશે, કે એ કલમોથી હિન્દના ગવર્નર જનરલ-ઇન-કાઉંસીલને, જે રીતે શ્રી. મહેતા અને શ્રી. કોઠારીને પકડવામાં અને કેદ કરવામાં આવ્યા હતા, તેવી રીતે સંક્ષિપ્તપણે અને આપખુદ રીતે કોઇપણ વ્યક્તિને પકડવાની કાંઇ જ સત્તા આપવામાં આવી નથી; વળી આવી સત્તાઓ હિન્દની સરકારને શહેનશાહ પોતે પણ આપી શકતો નથી, કેમકે શહેનશાહને પણ ઇંગ્લંડના રાજ્યબંધારણની રૂએ આવી સત્તાઓ મળેલી નથી, એટલે એ સ્પષ્ટ થાય છે, કે જે સત્તાઓ હિન્દની સરકાર પોતે ધરાવતી નથી, તે સત્તાઓ તેઓ તેમની નીચેની મુંબઇની સરકારને સોંપી શકે નહિ, અને કાઠિયાવાડની અંદરની એજન્સીની હદના અમલ અને વહીવટને લગતી બધી સત્તાઓ મુંબઇ સરકારને તમને હિન્દની સરકાર તરફથી જ આપવામાં આવે છે. ઓન મી. હેવર્ડ, એક જેઓ માત્ર ઉપરનો ઓર્ડર-ઇન-કાઉંસીલજ નહિ, પણ તે ઉપરાંત રાજકોટ બાબતમાં સરકારને સંમતિ આપનારી બીજી બધી સત્તાઓનો આધાર ટાંકે છે તેઓએ પણ આ હકીકત લગભગ કબુલ રાખી છે. આ બીજી સત્તાઓ કઇ છે, અને તે કેવી રીતે મળેલી છે, તે જણાવવામાં આવ્યું નથી, એટલે સ્વાભાવિક રીતે જ માની લેવાય છે, કે આવી કોઇ સત્તાઓ હૈયાતી ધરાવતી નથી. પરિણામ એ આવે છે કે સરકારને આવું પગલું ભરવાની કાંઇ જ સત્તા નથી, એટલે આ પગલું ચોક્ખું ગેરકાયદેસર છે.

એજ દલીલો ત્યાર પછી કાઢવામાં આવેલ હદપારના હુકમની સામે તેમજ એ હુકમના અમલની સામે આ કરતાં પણ વધારે યોગ્યતાપૂર્વક લાગુ પાડી શકાય; એટલે એ બન્ને કૃત્યો પશુબળ સિવાય બીજી કોઇપણ સત્તાની રૂએ કરવામાં આવ્યા નથી.

પરંતુ ઘડીવાર આપણે માની લઇએ કે મુંબઇ સરકાર આવી સત્તાઓ ધરાવેજ છે, તોપણ એક નકશામાં નજીવું બની જ

ગણાતાં કાંઇપણ આરોપ કે તપાસણી વિના તેમજ પોતાનો બચાવ કરવાની જરા સરખી પણ તક આપ્યા વિના—જે તક એક પ્રાથમિક હક્ક તરીકે જંગલી અમલના દિવસોમાં પણ હલકામાં હલકા ગુન્હેગારનેય આપવામાં આવતી—કોઇપણ માણસને તે એજન્સીની હદમાંથી સ્વેચ્છાએ હદપાર કરી શકે, અથવા કેદ કરી શકે, એવી આ સત્તાઓ એક દિવસ પણ તેમની પાસે રહેવા દેવામાં આવે, એ અસહ્ય છે. આ ૧૯૨૨ ની સાલમાં પણ, અઢી લાખ કરતાં વધારે માણસની વસ્તીવાળો એવો એક મોટો ભાગ આ મુલકમાં પડેલો છે, જેના ઉપર બ્રિટીશ સરકારનું એક ખાતું, કોઇપણ માન્ય થયેલી કાયદાની પદ્ધતિ વિના, માત્ર એકજ વ્યક્તિ-મુંબઇના ગવર્નરની મનસ્વી ઇચ્છાનુસાર અમલ ચલાવે છે, અને જ્યાં એ ઇચ્છા લખીતવાર પ્રદર્શિત કરવામાં આવે એટલે કાયદો બને છે, અને તેની પાછળ વ્યવસ્થિત પોલિસના સિપાઇઓના રૂપમાં ખુલ્લા પશુબળનું જોર રહેલું હોય છે, એ જાણીને કોઇપણ સ્વમાન ધરાવનાર માણસને ખેદથી કંપારી છૂટયા વિના રહેશે નહિ.

ધાર્મિક લાગણીઓના જુસ્સામાં, જે દરખાસ્ત શ્રી. મનઃસુખલાલે મૂકેલી જણાવવામાં આવે છે, તેવી એક દરખાસ્ત સભામાં રજુ કરવા માટે જ એક માણસને પોતાના નિવાસસ્થાનમાંથી અનિશ્ચિત સમયને માટે હદપાર કરી શકાય છે, એ જાણતાં કાયદાને ચાહનાર દરેક મનુષ્યની લાગણીને સખ્ત આઘાત થશે. આવી સજા માત્ર કાયદા પ્રમાણે ઘણા જ ભયંકર ગણાતા ગુન્હાઓ માટે ન્યાયની અદાલતોમાં રીતસર સાબિત થયેલા ગુન્હેગારોનેજ ફરમાવવામાં આવે છે.

નામદાર લોર્ડ રીડીંગ, જેઓ ઇંગ્લંડના એક ચીફ જસ્ટીસ હતા, અને જેઓએ હિન્દના વાઇસરોયનું પદ ધારણ કર્યું, ત્યા-

રથી અત્યારસુધી કાયદાને માટે પોતાને ઘણીજ પ્રીતિ હોવાનો દાવો કર્યો છે, અને જેઓ કાયદા પ્રમાણેના ન્યાયની વાતો કરતા કદી થાકતાજ નથી, તેઓના અમલમાં આવો બનાવ બની શકે, એ ઘણુંજ ખેદજનક છે.

કાઠિયાવાડ એજન્સીના લોકોની અને દેશીરાજ્યોમાં વસતા તેમના બંધુઓની આ બાબત વિષેની લાગણીઓ, તેમજ તેમનો સ્વાભાવિક ભય અને રોષ પ્રત્યક્ષ જાણી શકાય એવો હોઇને તેનું વર્ણન આપવાની જરૂર રહેતી નથી. અગાઉ કદિ નહિ જાણવામાં આવેલો એવો ઉંડો ખળભળાટ અત્યારે તેમનામાં પ્રસરેલો છે, અને જો કે હાલમાં કાઠિયાવાડમાં મૌનવૃત્તિ જેવો દેખાવ જોવામાં આવે છે, પરંતુ તે માત્ર ઉપર ઉપરનું જ મૌન છે; લોકોના ચિત્ત બહુજ ઉદાસ છે, અને અસંતોષના મૂળ બહુ જ ઉંડા રોપાયા છે.. સરકારના બધા શુભેચ્છકોએ આ વાત ધ્યાનમાં લઇને વગર વિલંબે કંઇ ફરિયાદનો રસ્તો કરવો જોઇએ, નહિ તો વખત જતાં કાઠિયાવાડની પરિસ્થિતિ બહુજ ગંભીર સ્વરૂપ લેશે, અને તેના પરિણામો એવાં આવશે, કે જેનો અત્યારથી નિર્ણય કરવો બહુ મુશ્કેલ છે.

કાઠિયાવાડનો કોઇપણ શહેરી, જેને સ્વમાનની જરા પણ લાગણી હોય, તે આવી વસ્તુસ્થિતિમાં એક ક્ષણભર પણ સંતોષથી રહી શકે નહિ, એ દેખીતું છે; એટલે એ પરિસ્થિતિનો અંત લાવવાને માટે લોકોએ તેમનામાં વ્યવસ્થિત ઐકય દાખલ કરીને જે જે કાયદેસર પગલાં લઈ શકાય તેવા હોય, તે લેવા જોઇએ.

આ બાબતને માટે હિલચાલ ચલાવવાની નીચેની રીતિઓ સૂચવવામાં આવે છે:—

(૧) શ્રી. મહેતા તથા કોઠારીને પકડી, કેદ કરીને છેવટ હદપાર કરવામાં આવ્યા, એ બધું કાયદેસર હતું કે કેમ તે બાબતમાં સારામાં સારા ધારાશાસ્ત્રીઓની સલાહ લેવી, અને જો તેમાં જે જે અધિકારીઓનો હાથ છે, તેઓની સામે અગર મુંબઇની સરકારની સામે કાઠિયાવાડ એજન્સીની કોઇપણ અદાલતમાં, કે મુંબઇની હાઇકોર્ટમાં દિવાની કે ફોજદારી કામ ચલાવી શકાય એવું જણાય, તો તે બેલાશક શરૂ કરવું અને ધમધોકાર ચલાવવું, અને જો જરૂર જણાય, તો એ બાબતને ઠેઠ પ્રીવી કાઉંસીલ સુધી લઇ જવી. આ પત્રિકામાં આગળ કાઠિયાવાડના કાયદેસર સ્થાન બાબતમાં ચર્ચા કરવામાં આવી છે, અને કાઠિયાવાડ એજન્સીની હદ એ બ્રિટીશ મુલક છે, કે કેમ એ પ્રશ્ન હજુ ઉભો જ છે, તેમજ એજન્સીની અદાલતોમાંથી લઇ જવામાં આવેલી અપીલ પ્રીવી કાઉંસીલમાં ચલાવી શકાય છે, એ બતાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

(૨) કાઠિયાવાડ એજન્સીનો મામલો અસહ્ય છે, એ હકીકત ના. વાઇસિરોયને સમજાવવાના હેતુથી, તેમજ એજન્સીનો અમ[illegible] સુધારવાના સંબંધમાં તપાસ ચલાવવાને માટે એક કમીશન ની[illegible]વાની ના. વાઇસિરોયને અરજ કરવાના હેતુથી એક યોગ્ય પ્રતિનિધિ મંડળ ના. વાઇસરોય તરફ મોકલવું.

(૩) મુંબઈની તેમજ વડી ધારાસભાઓ મારફત ઉત્સાહપૂર્વ લડત ચલાવવી.

કાઠિયાવાડમાં એવા ઘણા માણસો છે, જેઓને ઉપરની ચળવળની પદ્ધતિમાં બિલકુલ કાંઇજ શ્રદ્ધા નથી, અને જેઓ સત્યાગ્રહ કે અસહકારની હિમાયત કરે છે. કાઠિયાવાડના લોકોને હજુ નાસીપાસ થવાનું કાંઇ કારણ નથી; અને જ્યાંસુધી ઉપર સૂચવેલી સનદશીર હિલચાલો કરી ચૂકયા છતાં કાંઇપણ દા[illegible]મ[illegible] નહિ, એ સ્થિતિએ પહોંચીએ નહિ, ત્યાંસુધી બીજા પ્ર[illegible]ા લડત શરૂ કરવી વ્યાજબી નથી.

પરિશિષ્ટ ગ.

ઈ. પિ. કોડની કલમ ૧૨૪ (એ) માં કરવામાં આવેલ ફેરફાર.

૧. કલમ ૧૨૪(એ) તથા તેમાં કરવામાં આવેલા ફેરફારોને લગતી નીચેની જાહેરાત તા. ૨૩મી ફેબ્રુઆરી ૧૯૨૨ના બોમ્બે ગવર્નમેન્ટ ગૅઝેટ, ભાગ ૧લાના પા. ૩૫૪ માં પ્રસિદ્ધ કરવામાં આવી છે.

રાજદ્વારી વિભાગ.

સેક્રેટરિયેટ, ફોર્ટ, મુંબઇ તા. ૧૭–૨–૧૯૨૨.

નં. ૧૪૪૫:—ઇન્ડીયન (ફોરિન) જ્યુરિસ્ડીકશન ઓર્ડર–ઇન–કાઉંસીલ, ૧૯૦૨ની રૂએ ગવર્નર જનરલે મંત્રીમંડળની સલાહ સાથે, હિન્દી સરકારના વિદેશીય ખાતા નં. ૨૮૫૯ આઇ. એ. ના તા. ૧૯મી જુન ૧૯૦૩ ના જાહેરનામાથી સોંપેલી સત્તાઓનો અમલ કરીને, અને આ બાબતમાં તેને મંજુરી આપનારી બીજી બધી સત્તાઓનો અમલ કરીને, તેમજ સરકારની રાજકીય વિભાગ નં. ૩૭૯૯, તા. ૧૩મી જુન ૧૯૦૪ ની, ઇન્ડીયન પીનલ કોડ (૧૮૬૦નો ૪૫મો કાયદો) ને ફેરફારો સહિત તેમાં દર્શાવવામાં આવેલા મુલકોમાં લાગુ કરવા માટેની જાહેરાતમાં ફેરફાર કરવાને માટે ગવર્નર–ઇન–કાઉંસીલને જણાવવાને ખુશી ઉપજે છે, કે:—

(૧) ઉપર જણાવવામાં આવેલી છેલ્લી જાહેરાતમાં કોઠાના બીજા કોલમમાં નીચે પ્રમાણે વધારે ફેરફારો કરવામાં આવશે.

"કલમ ૧૨૪ (એ) માં 'બ્રિટીશ હિંદ' એ શબ્દો પાછળ 'અથવા તો હિન્દના કોઇ પણ દેશી રાજ્યનો રાજ્યકર્તા

અથવા રાજ્યવહીવટ' એ શબ્દો દાખલ કરવામાં આવશે."

નામદાર ઓન. ગવર્નર–ઇન–કાઉંસીલના હુકમથી

(સહી) એ. મોન્ટગોમરિ,
સરકારના સેક્રેટરી.

૨ આથી કલમ ૧૨૪ (એ), ઉપર જણાવેલા મુલકો, જેમાં કાઠિયાવાડ એજન્સીની હદનો સમાવેશ થઇ જાય છે, તેમના સંબંધમાં આ પ્રમાણે વંચાય છે:—

"જે કોઇ માણસ ના. શહેનશાહ તરફ, અથવા બ્રિટીશ હિંદમાં કાયદાથી સ્થપાયેલી સરકાર તરફ, અથવા હિંદના કોઇપણ દેશીરાજ્યના રાજ્યકર્તા અથવા રાજ્યવહીવટ તરફ દ્વેષ, તિરસ્કાર કે અસંતોષ, બોલેલા અથવા લખેલા શબ્દો વડે ઇશારતથી, અથવા પ્રત્યક્ષ કાંઇ દેખાડીને અથવા બીજી રીતે, ઉત્પન્ન કરશે, અથવા ઉત્પન્ન કરવાનો પ્રયાસ કરશે, તેને જીંદગીસુધી અથવા તેથી ઓછી કોઇપણ મુદતસુધી દેશપાર કરવાની સજા થશે, જેની સાથે જરૂર પડે તો દંડ પણ કરવામાં આવશે; અથવા ત્રણ વરસ સુધીની કોઇપણ મુદતની કેદની સજા થશે, જેની સાથે જરૂર પડે તો દંડ પણ કરવામાં આવશે; અથવા તો દંડની સજા થશે."

ખુલાસો ૧. "અસંતોષ" એ સંજ્ઞામાં બેવફાઇ તેમજ સઘળા પ્રકારના વેરભાવનો સમાવેશ થાય છે.

ખુલાસો ૨. સરકારની યોજનામાં કાયદેસર સાધનો વડે ફેરફાર કરાવી લેવાના હેતુથી, દ્વેષ, તિરસ્કાર કે અસંતોષ ઉત્પન્ન કર્યા વગર, અથવા ઉત્પન્ન કરવાનો પ્રયાસ કર્યા

Scanned by CamScanner

વગર, તે યોજના બાબત નાપસંદગી દર્શાવવા માટે કરેલી ટીકાથી આ કલમ મુજબ ગુન્હો થતો નથી.

ખુલાસો ૩. દ્વેષ, તિરસ્કાર કે અસંતોષ ઉત્પન્ન કર્યા વગર, અથવા ઉત્પન્ન કરવાનો પ્રયાસ કર્યા વગર, સરકારના વહીવટને લગતા અથવા બીજા કોઇ કૃત્ય તરફ નાપસંદગી દર્શાવવા માટે કરેલી ટીકાથી આ કલમ મુજબ ગુન્હો થતો નથી.

વાંધાઓ.

૩. ફીતુરનો ગુન્હો જે સરકાર અગર રાજા પોતાના નથી, તેને પણ લાગુ કરીને આ પહેલીજ વાર હિંદની ફોજદારી ન્યાયશાસ્ત્રની પદ્ધતિમાં એક નવો અને તદ્દન નવીન પ્રકારનો સિદ્ધાંત ઘુસાડવામાં આવ્યો છે. આખી દુનિયાના કોઇપણ સુધરેલ દેશની ન્યાયશાસ્ત્રની પદ્ધતિમાં વિદેશીય સત્તા તરફ ફરજીઆત વફાદારી ની ચીજ જોવામાં આવતી નથી; પણ અહિંયા માત્ર કારોબારી કલમના એક સપાટાથી કાઠિયાવાડ એજન્સીની હદમાં વસતા કમનસીબ લોકો ઉપર જે રાજ્યકર્ત્તાઓ અને રાજ્યો સાથે તેમને કાંઇ લેવા દેવા નથી તેમના તરફ વફાદારી અને પ્રીતિ દર્શાવવાની વધારાની ફરજ લાદવામાં આવી છે. આપણને આથી માત્ર કાઠિયાવાડનાજ રાજાઓ અને રાજ્યો તરફ નહિ, પરંતુ આખા હિંદના બધા રાજાઓ અને તેમના રાજ્ય તરફ સ્નેહભાવ પ્રગટાવવાનું કહેવામાં આવે છે.

૪. જો કે આવો વિશાળ ક્ષેત્રવાળો અને સખત કાયદો પસાર કરવાનો હતો, તો પણ મુંબઈ સરકારે તેના હેતુઓ દર્શાવનાર હકીકત, કે તેની જરૂરીયાતો દર્શાવનાર કારણો પ્રસિદ્ધ કરવાની દરકાર પણ કરી નથી, તેમજ જે લાખો લોકોને તે લાગુ

પડે છે, તેમને માટે ખરડાના રૂપમાં તેને પ્રસિદ્ધ કરીને, તેમને તેમના વાંધાઓ અને ટીકાઓ રજુ કરવા જેટલો વખત આપવાનું પણ વ્યાજબી ધાર્યું નથી. ખાસ કરીને જ્યારે લોકોને કાયદાઓ ઘડવામાં મત પ્રદર્શિત કરવાની કાંઇ જ સત્તા નથી, ત્યારે મુંબઇ સરકારે લીધેલું આવું વલણ અપ્રતિપાદ્ય છે, અને કાઠિયાવાડના લોકમતની ઘોર અવગણના બતાવી આપે છે, જેને માટે આપણને વ્યાજબી રીતેજ ખેદ થવો જોઇએ.

૫. કાયદાઓ ઘડવામાં જે સિદ્ધાંતને અનુસરવામાં આવે છે, એ સિદ્ધાંત છેક ૧૮૩૪ની સાલમાં ઇસ્ટ ઇન્ડીયા કંપનીના ડીરેક્ટરોની કચેરીએ ૧૮૩૩ના હિન્દના વહીવટને લગતા કાયદાની સાથેના તેમના તા. ૧૦મી ડિસેમ્બર ૧૮૩૪ના ખરીતા નં. ૪૪માં નક્કી કર્યો હતો, જેના ૧૫ તથા ૧૬ મા ફકરામાં નીચે હકીકત હતી:—

ફકરો ૧૫:—" પ્રથમ સિદ્ધાંત એ છે, કે પ્રાસંગિક પ્રકારનો અગર તો કોઇ જરૂરના તાત્કાલિક પ્રસંગથી ઉપસ્થિત થએલો ન હોય, એવો કોઇપણ કાયદો તેના ઉપર પુખ્ત વિચાર અને ચર્ચા ચલાવ્યા સિવાય પસાર કરવો જોઇએ નહિ. "

ફકરો ૧૬:—" આ દેશમાં એક કાયદો મૂળ ખરડાના રૂપમાંથી એક સંપૂર્ણ ધારાના રૂપમાં પસાર થતા પહેલા વચમાં જે જે વિધિમાંથી તેને પસાર થવું પડે છે, તેની લંબાણ અને જાહેરાતને લીધે, તેમજ જે મતભેદોમાંથી એ બધું કામકાજ ચલાવવું પડે છે, તેને લીધે, ઉદ્ધત અને અવિચારી ધારાધોરણ થવાની સામે આપણને ખાત્રી

Scanned by CamScanner

મળે છે. એમાં પણ અપવાદ તો હોયજ, કેમકે કેટલીકવાર એવું પણ બને છે, કે લોકમતના દબાણને લઇને કોઈ કાયદો અપરિપક્વ સમયે હસ્તીમાં આવી જાય છે. ”

આથી અમને એ બહુ મહત્વનું જણાય છે, કે ચોક્કસ નિયમોથી એવું નક્કી કરવું જોઇએ કે કોઇપણ કાયદો છેવટને માટે સ્વીકારાયા પહેલાં તેની યોજના અગર દરખાસ્ત કાઉંસીલમાં અમુક જુદા જુદા નક્કી કરેલા ઉપક્રમોમાંથી પસાર થવી જોઇએ; દરેક ઉપક્રમમાં તેના ઉપર પુષ્કળ વાદવિવાદ ચલાવવો જોઇએ; અને દરેક વાદવિવાદની વચમાં એટલો સમયાંતર રહેવો જોઇએ, કે જેથી કરીને કાઉંસીલના દરેક સભ્યને મનન અને તપાસ કર-વાની યોગ્ય તક મળે.

૬. કાઠિયાવાડની એજન્સીની હદના કમનસીબ લોકોની બાબતમાં તો કાયદા ઘડવા માટેના આ પ્રાથમિક સિદ્ધાંતોને પણ કોરે મૂકવામાં આવ્યા છે, અને આ કાનુન દાખલ કરવામાં આવ્યા પહેલાં કારોબારી કાઉંસીલના કોઈ સભ્યની સલાહ લેવામાં આવી હતી, કે કેમ એ પણ શંકાભરેલું છે.

૭. ત્રીજો વાંધો એ છે કે બ્રિટીશ હિંદના લોકોને તેમની ખુશીમાં આવે તેવી રીતે રાજાઓ કે તેમના રાજ્યવહીવટ ઉપર ટીકા કરવા તદ્દન છૂટ હોવા છતાં પણ બ્રિટીશ હિંદની સરકાર હિંદના કોઈપણ ધારામંડળમાં આવી નવીન દરખાસ્ત પસ્તોહની જરાપણ આશા ન હોવાથી લાવી શકી નથી. પરંતુ એજન્સીની હદના લોકો જેઓ બ્રિટીશ હિંદની સરહદ પરજ વસે છે, તેમનું મોઢું આમ સજડ રીતે દાબી દેવામાં આવ્યું છે; તેનું કારણ મા ! એટલુંજ કે કારોબારી સરકાર માને છે, કે આ વારંવાર વપરાતા

ઇન્ડીયન ફોરીન જ્યુરિસ્ડીક્શન ઓર્ડરની રૂએ તેમને નિરંકુશ અને અમર્યાદિત સત્તાઓ મળેલી છે, અને તેના અમલથી તેઓ દુનિયામાં કોઇને પણ જવાબદાર રહેતા નથી અને તેથી એવી સત્તાઓનો તેઓ આવો ગેરલાભ લઇ શકે. જે કામ પોતાનાજ મુલકમાં કરવાની સરકારને હિંમત ન હોય તે કામ એક મુંગી અને બોલવાની તાકાત વગરની પ્રજાને માટે કરવું એ તેમને માટે બિલકુલ નિર્દય કૃત્ય ગણાય.

૮. ચોથો વાંધો એ છે કે ઇન્ડીયન પિનલ કોડની ઇજ્જતભંગને લગતી કલમોમાં કોઇપણ રાજા કે તેના અમલદારને દ્વેષભાવવાળા અથવા બેઇજ્જત કરે એવા હુમલાઓ સામે રક્ષણ આપનારા પૂરતા કાનુનો છે, એટલે કોઇ પણ રાજા કે તેના અમલદારને જે સરકાર તેના અમલ ઉપર કાંઇજ કાબુ ધરાવતી નથી તે સરકાર તરફથી એ કરતાં વધારે રક્ષણ મેળવવાનો હક્ક નથી. કોઇ વિદેશી રાજ્ય સામે કાંઇ રાજદ્રોહી બદનક્ષી હોઈ શકે નહિ.

૯. પાંચમો વાંધો એ છે કે લગભગ બધાજ રાજ્યકર્તાઓ બિલકુલ બિનજવાબદાર અને નિરંકુશ સત્તા ભોગવનારા હોય છે. તેમની શાસનપદ્ધતિ સાવ અંગત હોય છે. એટલે બ્રિટીશ સરકાર જેવી એક બહુજ આગળ વધેલી અને પ્રજાકીય સરકારને માટે આવા રાજ્યકર્તાઓને વધારે રક્ષણ આપવું, એ ઘણુંજ અયુક્ત છે. જ્યારે આ કલમ બ્રિટીશ હિંદમાં લાગુ પાડવામાં આવે છે, ત્યારે તે કાયદાથી સ્થપાયેલી સરકારની વિરૂદ્ધના રીતુર સામેજ લાગુ થાય છે, પરંતુ એજન્સીમાં તો તદ્દન જંગલી રાજ્યશાસન સામેના આરોપમાં પણ તે લાગુ કરવામાં આવી છે, જે પ્રકારના રાજ્યશાસનની સામે અપ્રીતિ કે તિરસ્કાર ઉત્પન્ન કરવો એ તદ્દન વ્યાજબીજ છે, એટલુંજ નહિ પણ મનુષ્યજાતની અગત્યની ફરજ

Scanned by CamScanner

છે. આંતરરાષ્ટ્રીય વ્યવહારના આ જમાનામાં કોઈપણ બહારના માણસને જે સરકાર કે રાજ્ય પોતાનું નથી તેની સામે ટીકા કરવાનો કે ચર્ચા કરવાનો કાંઈજ હક્ક નથી, એવી દલીલ કરવી એ બેવકુફી ભરેલું ગણાય. જો આવી દલીલ કબુલ રાખવામાં આવે, તો બ્રિટીશ વર્તમાનપત્રો અને બ્રિટીશ રાજ્યપ્રકરણીઓને જર્મન કે સોવિયેટ શાસનપદ્ધતિની સામે ટીકા કરતાં એકદમ અટકાવી દેવા પડે.

૧૦ છઠ્ઠો વાંધો એ છે કે જોકે સ્થાનિક સરકારની સંમતિ વિના કામ ચલાવી શકાતું નથી, પરંતુ જે રાજ્ય સંબંધ ધરાવતું હોય, તે રાજ્ય તરફની ફરિયાદ વિના કામ ન ચલાવી શકાય, એવો કોઇ કાનુન રાખવામાં આવ્યો નથી. જો સ્ટેટ સંબંધ ધરાવતું હોય, તે આગળ આવતું ન હોય અને અદાલતમાં પોતાની તપાસ થવા દેવાને ખુશી ન હોય, ત્યારે સરકારે કામ ચલાવવાની ફરજ વહોરી લેવી એ વ્યાજબી નથી. ...તમા થાય તો તે કલમમાં આવેલ ખુલાસાઓ અને બચાવના ...ાયનો અર્થ વગરના થઇ પડે, અને આરોપીને પોતાનું લખાણ કે ભાષણ એ ખુલાસાની હદમાં આવી જતું હોય, તો તેમ સાબિત કરવું મુશ્કેલ થઇ પડે.

૧૧. આ કલમ એક રીતે નિરાપેક્ષ છે, એટલે અપરાધ કે નિરપરાધીપણાનો ન્યાય બોલેલા કે લખેલા શબ્દો ઉપરથીજ કરવાનો રહે છે. તેને માટે બહુજ ઉચ્ચ સંસ્કૃતિવાળું ન્યાયખાતું જોઇએ, જે પોતાની પાસે હોવાનો કાઠિયાવાડ એજન્સી દાવો કરી શકે નહિ. સેશન્સ કોર્ટ વિચિત્ર રીતે રચાએલી છે; તે સ્ટેટોના ત્રણ કે ચાર પ્રતિનિધિઓની બનેલી હોય છે, અને તેના પ્રમુખપદે એજન્ટ ટુ ધિ ગવર્નરનો ન્યાયવિષયક મદદનીશ હોય છે. રાજ્યના પ્રતિનિધિઓ બધા અદાલતના સભ્યો હોય છે, અને તેમને ચુકાદામાં તેમજ સજા ફરમાવવામાં નિર્ણયાત્મક અવાજ હોય છે.

આમ એકજ માણસ કામ ચલાવનાર અને ન્યાયાધીશ એ બન્ને સ્થાને હોય છે. વળી આ રાજ્યોના પ્રતિનિધિઓ બધા જુદા જુદા રાજ્યોના મેજીસ્ટ્રેટો હોય છે, અને કેટલીકવાર તો અંગ્રેજીનો એક આંકડો પણ નહિ જાણનારા તાલુકદારો હોય છે; આમાંના કેટલાક મેજીસ્ટ્રેટો બિલકુલ લાયકાત વગરના અને કાયદાના પ્રાથમિક સિદ્ધાંતોથી પણ અજ્ઞાન હોય છે, અને ભાગ્યેજ માસીક રૂા. ૭૫ થી ૧૦૦ ને લાયક હોય છે. તેમની નોકરીનો આધાર તેમના રાજાઓની મહેરબાની ઉપર હોય છે. આવા માણસોને કલમ ૧૨૪ (એ) જેવી ભારે ગુંચવણવાળી અને અધરી કલમની રૂએ ન્યાય આપવાનું કામ સોંપવામાં આવ્યું છે. આ ચુકાદા ઉપર મુંબઈ સરકારમાં અપીલ લઈ જઈ શકાય છે એ ખરૂં, પણ તેઓજ મંજુરી આપનાર તેમજ અપીલ સાંભળનાર હોઇને વળી પાછી એકજ વ્યક્તિ કામ ચલાવનાર અને ન્યાયાધીશ એ બન્ને સ્થાને આ... છે. એ પણ ધ્યાનમાં લેવું જોઇએ કે મુંબઈ સરકાર પાસે આ... અપીલની તપાસ ચલાવવાનો આપણને કાંઈ કાયદેસર હક્ક નથી. આ પદ્ધતિ ડો. સર સેતલવાડ કારોબારી કાઉન્સીલમાં દાખલ થયા, ત્યારપછી દાખલ થઇ છે, પણ તે માત્ર એક મહેરબાનીની વાતજ ગણવામાં આવે છે, અને નામદાર સર સેતલવાડ માત્ર જે કેસો ના. ગવર્નર તરફથી તેમના તરફ મોકલવામાં આવે છે, તેજ કેસો સાંભળે છે; અને ના. ગવર્નરની પોર્ટફોલીયોમાંજ આખા કાઠિયાવાડના કામકાજેનો સમાવેશ થઇ જાય છે.

૧૨. સૌથી વિશેષ ગંભીર વાંધો તો એ છે કે રાજા અથવા તો રાજ્યતંત્ર એની કયાંએ પણ વ્યાખ્યા આપવામાં આવી નથી. આ કલમની મર્યાદામાં રહીને રાજા કોને કહેવો અને કોને ન કહેવો એ જણાવવામાં આવ્યું નથી. પહેલા વર્ગથી સાતમા વર્ગ સુધીની ઓછીવત્તી હકુમતો ભોગવતા કમમાં કમ આશરે ૭૦ રાજો

ડૉ. પ્રદ્યુમ્ન ભ. ખાચર

Scanned by CamScanner

કાઠિયાવાડમાં છે. ચોથા વર્ગના રાજ્યોનો અધિકાર પહેલા વર્ગના મેજીસ્ટ્રેટ જેટલો છે. અને સાતમા વર્ગના રાજ્યોનો અધિકાર પંદર દિવસની કેદ આપવાની સત્તાથી વિશેષ નથી. આ બધા ન્હાનકડા તાલુકદારોને શહેનશાહ અને બ્રિટીશ હિન્દમાં કાયદાથી સ્થપાયેલા તેના રાજ્યતંત્રની કક્ષામાં મૂકવા છે? આનાથી વિશેષ હાસ્યાસ્પદ અને બેહુદું બીજું કાંઇ હોઇ શકે ખરૂં!

૧૩. વળી અહિં "હિંદુસ્થાનના રાજ્યોના રાજ્યતંત્ર" એ શબ્દો વાપરવામાં આવ્યા છે. હિંદુસ્થાનના બીજા ભાગના રાજ્યોમાં કયા પ્રકારના રાજ્યતંત્રો ચાલે છે, તેની અમને ખબર નથી, પણ કાઠિયાવાડના રાજ્યતંત્રોના સંબંધમાં તો જરૂર કહી શકાય કે જે અર્થ રાજ્યતંત્રનો સમજવો જોઇએ, તેવા રાજ્યતંત્ર જેવું કશું એ અહિં નથી. ગમે તેવો અભણ અને મૂર્ખ રાજા હોય કે જે એક ક્ષણભર રાજ્યની લગામ હાથમાં રાખવા નાલાયક હોય, તેના હાથમાં રાજ્યની સંપૂર્ણ સત્તા હોય છે, અને ઘણાખરા ન્હાના રાજ્યોમાં તો રાજાઓના ખુશામતીયાઓ જ રાજ્યના અમલદારો બને છે. કાયદાનો કક્કો પણ ન જાણનારા માણસો ન્યાયાધીશો અને મેજીસ્ટ્રેટો બની બેસે છે. આ કલમના હેતુઓ માટે આવા માણસો મળીનેજ રાજ્યતંત્ર કહેવાય છે. આવા ઘણા રાજ્યોમાં ડિસ્ટ્રીકટ અને સેશન્સ જજના હોદ્દાઓ ધરાવતા માણસોને મહીને ૩૫ થી ૫૦ રૂપીયાનો પગાર મળતો હોય છે; મહીને દહાડે ૧૨ રૂપીયાનો પગાર મેળવતા માણસો પોલીસ સુપરિન્ટેન્ડન્ટની જગ્યાએ હોય છે, અને આવા માનવંતા રાજ્યોના વરીષ્ટ ન્યાયાધિકારીઓને પણ રૂા. ૭૫ થી વધારે માસીક પગાર મળતો હોતો નથી. આવા સર્વ સુયોગ્ય સજ્જનોના મંડળોને ક. ૧૨૪ (એ) મુજબ રાજ્યતંત્ર કહેવામાં આવે છે, અને તેમને બ્રિટીશ હિન્દમાં કાયદાથી સ્થપા-

યેલી સરકારની સમાન કક્ષામાં મૂકવામાં આવે છે. આ વાતજ એટલી બેહૂદી છે કે તેનું વિશેષ વિવેચન વ્યર્થ છે.

૧૪. આ કલમ દાખલ કરવાથી લોકોનો અવાજ બરોબર શાન્ત થઇ શક્યો હશે, પણ એતો જાણીતી વાત છે, કે ઘણા રાજ્યોમાં અસહ્ય જુલ્મ ચાલી રહ્યો છે, અને તેની પ્રજાઓમાં ભારે અસંતોષ ફેલાઈ રહ્યો છે. જાહેર વર્તમાનપત્રો દ્વારા અને જાહેર સભાઓ દ્વારા તેમના દુઃખો પ્રકાશમાં લાવવાની છૂટ આમ કાપી લેવામાં આવી હોવાથી અસંતોષના મૂળ ઉંડા જવાના છે. લોકોનો આત્મા જાગૃત થયો છે, તે આમ સહેલાઈથી શાન્ત નહિ થઇ શકે. સહનશીલતા અને ધીરજની હદ હવે આવી રહી છે.


૧૫. બ્રિટીશ હિન્દના પ્રજાજનો જેટલાજ સંસ્કારી અને કેળવાયેલા લોકોને ૧૨૪ (એ) નો એજન્સીની હકુમતમાં થયેલો આ પ્રકારનો અમલ સ્પષ્ટ રીતે અપમાનકારક લાગે એ સ્વાભાવિક તેમની સામે આ એક જબરદસ્ત હુમલો છે. દેશીરાજ્યોના માંવધુને વધુ અસંતોષ ફેલાતો જાય છે, એ વાત ખરી હોય, -અને એ ખરીજ હોવી જોઈએ-તો તો આ પગલું ખરી રીતે રાજાઓ અને તેમના રાજ્યતંત્ર પરજ એક તહોમત રૂપ છે. હવે પરિસ્થિતિ ઉલટાવીને તપાસીએ તો લોકોને નહિ, પણ રાજ્યોનેજ પોતાનો બચાવ શોધવા જવું પડે એમ છે, આ મુંઝવણમાંથી કોઈ આરો નથી. જો અપ્રીતિનો પવન ખરેખરજ ફુંકાઇ રહ્યો હોય, તો તેનું કારણ કોઇ વજનદાર ફરિયાદ હોવી જોઇએ. અને આવી ફરિયાદનો ઇલાજ દમનનીતિથી થઇ શકેજ નહિ.

પ્રખ્યાત ન્યાયશાસ્ત્રી અને રાજ્યનીતિજ્ઞ ડૉ. રાશ બિહારી ઘોશના નીચેના ચિરસ્મરણીય શબ્દો જે ઉચ્ચારાયા પછી બરાબર છજ હીને સત્ય ઠર્યા હતા, તે મુંબઇ સરકારને યાદ આપીએઃ—

"લોકોના અવાજને તમે ગુંગળાવી નાખી શકોછો ખ
-તેમને ચૂપ કરી શકોછો ખરા, પણ તે અશુભસૂચ
ચૂપકીદીથી ચેતજો. વસ્તુતઃ તે શાન્તિ નથી; એ ભ્રમ
પડશો નહિ. રાજદ્રોહી સભાઓ બંધ કરવી એની કિંમ
પણ તમારે ભારે આપવી પડશે."

નં. ૭૨, એપોલો સ્ટ્રીટ, કોટ,
મુંબઇ.
તા. ૧૫ જુન, ૧૯૨૨.

પોપટલાલ લવજી ચુડગર,
હાઇકોર્ટ વકીલ.




ડૉ. પ્રદ્યુમ્ન ભ. ખાચર

Scanned by CamScanner

પ્રાચીન-અર્વાચીન જૂનાગઢનો સચિત્ર ઈતિહાસ


તસવીરોમાં જૂનાગઢ



ડૉ. પ્રદ્યુમ્ન ભ. ખાચર
ડૉ. ધીરૂભાઈ પી. વાળા

Scanned by CamScanner





સૌરાષ્ટ્રનો ગૌરવવંતો ઇતિહાસ




લેખક

ડૉ. પ્રદ્યુમ્ન ભ. ખાચર





Scanned by CamScanner



કાઠીઓ અને કાઠિયાવાડ













પ્રા. ડૉ. પ્રદ્યુમ્ન ખાચર

Scanned by CamScanner

કાઠિયાવાડ સર્વસંગ્રહ
















કર્નલ જે. ડબલ્યુ. વૉટસન

Scanned by CamScanner

કર્નલ જે. ડબલ્યુ. વૉટસન કૃત

કાઠિયાવાડ સર્વસંગ્રહ

ઈ.સ.૧૮૮૬

સંપાદન

પ્રા.પ્રદ્યુમ્ન ભ. ખાચર

અધ્યક્ષ

ઈતિહાસ વિભાગ,

ડો.સુભાષ મહિલા કોલેજ,

મનોરંજન કંપાઉન્ડ,

જૂનાગઢ.

પ્રકાશક

પ્રા.સુરેશભાઈ સી.પારેખ

એ-૫૦૪ મોતી પેલેસ,

રાયજીબાગ સામે,

જૂનાગઢ. ફોન : ૦૨૮૫-૨૬૭૨૩૩૪

Scanned by CamScanner

હરિ હરખિયા કાઠીને જોઇ, કહે કાઠી જેવા નહીં કોઇ,
કાઠી માયાળુ ને શૂરા, પ્રેમભક્તિ વિશે પૂરા.





સ્વામિનારાયણ સંપ્રદાયમાં કાઠી દરબારોનું પ્રદાન




ડૉ. પ્રદ્યુમ્ન ભ. ખાચર

Scanned by CamScanner

ગિરનારનો ઈતિહાસ

ડૉ. પ્રદ્યુમ્ન ભ. ખાચર



Scanned by CamScanner

સોરઠ સરકાર

નવાબ મહાબતખાનજી



લેખક
ડૉ. પ્રદ્યુમ્ન ભ. ખાચર

Scanned by CamScanner

ઇતિહાસ એટલે ?



પ્રદ્યુમ્ન ભ. ખાચર

Scanned by CamScanner

પ્રાચીન ભારતના વિદેશીયાત્રી



: લેખક :

પ્રા. પ્રદ્યુમ્ન બી. ખાચર



સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
રાજકોટ

Scanned by CamScanner

ભૂચર મોરીની લડાઈ



: લેખક :

પ્રા.પ્રદ્યુમ્ન બી. ખાચર

Scanned by CamScanner

ભાભી રાજવંશના ગીતો











- ડૉ.પ્રદ્યુમ્ન ભ. ખાચર

Scanned by CamScanner

કાઠી ઈતિહાસ અને સંસ્કૃતિ



ભાયાવાળા
બગસરા



આલાખાચર
જસદાણ





રાવતવાળા
બિલખા




નાજાવાળા
બિલખા

લેખક :- પ્રદ્યુમ્નકુમાર ભગુભાઈ ખાચર

Scanned by CamScanner

તવારીખ



પ્રદ્યુમન ભ. ખાચર

Scanned by CamScanner











ઈતિહાસ વારિધિ



ડૉ. પ્રદ્યુમ્ન ખાચર

Scanned by CamScanner

ઇતિહાસ મંજૂષા

- ડૉ.પ્રદ્યુમ્ન ભ. ખાચર











Scanned by CamScanner

સોરઠની વિદ્યાપીઠ બહાઉદ્દીન કોલેજ








લેખક : પ્રા. પ્રદ્યુમ્ન ભ. ખાચર

Scanned by CamScanner

ઈતિહાસ સુમન



: લેખક :
પ્રા. પ્રદ્યુમ્ન બી. ખાચર

Scanned by CamScanner

કાઠીયાવાડ ના રાજવીઓ



પ્ર. ભ. ખાચર
પી. આર. મારૂ

Scanned by CamScanner

સૌરાષ્ટ્ર-ગુજરાત ના શાસકોની વંશાવળીઓ

: સંયોજક :
પ્રા. પ્રદ્યુમ્ન. ભ. ખાચર

પ્રકાશક
સૌરાષ્ટ્ર કચ્છ ઇતિહાસ પરિષદ
જૂનાગઢ.

Scanned by CamScanner

લેખક

ડૉ. પ્રદ્યુમ્ન ભ. ખાચર

અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ,

ડૉ. સુભાષ મહિલા કોલેજ

જૂનાગઢ

પ્રકાશક

ડૉ. પ્રદ્યુમ્ન ભ. ખાચર

'શિવશક્તિ' વાલાણી નગર,

પ્લોટ નં. ૧૪, શેરી નં : ૨ જૂનાગઢ

ઈમેલ : **pkhachar@gmail.com**

મો. ૯૮૭૯૪૨૧૦૨૫

Scanned by CamScanner